श्रीसदुपदेशश्रेणी.

(सदुपदेश ४८ मो.)

कार्तिकी चतुर्दशी महोत्सव

१९७९

श्रीश्रेयस्साधकअधिकारिवर्गग्रंथावलि-ग्रंथांक १००.

—સંવત્ ૧૯૭૯ ના કાર્તિક કૃષ્ણ ચતુર્દશીના ૧૨૬ મા મહોત્સવ નિમિત્ત—

श्री सदुपदेशश्रेणी.

[सदुपदेश ४८ मो.]

—વિષયાનુક્રમણિકા—

—પ્રવર્તક—

श्रीमद् उपेन्द्र भगवान्.

—વડોદરા—

—પ્રકાશક—

श्रीश्रेयस्साधकअधिकारिवर्गतरफथी

જેઠાલાલ દેવશંકર દવે.

—અમદાવાદ—

શ્રી ભાગ્યોદય પ્રિન્ટીંગ પ્રેસમાં જેઠાલાલ દેવશંકર દવેએ છાપ્યું.

ખ ડીઆ-અમદાવાદ.

સંવત્ ૧૯૭૯. આવૃત્તિ ૧ લી. ઇ. સ. ૧૯૨૨.

મૂલ્યઃ રૂા. ૦-૧૦-૦.

પ્રસ્તાવના.

સંવત ૧૯૭૯ના કાર્તિક કૃષ્ણ ચતુર્દશીનો વડોદરામાં શ્રી શ્રેયસ્સાધકઅધિકારિવર્ગનો ૧૨૬ મો મહોત્સવ નિયમાનુસાર પાલન કરવામાં આવ્યો હતો. તે પ્રસંગને માટે તૈયાર કરાવવામાં આવેલા લેખો, વ્યાખ્યાનો વગેરે શ્રેયસ્સાધકો તથા અન્ય સજ્જનોને અર્થે પ્રકટ કરવામાં આવ્યા છે.

સંવત ૧૯૭૯ કાર્તિક
કૃષ્ણ ૧૪—શનિવાર.
વડોદરા.

श्रीश्रेयस्साधकअधिकारिवर्ग.

॥ ॐ श्रीँ ॥

श्री सदुपदेशश्रेणी.

अष्टचत्त्वारिंशत्तम सदुपदेश.

मनुष्यजीवनमां भक्तिनी आवश्यकता.

આ શ્રેયસ્કર ચિંતનના આરંભમાં જેમની ભક્તિની મનુષ્યમાત્રને આવશ્યકતા છે, જેમની ભક્તિ મનુષ્યોના અભ્યુદય તથા નિઃશ્રેયસ ઉભયને સાધનાર છે, જેમની ભક્તિ સર્વ વિપત્તિથી નિસ્તાર કરી સાચી સંપત્તિની વૃષ્ટિ મનુષ્યોપર કરે છે તે શ્રીપરમાત્મસ્વરૂપ શ્રીસદ્‌ગુરુશ્રીનાં તથા તેમનાથી અભિન્ન શ્રીમદ્ ઉપેન્દ્રભગવાનનાં ચરણકમળમાં પુનઃ પુનઃ નમન કરૂં છું.

પરમપ્રિય શ્રી સાધક બંધુઓ !

આ વ્યાખ્યાન ગયા શ્રીસાધનસમારંભપર આપવામાં આવ્યું હતું પણ તે લખેલું નહિ હોવાથી પ્રકટ કરી શકાય તેવી સ્થિતિમાં તે વખતે નહોતું. તેથી શ્રીઇષ્ટશ્રીની આજ્ઞાને શિરસા વહન કરતાં એ વ્યાખ્યાનને લેખના રૂપમાં પરિવર્તન કરી આજે શ્રીઇષ્ટશ્રીનાં ચરણકમળમાં અર્પણ કરૂં છું.

આ વિષયમાં કેટલાકના મતપ્રમાણે ઐકયાય જણાતું હશે અને તેથી એ વિષયની ચર્ચા તેમને અસ્થાને પણ લાગે. પણ જનસમાજનાં

મતો જોતાં તેવું માનવા સબળ કારણ જણાતું નથી. હાલ ઘણા મનુષ્યો **नान्यःपंथा विद्यते अयनाय** મોક્ષમાટે બીજો માર્ગ જ્ઞાન શિવાય નથી, **ज्ञानादेव हि मुक्तिःस्यात्**–જ્ઞાનમાત્રથી જ મુક્તિ થાય છે એ આદિ શાસ્ત્રવચનોપર ભાર દઇ એવું સમજતા જણાય છે કે મોક્ષમાટે–નિઃશ્રેયસ્‌માટે ભક્તિની આવશ્યકતા નથી અથવા છે તો નિકૃષ્ટ અધિકારીમાટે જ છે, ઉચ્ચ અધિકારીમાટે નથી. ઉચ્ચ અધિકારિઓ તો તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી, હું બ્રહ્મ છું અને જગત્ મિથ્યા છે–થયું જ નથી એ જ્ઞાન પ્રાપ્ત કરી તત્કાલ જ મોક્ષ પામે છે. અભ્યુદયને માટે પણ ભક્તિની આવશ્યકતા નથી પણ લૌકિક અર્થની સિદ્ધિ લૌકિક ઉપાયથી જ થાય છે અને ભક્તિ એ મિથ્યા કાલક્ષેપ કરવાનું દ્વાર છે એવું હાલની પ્રજામાંથી કેટલાકનું મત છે. તેથી આવી સ્થિતિમાં ભક્તિની આવશ્યકતા સર્વત્ર સુસિદ્ધ છે એમ કહી શકાય તેમ નથી અને તેથી એની આવશ્યકતા છે કે નહિ અને છે તો કેવી રીતે છે તે પ્રશ્ન સાવકાશ રહે છે અર્થાત્ એ વિચાર કર્તવ્યરૂપ ઠરે છે.

આ વિષયમાં શાસ્ત્રપ્રમાણ જોવું એ એક માર્ગ છે અને તે મુખ્ય માર્ગ છે એ સાચી વાત છે. સર્વહરધિગમ વિષયોપર છેવટનો પ્રકાશ પાડનાર આર્ષ દૃષ્ટિવડે કરેલા સિદ્ધાન્તોરૂપ શાસ્ત્ર છે એ નિર્વિવાદ છે. જે વિષય ઈતર પ્રમાણોના ગોચરરૂપ થઇ શકતા નથી ત્યાં શાસ્ત્રનું અવલંબન કરવું એ એક જ ઉપાય રહે છે અને એ ઉપાયવડે જ શાસ્ત્રનું જ્ઞાન થઈ નિર્ભ્રાન્ત પ્રવૃત્તિ થઇ તે સફલ થવાનો યોગ આવે છે એ સર્વાંશે સત્ય છે. પણ શાસ્ત્રવચનોનો સમન્વય કરવો એ સર્વને માટે સુલભ નથી. ખાસ કરીને જ્યાં ભિન્ન ભિન્ન દૃષ્ટિબિન્દુથી ભિન્ન ભિન્ન દેખાતા અર્થોનું કથન શાસ્ત્રમાં કરેલું હોય છે, ત્યાં પ્રતિપાદિત સર્વની સિદ્ધિમાટે, તેમાં પ્રવૃત્તિમાટે રોચક વાક્યરૂપ અર્થવાદ વાક્યો બહુશઃ લખવામાં આવેલાં હોય છે. ત્યાં એ સર્વનો વિવેક કરવો, એ સર્વ વચનોની મીમાંસા કરવી અને નિષ્કૃષ્ટ અબાધિત સિદ્ધાન્ત કાઢવો એ સામાન્ય મતિનું કામ નથી. વળી આ સંબંધમાં એ પણ જણાવવું જોઇએ કે આવી મીમાંસા કરનાર સમર્થ આચાર્યો ભારતભૂમિપર પ્રસંગવશાત્ થયા છે અને થતા રહે છે. તોપણ તેમને પણ પોતાનાં મત હોય છે અને ઘણીવાર એ પૂર્વથી બાંધેલા યત્નને લીધે શાસ્ત્રનો તાત્પર્યાર્થ જોવાને બદલે તેમની મતિ

સ્વસિદ્ધ મતનું જ તેમાં નિરીક્ષણ કરે તો તે જીવસ્વભાવથી ઉચિત જ છે. આ સાથે સમર્થ આચાર્યો કેવળ સત્ય જણાવી વિરમવું એટલો જ ઉદ્દેશ રાખતા નથી પણ પોતે જે સમયે થયા હોય છે તે સમયની સ્થિતિની તેમનાપર અવશ્ય અસર થાય છે; તે સમયમાટે શું કર્તવ્ય છે, કયો સિદ્ધાન્ત તે સમયની પ્રજાજનની સ્થિતિ જોતાં સ્થાપવા યોગ્ય છે એનો વિચાર તેમને અવશ્ય આવે છે અને તે આ કારણોને લીધે તેઓ સાચા સિદ્ધાન્તના સારા જ્ઞાનવાળા છતાં, સાચા સિદ્ધાન્તને નિષ્પક્ષપાતપણે ગ્રહણ કરેલો હોવા છતાં તેમને તે સમય-માટે અમુક સાધનપર વિશેષ ભાર દેવાની ફરજ પડે છે અને ઇતર સાધનને તે સમયમાટે ગાૈણ કરવું પડે છે. આ આદિ કારણોથી તેમના વચનોનો પણ સમન્વય કરવાનું અને સામયિક સિદ્ધાન્તને બાદ કરી, વસ્તુસ્થિતિના સિદ્ધાન્તનું જ્ઞાન મેળવવાનું કામ કઠિન થઈ રહે છે; સારાંશ કે એ વચનોમાંથી પણ સત્ય જાણી લેવામાં એ મતિની સૂક્ષ્મતા જોઇએ છે. તેથી ભિન્નભિન્ન વાક્યોને ઉદાહરણ કરી, તેને મુખપાઠ કરી અમુક આચાર્યે અમુક કર્યું છે અને અમુક સિદ્ધાન્ત સ્થાપ્યો છે અને અમુક સાધનને તિલાંજલિ આપી છે એવું કહેવું કે માનવું ભૂલભરેલું છે. તેથી આરંભમાં શાસ્ત્રવચનોવડે આ વિષયમાં પ્રવેશ ન કરતાં માનુષ યંત્ર શું છે અથવા કયા પ્રકારનું છે એ તપાસી તેનાથી કયો અર્થ સિદ્ધ થાય છે તે તપાસવું ઉચિત છે અને પછી શાસ્ત્રના સિદ્ધાન્તો કેવા પ્રકારના છે તે જોવાનું રાખવું યોગ્ય છે.

ત્યાં મનુષ્ય એટલે સ્થૂલ શરીર એવું તો નથી જ. મનુષ્યમાં માત્ર સ્થૂલ શરીરનો જ સમાવેશ થતો હોય એવું કોઇ માનતું કે સ્વીકારતું નથી. સ્થૂલ શરીરની હલનચલનાદિ ક્રિયાઓમાં માનુષ જીવન પરિસમાપ્ત થતું નથી. સ્થૂલ શરીરની હલનચલનાદિ ક્રિયાઓઉપરાંત મનુ-ષ્યમાં જ્ઞાનશક્તિ છે અને એ હલનચલનાદિ ક્રિયાઓના કરતાં પ્રધા-નપદ ભોગવે છે. પ્રથમ તો હલનચલનાદિ ક્રિયાઓના પ્રેરકરૂપ એ જ્ઞાનશક્તિ છે. જ્ઞાનશક્તિવડે જ્યારે જ્ઞાન થાય છે ત્યારે તે જ્ઞાનને અનુરૂપ ક્રિયાઓમાં શરીર પ્રવૃત્ત થાય છે. હાથપર મચ્છર બેઠો છે એ જ્ઞાન થાય છે ત્યારે પછી જ તેને ઉડાવી દેવા હસ્તને પ્રવૃત્ત કરાય છે. શરીરમાં કોઇ પણ સ્થલે વેદનાનું જ્ઞાન થાય છે ત્યારે પછી એ વેદનાને દૂર કરવા ઔષધ ગ્રહણ કરવા માટેની વિવિધ પ્રવૃ-ત્તિઓ જન્મને પામે છે. બુદ્ધિવડે અમુક કરવું એવા નિશ્ચયરૂપ જ્ઞાન

થાય છે ત્યારપછી જ તે નિશ્ચયને અનુસરીને તે દિશામાં મનુષ્ય પ્રવૃત્ત થાય છે. મારે વિદ્યાભ્યાસ કરવો છે એવો નિશ્ચય પ્રથમ વિદ્યાર્થી કરે છે ત્યારપછી જ તે પુસ્તકનો ક્રમ કરવા, તેને ગ્રહણ કરવા, શાળામાં જવા આદિ પ્રવૃત્તિઓને સેવે છે. વ્યાપારી અમુક વ્યાપાર મારે કર્તવ્ય છે એવા જ્ઞાનને પામે છે ત્યારે જ પછી તે તે વ્યાપારને અનુકૂળ પ્રવૃત્તિમાન્ થઈ રહે છે. આ આદિ વિચારથી સ્પષ્ટ થશે કે જ્યાં ત્યાં જોતાં જ્ઞાન એ પ્રવૃત્તિના હેતુરૂપ થાય છે તેથી કેવળ હલન-ચલનાદિ સ્થૂલ શરીરની ક્રિયાના કરતાં એ પ્રધાનપદ ભોગવે છે. લોકમાં બુદ્ધિની ન્યૂન સંપત્તિવાળા મજુરાદિ વર્ગના મનુષ્યના કરતાં બુદ્ધિ-સંપન્ન વિદ્વાનની ભિન્ન પંક્તિમાં જ ગણતરી થાય છે. જંગલી પ્રજા અને સુધરેલી પ્રજા એ બેમાં સુધરેલી પ્રજામાં જ સર્વને ગણાવાની ઇચ્છા હોય છે. તું અજ્ઞાન છે, મૂર્ખ છે એવું સાંભળતાં શ્રોતાની આંખ વક્તાની સામે ડોળા કાઢી રહે છે. તેથી કર્મશક્તિ—ક્રિયાશક્તિના કરતાં જ્ઞાનશક્તિનું પ્રાધાન્ય સર્વત્ર સ્વીકારાતું જણાય છે. શાસ્ત્ર-પ્રમાણે પણ જ્ઞાન એ સત્ત્વગુણનું કાર્ય ગણાયું છે ત્યારે ક્રિયા અથવા કર્મ એ રજોગુણનું કાર્ય છે. તેથી મનુષ્યમાં સ્થૂલ શરીરના ઉપરાંત એને બુદ્ધિતત્ત્વની પ્રાપ્તિ થઇ છે એ એનો મહાન્ વિભવ છે.

આમ છતાં સ્થૂલ દશ્ય શરીર અને બુદ્ધિ એટલામાં જ મનુષ્ય પરિસમાપ્ત થતું નથી. પ્રવૃત્તિમાં જ્ઞાન જેમ હેતુ છે તેમ એનાથી ઇતર કોઈ સત્તા પણ હેતુ છે એ સ્વલ્પ વિચારથી સ્પષ્ટ થાય તેમ છે. જ્ઞાન-માત્ર જ જો પ્રવૃત્તિનો હેતુ હોય તો પ્રવૃત્તિ સાદા જ્ઞાનને અનુસરી જ થવી જોઇએ, પણ તેમ હોતું નથી. એક પ્રસંગે નહિ પણ અનેક પ્રસંગે જ્ઞાનનો પ્રકાર એક હોય છે અને પ્રવૃત્તિની દિશા જૂદી હોય છે. **जानामि पुण्यं न च मे प्रवृत्तिः जानामि पापं न च मे निवृत्तिः**—પુણ્ય શું છે તે હું જાણું છું પણ મારી તેમાં પ્રવૃત્તિ થતી નથી, પાપ શું છે તે હું જાણું છું છતાં તેનાથી હું નિવૃત્ત થઇ શકતો નથી એ શ્લોક સ્પષ્ટપણે વસ્તુસ્થિતિ જણાવે છે. અનેક મનુષ્યો સન્માર્ગને જાણનાર હોવા છતાં અસન્માર્ગને સેવનાર થઈ રહે છે અને અસન્માર્ગને જાણતાં છતાં તેનાથી નિવૃત્ત થતા જણાતા નથી. લાંચ લેવી અથવા આપવી એ નિષિદ્ધ છે, એ ગુન્હો છે એ જાણનાર છતાં સર્વ મનુષ્યો એનાથી કેવલ નિવૃત્ત થયેલા જણાય છે? નહિ. મન, વાણી અને કાયાથી કોઈને પણ દુઃખની ઉત્પત્તિ કરવી એ અધઃપતન કરનાર છે,

નિષિદ્ધ છે, હિંસારૂપ કર્મ છે, એ જાણનાર છતાં પ્રસંગ-આવે કેટલા એ હિંસાથી નિવૃત્ત રહી અહિંસાવ્રતને સેવન કરનારે છે ? આ જ્ઞાન છતાં ઘણાયે મનુષ્યો તેના પર કોઈ પણ સાચા કે મિથ્યા કારણથી ક્રોધવશ થઈ જાય છે તેને વાક્પ્રહાર કરવા મચી પડે છે, મનવડે તેના અશુભનો સંકલ્પ કરે છે અને ક્રોધ વધે છે તો તાડનાદિ શારીરક્રિયા પણ કરતાં સંકોચ સેવતા નથી. અસત્ય સર્વ પ્રકારે નિષિદ્ધ છે, પાપરૂપ છે, એ જ્ઞાનનો પાઠ બાલ્યાવસ્થાથી શીખતા આવનાર મનુષ્યો પણ ઘણે પ્રસંગે સત્ય ભાષણ કરતાં સંકોચ પામી જાય છે અને ઘણીવાર જાણે જાણતા જ નહિ હોય તેમ નિડરપણે અસત્ય ભાષણ કરવા મચી પડે છે એટલું જ નહિ પણ એવે પ્રસંગે હાનિ સહન કરી સત્ય ભાષણ કરનારને કેટલાક ડાહ્યા માનતા—મનાતા મનુષ્યો અણઆવડતું ગણી કાઢવા તત્પર થઈ રહે છે. દરદીઓ કુપથ્યને કુપથ્યરૂપ જાણતા છતાં કેટલી વાર સેવન કરે છે ? વ્યસની મનુષ્યો તેને, વ્યસનને નિંદ્ય જાણતા છતાં તેનાથી બચવા કેટલીવાર શિથિલ પ્રયત્નવાળા થઈ રહે છે ? પરદ્રવ્યનું ગ્રહણ અધોગતિ કરનાર છે એ જાણનાર છતાં કેટલા વ્યાપારીઓ યુક્તિપ્રયુક્તિથી એ કર્મરૂપ ચૌર્ય કરતાં આચકો ખાય છે ? એટલું જ નહિ પણ એ નિંદ્યકર્મ કર્યા પછી મિથ્યા વ્યાજરૂપ કારણો આગળ આણી—એમાં કાંઇ નહિ—એમ પોતાના મનને સમજાવવા તૈયાર થઇ જાય છે. અહર્નિશ પુરાણાદિની કથાવાર્તા કરનારા, નીતિધર્મના લેખ લખનારાઓ તથા દેવાલયમાં વ્યાખ્યાન આપનારાઓ પ્રવૃત્તિના સમયે એ સર્વ કથાવાર્તા, લેખ અને વ્યાખ્યાનને આંખઆડા કાન કરતાં કેટલી વાર જણાય છે ? વેદાન્તશાસ્ત્રનું પરિશીલન કરનાર, જગત્ મિથ્યા છે એ કંઠીરવના રવથી જાહેર કરનાર પ્રસંગ આવે અનાત્મમાં મોહવશ થઈ તૃષ્ણાતુર બની જ્ઞાનનું અજ્ઞાનમાં પરિવર્તન કરનાર સ્થળે સ્થળે ઉપલબ્ધ થાય છે. આ સર્વ એ જ દર્શાવે છે કે જ્ઞાનના કરતાં કોઈ ભિન્ન હેતુ મનુષ્યમાં ચાલક સત્તારૂપે વિદ્યમાન છે. અને જ્ઞાનમાત્રથી પ્રવૃત્તિનો નિર્વાહ થતો નથી.

આજકાલ શિક્ષણપદ્ધતિમાં પૂર્વના કરતાં મહાન્ ફેરફારો થઇ ગયા છે. બુદ્ધિના વિકાસને માટે નાની મોટી શાળાઓ, મહાન્ વિદ્યાપીઠ આદિ સ્થપાયા છે. શિક્ષણનાં ધોરણો ઘણી બારીકીથી વિચારી રખાયાં છે અને સર્વ દિશામાં બુદ્ધિવિકાસ કેવી રીતે થાય તે માટે

ધ્યાન આપવામાં આવે છે. પણ તેટલાથી પૂર્ણતા થયેલી અનુભવાતી નથી અને નૈતિક કેળવણી કેવી રીતે આપવી એ મોટો પ્રશ્ન ઉપસ્થિત થઇ રહ્યો છે. પૂર્વના કરતાં પ્રજાવર્ગમાં બુદ્ધિવિકાસનો અનુભવ થવા છતાં નૈતિક ઉન્નતિનો અનુભવ થયો જણાયો નથી અને તેથી જ આ પ્રશ્ને સર્વનું ધ્યાન ખેંચ્યું છે અને હજી એનું સંતોષકારક નિરાકરણ થયેલું જણાયું નથી. આ સ્થિતિ એ જ દર્શાવી આપે છે કે જ્ઞાનનો વિકાસ, બુદ્ધિનો વિભવ તે પ્રવૃત્તિની ઉન્નતિના વિકાસને સમકાલીન જ હોવો જોઇએ એવું કહી શકાય તેમ નથી, બુદ્ધિનો વિકાસ થાય અને નીતિની નિકૃષ્ટતા થાય. પ્રવૃત્તિની અધમતા થાય એ દૃષ્ટિદૃષ્ટ હોવાથી આશ્ચર્યજનક નથી.

આ સર્વ વિચારથી એ સુસિદ્ધ થાય છે કે જ્ઞાનથી અતિરિક્ત બુદ્ધિના ઉપરાંત કોઈ ચાલક સત્તા મનુષ્યોમાં વિદ્યમાન હોય છે કે જે પ્રવૃત્તિના પ્રકાર આદિને નિયમન કરે છે. જ્ઞાનમાત્ર એના હેતુરૂપે સ્થાપી શકાય તેમ નથી. એ અતિરિક્ત સત્તા તે આંતર આવેશ, આંતરના ભાવો, વાસનાઆદિ છે અથવા એના આશ્રયરૂપ જે મન છે, એ મનને આંતરમન, ૯૫ ટકાવાળું મન ઇત્યાદિ સંજ્ઞાઓ આપવામાં આવે છે અને એની અપેક્ષા જ્ઞાનના હેતુરૂપ છે. જે મન છે તેને બાહ્ય મન, મસ્તિષ્ક, પાંચ ટકાવાળું મન ઇત્યાદિ સંજ્ઞાઓ અપાય છે. આપણા વર્ગનું સાહિત્ય જેમણે વાંચ્યું છે તેમને આ આંતરમન અપરિચિત રહ્યું નથી, આપણા સાહિત્યમાં વારંવાર એનો ઉલ્લેખ કરાયો છે. એની શક્તિઓ, એના વિભવ, એના ચમત્કારનું પ્રતિપાદન થઇ ગયું છે તેથી આપણા વર્ગમાટે એનું લેશ પણ વિવેચન અપેક્ષિત નથી. પણ જેમના વાંચવામાં એ સાહિત્ય આવ્યું નથી અથવા જેમને વાંચ્યા છતાં એનું વિસ્મરણ થયું છે તેમને અર્થે પ્રસંગવશાત્ સંક્ષિપ્ત પ્રતિપાદન અસ્થાને નથી.

આ સંબંધમાં એક ઉદાહરણ—વિચારસંક્રાન્તિના પ્રયોગનું આ છે. અન્ય અનેક ઉદાહરણો એ વિષયના ગ્રંથોમાં આપેલાં છે પણ આ જે ઉદાહરણ આપવામાં આવે છે તેને પસંદ કરવાનુ કારણ એ છે કે એ ગૃહસ્થે ગુજરાત, કાઠિયાવાડ આદિના વિવિધ પ્રદેશોમાં ફરીને પ્રયોગો પ્રસિદ્ધ રીતે કરેલા છે અને તેથી ગુજરાતી પ્રજાના જોવામાં આવેલા હોવાનો વિશેષ સંભવ છે. એ ઉદાહરણ તે મી. જોશીનું છે. એ ગૃહસ્થે પોતાની સાથે એક છોકરાને રાખેલો હતો. તેની આંખે પાટા બાંધી

તેને એક ખુરસીપર બેસાડતા. આંખે બાંધેલો પાટો એવા પ્રકારનો હતો કે એમાંથી કાંઇ પણ જોઇ શકાય એવી શંકાને અવકાશ રહે તેમ નહોતું. તેમ જ એકવાર એ છોકરાને ખુરસીપર બેસાડ્યા પછી મી. જોશી એની પાસે કદાપિ જતા નહોતા પણ એને બેસાડ્યા પછી પ્રેક્ષકવર્ગની પાસે મી. જોશી ઉભા રહેતા. પ્રેક્ષકવર્ગમાંથી ભિન્નભિન્ન ગૃહસ્થો ભિન્નભિન્ન પદાર્થો મી. જોશીને વારાફરતી બતાવતા. એ જોઈ મી. જોશી પોતાની આંખ મીચતા અને જરાવારમાં ખુરસીપર બેઠેલો છોકરો તે કયો પદાર્થ છે. તે એક પણ સ્ખલનવિના કહેતો. ઉદાહરણ રૂપે એક ગૃહસ્થે પેન્સિલ બતાવી હતી અને તત્કાલ તે છોકરાએ પેન્સિલ છે એમ જણાવ્યું હતું. અન્યએ માળા મી. જોશીને બતાવી અને તરત તે છોકરાએ કહ્યું કે સ્મરણી છે. એક ડાકટરે ભાંગેલી ટેથિસ્કોપ બતાવી અને તે છોકરાએ કહ્યું કે ડાકટરને છાતી વગેરે તપાસવાની ભુંગળીનો ટુકડો જણાય છે. આજ પ્રમાણે પદાર્થો બતાવવાને બદલે પછી કાગળપર કોઇ કોઇ દશ્ય થઇ શકે તેવા પદાર્થનું નામ પ્રેક્ષક ગૃહસ્થો લખતા અને તે પણ તે છોકરાએ ભૂલ-વિના કહ્યું હતું. એક ગૃહસ્થે પોતાની નાની ઘડીઆળમાં આવેલો નંબર મી. જોશીને વંચાવ્યો અને તે ચારપાંચ આંકડાની સંખ્યા પણ તે છોકરાએ કહી હતી. આ આદિ વિવિધ પ્રયોગો કરી બતાવી વિચાર-સંક્રાન્તિ થઇ શકે છે એમ સિદ્ધ કર્યું હતું. અહિં સર્વ પ્રસંગોને છોકરો એવું જણાવતો કે તે અમુક અમુક પદાર્થ એને લલાટ આગળ જણાય છે.

પ્રસ્તુત સંબંધમાં જોવાનું આ જ છે કે આ જ્ઞાન જે તે છોકરાને થતું તે બાહ્યમનવડે થઇ શકે તેમ નહોતું જ. બાહ્યમન ઇંદ્રિયોના સંબંધથી જ જ્ઞાન આપી શકે છે. ચક્ષુઇંદ્રિય જે પદાર્થસાથે સંબંધ-વાળી થાય છે. તે પદાર્થનાં રૂપરંગ આકૃતિ આદિને બાહ્યમન જાણી શકે છે. અને એનાથી અતિરિક્તને એ જોઈ જાણી શકતું નથી. તેથી મી. જોશીના જોયેલા અને તે છોકરાના કહેવામાં આવતા પદાર્થોનું એ છોકરાને ચક્ષુરાદિ ઇન્દ્રિયદ્વારા દર્શન થવાનો અસંભવ હોવાથી એ માટે શાસ્ત્ર કોઈ ઇતર સામગ્રીની અપેક્ષા રાખે છે. અને એ ઇતર સામગ્રીનું નામ આંતરમન છે. બાહ્યમનનો વિક્ષેપ દૂર થાય છે. બાહ્યમનના વ્યાપારનો ઉપરમ થાય છે. ત્યારે એ આંતરમનના વ્યાપાર અસ્ખલિતપણે ચાલે છે. એ, એ મન માટે નિયમ છે. તેથી એ છોક-

રાને એવો અભ્યાસ આપવામાં આવેલો હતો કે અમુક સમયસુધી એ બાહ્યમનના વ્યાપારથી વિક્ષેપને પામતો નહિ અને તેથી મો. જોશી પોતાની કલ્પનાથી જે પદાર્થની પ્રતિમા ઉભી કરતા તે પ્રતિમા એ છોકરો પોતાના આંતરમનવડે જોઈ શકતો હતો. તેથી આ પ્રયોગો આંતરમનનું અસ્તિત્વ સ્પષ્ટપણે સિદ્ધ કરી શકે છે.

પ્રત્યેક મનુષ્યને ન્યૂનાધિક અંશે આ આંતર મનનો અનુભવ હોય જ છે. ઘણું રાત્રિએ ધારે ત્યારે બરાબર તે જ વખતે જાગી શકે છે. પ્રાતઃકાળે ૪–૩૫ મિનિટે જાગવાનો સંકલ્પ કરી નિદ્રાવશ થનાર મનુષ્ય ચારના ટંકારા થાય છે તે સાંભળતા નથી. સાડાચારનો ટંકારો વાગતો હોય તો તે પણ સાંભળતા નથી, પણ જ્યારે અવાજ કર્યા વિના ઘડીઆળનો કાંટો ૩૫ ' મીનીટપર આવી રહે છે કે તરત તેમની આંખ ઉઘડી જાય છે. આ એ જ બતાવે છે કે બાહ્ય મન નિદ્રાવશ થયું હોય છે ત્યારે તેનાથી અતિરિક્ત કોઇ જ્ઞાનસાધન જાગ્રત્ રહી પોતાનો વ્યાપાર કરતું રહે છે અને ચક્ષુની કે શ્રોત્રની સહાયવિના જોઇ સાંભળી શકે છે અને પોતાને તેના માલિકની જે આજ્ઞા મળી હોય છે તે આજ્ઞાનુસાર તે કામ કરી આપે છે. ઘણા મનુષ્યો કોઈ શબ્દ, કોઇનું નામ, કોઇ ગમે ત્યાં મુકાઇ ગયેલી વસ્તુ સંભારવા યત્નવાળા હોય છે ત્યાં સુધી તે તેના સ્મૃતિના પટપર આવતા નથી, પણ એ આતુરતા ત્યજી બાહ્ય મનને શિથિલ કરી રહે છે ત્યારે અકસ્માત્ તે શબ્દ, તે નામ, તે વસ્તુનું તેને ભાન થાય છે. આ પ્રેરક સત્તા તે આંતર મનની જ છે. આંતર મનરૂપ સામગ્રી જ તેના બાહ્ય મનઆગળ તે વિસ્મૃત પદ કે પદાર્થ જ હોય તેને ધરે છે અને તત્કાલ તેનું ગ્રહણ બાહ્યમન કરે છે એટલે તેને સ્મરણ થઇ રહે છે. ઘણા પ્રાજ્ઞ અને બુદ્ધિશાળી પુરુષોને ત્યાં, આપણે સાંભળીએ છીએ કે, કોઈ કોઈ નોકરનું ચલણ હોય છે. આનું કારણ પણ એ જ છે કે એ પ્રાજ્ઞ પુરુષો અહર્નિશ તંગ દશામાં રહેતા નથી. પ્રત્યેક મનુષ્યને શિથિલ દશાની વિશ્રાન્તિમાટે આવશ્યકતા હોય છે. અને તે નિપુણ થયેલા નોકરો સદા પાસે રહેનાર હોવાથી એ ક્ષણ અને સ્થિતિ પારખી શકે છે તેથી તેવી ક્ષણે—તે પ્રાજ્ઞ પુરુષોનું બાહ્ય મન શિથિલ રહેલું હોય છે ત્યારે—તેમના આંતર મનને સૂચન આપે છે અને તે સૂચનનો તેમાં પછી વિપાક થતાં તે સૂચનને અનુસરતું કાર્ય તે પ્રાજ્ઞ

પુરુષો વખત આવે કરે છે. આ આદિ અનેક ઉદાહરણો "આંતર-મનના અદ્ભુત ચમત્કારો" એ વિષયમાં શ્રીમહાકાલમાં અપાયેલાં છે, તેથી વિસ્તારની જરૂર નથી. આ સર્વથી એ જ સિદ્ધ થાય છે કે માનુષ યંત્રમાં જેમ શરીર છે, જેમ જ્ઞાન પામનાર બાહ્ય મન છે, તેમ જ આવેશ, ભાવ આદિના આશ્રયરૂપ, સ્વતઃ પરતઃ દ્યોતનને ગ્રહણ કર-નાર, અસ્ખલિત સ્મરણશક્તિવાળું, બાહ્ય સાધનોની અપેક્ષાવિના જ્ઞાન પામનાર આંતર મન પણ છે.

આ શિવાય આત્મતત્ત્વ એ સર્વના મૂળરૂપ છે. પણ આત્મા એ સાધનરૂપ નથી, જીવાત્મા આંતર મનની અપેક્ષાવાળો જ છે અને શુદ્ધ આત્મા એ સર્વના સંગથી રહિત છે, તેથી માનુષયંત્રના જીવનના સંબંધે એની ગણના કરવાની પ્રાપ્ત થતી નથી. તેથી શરીર, બાહ્ય-મન અને આંતર મન એ ત્રણપ્રતિ જ હાલ દૃષ્ટિ રાખીએ છીએ, અને તેમાં પણ ભક્તિની આવશ્યકતા છે કે શી રીતે એ વિષયમાટે શરીરની અપેક્ષા ઓછી હોવાથી પ્રધાન લક્ષ બાહ્ય મન અને આંતર મનપ્રતિ જ આપવાનું રહે છે.

આપણે શરીરના સંબંધમાં જોઈએ છીએ કે શરીરને વ્યાયામ આપવાથી એ દૃઢ થાય છે અને નીરોગી થાય છે. પણ એ અર્થ-માટે આખા શરીરને વ્યાયામ આપવાની જરૂર રહે છે. વ્યાયામ કર-વામાં આવે છે ત્યારે રુધિરાભિસરણ વેગવડે થાય છે અને તે તે શ-રીરના ભાગઆગળ ત્વરિત ગતિથી રુધિર ફરતું રહે છે. રુધિરાભિ-સરણવડે જ આખા શરીરની પુષ્ટિ થાય છે. શરીરના ભિન્ન ભિન્ન ભાગો—સ્નાયુ, અસ્થિ, ગ્રંથિઓ, રક્તાશય, ફેફસાં આદિ સર્વ અવય-વોનાં પોષકદ્રવ્ય ભિન્ન ભિન્ન હોય છે. સર્વનો ખોરાક એક પ્રકા-રનો હોતો નથી પણ ભિન્ન ભિન્ન પ્રકારનો હોય છે. કોઈ અવયવને પુષ્ટિમાટે અમુક ક્ષારાદિની જરૂર હોય છે, તો અન્યને તેની ન્યૂન અંશે જરૂર હોઇ અન્ય ક્ષારાદિની મોટે અંશે જરૂર હોય છે. જ્યારે રૂધિરાભિસરણ થાય છે ત્યારે એ સર્વનો આહાર રુધિરમાં જ રહેલો હોય છે તેથી એ સર્વ અવયવોની પાસે તેના ભોજનનો થાળ આવે છે અને એ સર્વ અવયવો પોતાની રુચિઅનુસાર પોતાની ભૂખને અનુસરી—પોતાને પડેલી તંગીના પ્રમાણમાં તે તે પોષકતત્ત્વરૂપ ભોજન કરે છે એટલે કે રુધિરમાંથી તે તે પોષકતત્ત્વનું ગ્રહણ કરી લે છે અને પોતાને અનપેક્ષિત—પોતાને કચરારૂપ થયેલો પદાર્થ—રુધિ-

રમાં નાંખી દે છે, જે રુધિર પ્લીહ અને ફેફસાંની સહાયથી બહાર કાઢી નાંખી પુનઃ શુદ્ધરૂપે થઈ રહે છે. હવે જ્યારે એક અવયવને વ્યાયામ આપવામાં આવે છે ત્યારે તે અવયવની ક્ષુધા વધે છે, તેની ગ્રહણશક્તિ વધે છે અને તેથી તેની પાસે રુધિર આવે છે ત્યારે તે અવયવ રુધિરમાંથી પોતાને અપેક્ષિત પોષકતત્ત્વો તરત ગ્રહણ કરી લે છે અને અનપેક્ષિતને ત્યજે છે. આ રુધિર જ્યારે બીજા અવયવ-પ્રતિ જાય છે ત્યારે તે અવયવને પણ વ્યાયામ આપી તેની ક્ષુધા વધારેલી હોય છે તો તે અવયવ પણ પોતાને અપેક્ષિત પોષકતત્ત્વો એવી જ રીતે ગ્રહણ કરી લે છે, પણ એને વ્યાયામ આપવામાં આવ્યો હોતો નથી તો એ પોષક તત્ત્વોને ગ્રહણ કરી શકતો નથી. આ જ પ્રમાણે સર્વ અવયવોમાટે થાય છે. તેથી જો એક જ અવયવને અથવા અવયવસમૂહને વ્યાયામ આપવામાં આવે છે તો તે અવયવ અથવા અવયવસમૂહ પોષકદ્રવ્યને પામવાથી પુષ્ટ થાય છે, પણ એ પોષક દ્રવ્યોનો એમનામાં જ ઉપયોગ થઈ જવાથી બીજા અવયવો પોષક દ્રવ્યોથી રહિત થઇ રહેવાથી નિર્બળ થઇ રહે છે. આ નિયમ અંગ-કસરત અતિ પ્રમાણ કરનારમાં, તથા વિવિધ કારીગરવર્ગમાં સ્પષ્ટ જણાઈ આવે છે.

સુથાર, લુહાર, મજુર, પાળા આદિ મનુષ્યોને શરીરના અમુક અવયવો જ વારંવાર વાપરવાના આવે છે, તેથી એમના તે તે અવયવો અહર્નિશ વ્યાયામવાળા રહે છે અને તેથી તે પુષ્ટ અને દૃઢ થાય છે, પણ તે સાથે બીજા અવયવો વપરાતા નહિ હોવાથી, તેટલા અથવા તેના પ્રમાણમાં જોઇતા વ્યાયામવાળા નહિ થવાથી કેવળ દુર્બળ થઇ જાય છે. અંગકસરતના ખેલો કરી બતાવનાર અને અખાડામાં નિરંતર ખેલનાર મનુષ્યોના અમુક અમુક અવયવો વિશેષ વ્યાયામ-વાળા થઇ રહે છે તેથી તે પુષ્ટ અને દૃઢ થાય છે અને બીજા શિ-થિલ અને પોષણ રહિત રહે છે. આનો પરિણામ ઘણીવાર વિરૂપ શરીર, રોગગ્રસ્ત શરીર આદિ જ જોવામાં આવે છે અને તે ઉપરના નિયમથી સ્પષ્ટ થાય તેમ છે. આ અટકાવવા માટે શારીર શાસ્ત્રના અભ્યાસીઓ અને નિપુણ વ્યાયામશિક્ષકો એ જ દર્શાવતા રહે છે કે શરીરના સર્વ અવયવોને અમુક પ્રમાણમાં વ્યાયામ આપવો જરૂરનો છે અને એ નિયમપ્રમાણે વ્યાયામ આપનારા સુજ્ઞ જનો ઘણે અંશે નીરોગ પ્રકૃતિવાળા તથા દીર્ઘ આયુષ્યવાળા થઈ રહેલા પણ જણાય

છે, તેથી શારીર વ્યાયામ આપણને એ શીખવે છે કે સર્વ અવયવોને તેના તેના પ્રમાણમાં વ્યાયામ આપવો, સર્વ અવયવોનો વિકાસ કરવો અને પ્રત્યેક મનુષ્યે પોતામાં જે અવયવ વિશેષ શિથિલ હોય તેને બીજાના પ્રમાણમાં લાવવા માટે પ્રમાણમાં અધિક વ્યાયામ શાસ્ત્રીય રીતે આપતા રહેવું એ જ શારીરસંપત્તિની પ્રાપ્તિનો ઉપાય છે—નીરોગ રહેનારો, દીર્ઘ આયુષ્ પામવાનો અને શારીર સુખનો ઉપાય છે.

આ ન્યાય કેવળ શરીરના વિષયમાં જ છે એમ નથી પણ આખા માનુષયંત્રમાટે પણ છે. માનુષયંત્રમાં શરીર, બાહ્યમન અને આંતરમન એ ત્રણને હાલ લીધાં છે. માનુષજીવનની સાચી ઉન્નતિ કરવી હોય અને તે પણ સર્વોત્તમ પ્રકારે કરવી હોય તો તેણે આખા યંત્રની ઉન્નતિ કરવાની જરૂર છે. તેમ નહિ કરતાં માત્ર એક અવયવની જ ઉન્નતિ, એક અવયવનો વિકાસ કરવા જ યત્ન કરવામાં આવે છે તો તેથી બીજા બેનો હ્રાસ થઈ જાય છે. તેની સ્વભાવગત શક્તિ ક્ષીણબળ થઈ જાય છે અને એમના વિકાસદ્વારા જે પ્રગતિ થવી જોઇએ તે થતી નથી. જેઓ શરીરપર જ ધ્યાન આપે છે અને બાહ્યમન અને આંતરમનના વિકાસની ઉપેક્ષા કરે છે તેમનું શરીર કદાચ વજ્રસંહનન જેવું થઈ રહે તો રહે, પણ તે મનુષ્ય કેવલ જડજેવો જ થઇ રહેશે. પ્રથમ તો શરીરનું પોષક આંતર મન છે અને શરીરનું રક્ષણ કરનાર બાહ્યમન છે, તેથી એ બેપ્રતિ ઉપેક્ષા કરવાથી શરીરનો વિકાસ જ થઇ શકે, તેમ નથી. બાહ્યમનના વિકાસવિનાનો મનુષ્ય શરીરપાસે શું કામ કરાવવું, કેટલું કરાવવું, શરીરને શો આહાર આપવો, કેટલો આપવો, ક્યારે આપવો ઇત્યાદિનો વિવેક જ કરી શકતો નથી; કેમકે એ વિવેક કરવો એ બાહ્યમનનો વ્યાપાર છે. શું કરવાથી, કેમ કરવાથી ભયમાં આવી પડાય છે, શરીર જોખમમાં આવી પડે છે એ વિવેકવિનાનો, બુદ્ધિવિકાસવિનાનો મનુષ્ય સારી રીતે જાણી શકતો નથી, તેમ ગમે તેવું દૃઢ શરીર અન્ય કોઇ સાધનવડે સાધ્યું હોય છે તોપણ તે ગમે ત્યારે જોખમમાં આવી પડે છે અને હાનિના વિષયરૂપ થાય છે. એથી ઉલટું બુદ્ધિવિકાસવાળો મનુષ્ય શરીરના સંરક્ષણના ઉપાયને સારી રીતે જાણે છે અને તેથી તેનું સારી રીતે રક્ષણ કરી શકવા સમર્થ થાય છે. તેથી શરીરનું સંરક્ષણ નીરોગતા, દૃઢતા આદિ જે શારીરસંપત્તિ ગણાય છે તેનો આધાર શારીર ક્રિયા જેમ છે તેમ અને તેના કરતાં વિશેષ અંશે

બુદ્ધિવિકાસ છે. આ જ રીતે શરીરમાં કોઈપણ વ્યાધિ આદિ થાય છે ત્યારે તે વ્યાધિને દૂર કરનાર અને શરીરમાં તત્ત્વોનું સમીકરણ ઔષધવિના પણ કરી શકનાર આંતરમન છે, રૂઝવવાનું કામ, શરીરમાં આરોગ્ય સ્થાપન કરવાનું કામ, શારીરપુટને વ્યાપારવાળા રાખવાનું કામ, નકામા થયેલા શારીરપુટને બહાર કાઢી નાખવાનું કામઃ ઇત્યાદિ સર્વ કામો આંતરમન કરે છે અને એ રાત્રિ દિવસ વ્યાપારવાળું હોવાથી આ સર્વ કામો એ મન રાત્રિદિવસ કરતું રહે છે તેથી શારિર સંપત્તિની સિદ્ધિ કરનાર આ મનની ઉપેક્ષા કરી શકે તેમ નથી. આમ શારિર સંપત્તિની સિદ્ધિમાટે પ્રથમ આ ઉભય મનની અપેક્ષા છે છતાં એમ ધારીએ કે એના પ્રતિ ઉપેક્ષા કરનાર કોઈ મનુષ્ય શરીરમાત્રના વિકાસમાં ઉદ્યત રહે છે, તો તેથી ઘણું તો શારિરસંપત્તિ રસાયનાદિ સેવનવડે પ્રાપ્ત કરે તો તેટલાથી તેના જીવનની ઉન્નતિ થતી નથી. એણે શરીરમાત્રપ્રતિ લક્ષ આપ્યું છે. અને ઇતર બે મોટા અવયવોની ઉપેક્ષા કરી છે. તેથી એને પ્રાપ્ત થતી શારીરસંપત્તિ પણ ઘણું તો કેવલ ભારરૂપ જ થઈ રહે છે. પણ એના સાચા સુખને આપનાર થતી નથી. એને ઉત્તરોત્તર સુખને સધાવનારી થતી નથી. પણ ઘણે ભાગે હાલની હલકી પ્રજામાં જોઇએ છીએ તેમ નિકૃષ્ટ પ્રવૃત્તિમાં તેને જોડનાર થઈ રહી અધોગતિમાં કારણરૂપ આગળ જતાં થઈ રહે છે. અને વર્તમાન સમયે સામાજિક બંધારણને હાનિ કરનાર થઈ રહે છે. તેથી સર્વ સુત્રવડે અનભીષ્ટ થાય છે. તેથી સુખકર શારીર સંપત્તિની પ્રાપ્તિ કરવામાટે ઉભય બે અવયવોની ઉન્નતિ સાધવાની ખાસ આવસ્યકતા રહે છે.

આ જ નિયમપ્રમાણે કેવલ બાહ્ય મનનો વિકાસ સાધી આંતરમનની ઉપેક્ષા કરવામાં આવે છે તો તેનો પરિણામ પણ ઇષ્ટ આવતો નથી. બાહ્યમનના વિકાસથી બુદ્ધિનો વિકાસ થાય છે, જ્ઞાનની વૃદ્ધિ થાય છે પણ આંતરમન કેળવાયેલું હોતું નથી તો એ જ્ઞાનની વૃદ્ધિ સુખપર્યવસાયિની થતી નથી. જ્ઞાનવાળા મનુષ્યો નીતિને ઉલ્લંઘી જાય છે, અન્યને છેતરે છે અને તે યુક્તિપૂર્વક છેતરે છે જેથી છેતરાનાર મનુષ્ય વિવશ થઈ રહે છે; જ્ઞાનવાળો ચોર અજ્ઞાન ચોરના કરતાં મોડો સપડાય છે અને તેથી દીર્ઘ સમય સમાજને ભયના હેતુરૂપે રહે છે. જ્ઞાનવાળો અનાચાર કે અત્યાચાર કરે છે તો તે બાહ્ય સ્થિતિ એવી રચીને કરે છે કે તેના અનાચારપ્રતિ ધ્યાન જતું નથી એટલું

જ નહિ પણ તે અનાચારના ઉપર બુદ્ધિવિભવને લીધે એવું આવરણ નાંખે છે અને એવું રૂપાન્તર કરી દર્શાવે છે કે તે અનાચાર થયો જ નથી એવું સામાન્ય પ્રજાને ભાન થાય. આનો પરિણામ એ કૃતિ કરનારના અહિતમાં તો આવે જ છે, પણ તેની સાથે સમાજને પણ એ હાનિ કરે છે.

આંતરમનની ઉપેક્ષા કરવી એટલે મનુષ્યના અર્ધ કરતાં અધિક જીવનની ઉપેક્ષા કરવી. માનુષ જીવનને તપાસવામાં આવશે તો જણાશે કે તેમાં જેટલી કૃતિ જ્ઞાનવડે થાય છે તેના કરતાં સહસ્ત્રગુણ કૃતિ આંતર લાગણી—આંતર ભાવોથી જ થાય છે. પ્રેમ, દયા, શૌર્ય આત્મભોગનો આવેશ, દઢ ચારિત્ર્ય ઈત્યાદિ સર્વ ગુણો આંતરમનને અધીન છે. મનુષ્યમાંથી એ બાદ કરી દો અને જુઓ કે મનુષ્ય શું રહે છે? આનો ખ્યાલ કરતાં—આનું માનસચિત્ર બાંધતાં તમારૂં અંતર કંપી ઉઠશે. જગત્માંથી પ્રેમને તિલાંજલિ આપતાં જગત્ શુષ્કવત્ થઇ રહે છે. એક બીજાને માટે જે ભોગ સ્નેહને લીધે આપે છે તેની દષ્ટિ સરખી પણ પછી થતી નથી. કદાચ ન્યાયને જગત્માં સ્થાન મળે પણ લોક દયા, ભૂત દયા, અનુકંપા, લોકસંગ્રહ ઇત્યાદિ ઉચ્ચતમ ગુણો તો અદૃશ્ય જ થઇ રહેશે. મનુષ્ય ક્રૂર, નિર્દય, સ્વાર્થ-પરાયણ થઈ રહેશે. જ્યાં ત્યાં સ્વાર્થના શીક્કાની જ ગણતરી થશે અને પ્રવૃત્તિમાં નિયામક હેતુ પણ એ જ થઈ રહેશે.

કવિ અને તત્ત્વશોધક એ બેમાંથી કોણ જગત્સામાન્યપર વિશેષ ઉપકારક છે એનો વિચાર કરનાર એ સિદ્ધાન્ત જ સ્થાપતા જણાય છે કે તત્ત્વશોધકના કરતાં એમાં કવિ ચઢે છે. પ્રજામાં પદો, ભજનો આદિનાં કેટલા ગ્રાહક થયા છે અને તત્ત્વવિચારના કેટલા ગ્રાહક થયા છે એ જોતાં સ્પષ્ટ જણાશે કે પ્રથમવર્ગની સંખ્યા દ્વિતીયવર્ગની સંખ્યાના કરતાં અતિગુણ અધિક છે. નાની મોટી, ઉચ્ચ નીચ આદિ સર્વ પ્રજામાં સાહિત્ય—કાવ્યરૂપ સાહિત્ય જે અસર કરી રહ્યું છે તેટલી અસર તત્ત્વવિચાર કરી રહ્યો નથી. એ સાચું છે કે બુદ્ધિવૈભવ ઘણા ઓછાને હોય છે અને લાગણીઓનો પ્રભાવ ઘણા ખરામાં છે અને તેથી લાગણીને ઉદ્દેશ કરનાર કાવ્યસાહિત્યની અસર વિસ્તારમાં વધે એ સ્વાભાવિક છે. પણ એ એ પણ સાથે સાથે બતાવે છે કે લાગણીઓ એ એવા અંતરના ભાવ છે કે તેની ઉપેક્ષા કરે ચાલે તેમ નથી. આ વાત પણ એથી જ સિદ્ધ થાય છે.

પાશ્ચાત્ય પદ્ધતિથી લખાયેલા અર્થશાસ્ત્રના ગ્રંથો જે સિદ્ધાન્તોને પ્રતિપાદન કરે છે તેમાં મનુષ્યને એક વ્યાપારની વસ્તુમાત્ર લઈને એ શાસ્ત્રની પ્રવૃત્તિ કરી છે અને માનુષ લાગણીની ઉપેક્ષા કરી છે. તો એ સિદ્ધાન્ત પ્રમાણે પોતાની પ્રવૃત્તિ કરનાર પ્રજાની કેવી અધમ સ્થિતિ થતી જાય છે એ સુજ્ઞપ્રજાની દૃષ્ટિથી બહાર નથી. આપણી આર્યપ્રજામાં અર્થશાસ્ત્ર છે, પણ તેના મૂલમાં નીતિ, ધર્મ નીતિ રહેલી છે અને તે મનુષ્યને વ્યાપારની વસ્તુરૂપ માત્ર ગણી રચાયેલું નથી. એથી એના સિદ્ધાન્તોને ઉદ્દેશી પ્રવૃત્તિ કરનાર આ જ પણ પોતાની ઉન્નતિ જાળવી શકે છે. પાશ્ચાત્ય વિદ્વાન્ લેખક રસ્કિને એ પ્રજાના અર્થશાસ્ત્રની સામે મોટો વાંધો ઉઠાવ્યો છે. તે એ જ છે કે એ શાસ્ત્ર માનુષ ભાવની ઉપેક્ષા કરી રચાયેલું છે અને એ વાંધાને લીધે એ વિદ્વાને એ અર્થશાસ્ત્રને અસંમત ગણ્યું છે, જે જે એકદેશી શાસ્ત્ર રચાય છે તે પોતાના પ્રદેશમાં ભલે સાચા જેવા જણાય પણ તે એક દેશી હોવાથી જ માન્ય થતાં નથી અર્થાત્ હિતનું શાસન કરનાર શાસ્ત્રરૂપે ગણાય તેમ નથી. અમુક પ્રકારનું હિત સાધવાના માર્ગ તે શાસ્ત્ર ભલે યુક્તિપૂર્વક દર્શાવે. પણ એકદેશીય હિત તે સાચું હિત નથી, સર્વદેશીય હિત જે હોય તે જ સાચું હિત છે અને એ હિતના માર્ગને જે દર્શાવે તે જ સાચું, સર્વમાન્ય શાસ્ત્ર છે. તેથી આ પક્ષે અર્થશાસ્ત્ર—વર્તમાન યુગનું અર્થશાસ્ત્ર—જે નીતિ, ધર્મનીતિના વિચારને બહિષ્કાર કરી રહ્યું છે. જે માનુષ-લાગણીની ઉપેક્ષા કરી પોતાના સિદ્ધાન્તને કાઢવા પ્રયત્ન કરી રહ્યું છે, તેનું અવલંબન હિતશાસનરૂપે પ્રજાએ કરવું અનુચિત છે અને જે શાસ્ત્ર આદ્ય સ્થાપિત નીતિમાત્રની અપેક્ષા લઈ રચાયું છે. જે સર્વ અંશોનો વિચાર કરી પોતાના સિદ્ધાન્તને જણાવવા તત્પર થાય છે અને તેથી કેવલ અર્થરૂપ એકજ લક્ષ્યને ન લેતાં હિતકર અર્થને ઉદ્દેશે છે અને તે પણ વાસ્તવ હિતથી અવિરૂદ્ધપણે પ્રવૃત્ત થયું છે તેનુંજ અવલંબન કરવું એ સુખકર છે.

(અપૂર્ણ)

जे. जे. कणीया.

पूर्ण जीवनमां उपयोगी तत्त्वो.

वीररत्न बंधु ! आ पृथ्वीउपरना स्थूल प्रकाशने तमारां नेत्रो ए जोयो त्यारथी तमारा जीवननो आरंभ थई चुक्यो छे. पर्वतोमांथी झरणां वहे छे. झरणां आगळ वधतां प्रवाह बंधाय छे. प्रवाह नदीरूप, नदरूप अने परिणामे महासागररूप. थाय छे. तमारा जीवननो प्रवाह पण आरंभमां झरणारूपे हतो, अत्यारे ते नदीरूप थयो छे. तमारू जीवन झरणारूप मटी नदीरूप विशाळ भावने पाम्युं छे. परंतु महासागर रूप थतां मार्गमां अनेक विघ्नो, अनेक प्रतिबंधक कारणो छे. तेनाथी सरळताथी पार उतरी परिणामरूप स्थितिने सत्वर प्राप्त थवा शुं तमे नहि इच्छो ? इच्छशो ज. परंतु तेमां केटलां विघ्नो छे ते पण तमे जाणो छो. आज जे तमारो जीवनक्रम चाले छे तेमां तमने अनेक विघ्नो दृष्टिए पडे छे. तमे सो मळवानी आशा राखोछो त्यां तमने पचाश पण मळता नथी. तमे सुदृढ आरोग्यने इच्छो छो त्यां तमे व्याधिथी पीडाओ छो. ज्यां तमे विजयने इच्छो छो त्यां तमारा हाथ पाछा पडता लागे छे. ज्यां तमे झळकतुं भविष्य बांध्युं होय छे त्यां काळुं वादळुं तमारी दृष्टिए आवे छे. आम ज्यारे तमारा जीवनमां विपरीत अनुभवो थाय छे, त्यारे तमारो मार्ग सरळ नथी पण प्रतिबंधोथी भरेलो छे, एम लागे छे. जीवन रसरूप नथी पण रसहीन छे, एम भान थाय छे. जीवन मिष्ट नथी पण कटुताथी भरेलुं अनुभवाय छे. जीवनमां पूर्णता नहि पण अपूर्णता ज जणाय छे. अने ज्यां अपूर्णता ज छे त्यां पूर्णतानो क्यां संभव एम लागे छे ! कोने आ अनुभवो नथी थता अने नथी थया ?

अनेक अनुभवी पुरुषोने जीवनमां आवा अनुभवो थया छे. पूर्ण जीवन जे सर्वना लक्ष्यबिन्दुरूप होय छे, ते स्थितिने प्राप्त थतां पूर्वे अनेक कष्टकर प्रतिबंधोनो अनुभव प्रत्येकने थयो छे. एवा पुरुषोए तेनां कारणोप्रति दृष्टि नांखी छे अने परिणामे तेमां पोतानी जीवनपद्धति ज दोषरूप जणाई छे. जे जीवनपद्धतिथी जीवन गाळवामां आवे छे, ते जीवनपद्धति दोषवाळी होय छे तो ते प्रतिबंधो उपर सरळताथी जय मळतो नथी, एटलुं ज नहि परन्तु नवा प्रतिबंधो वधता जाय छे, अने जीवन प्रवाह सरळताथी वहेवाने बदले

વારંવાર તેમાં અંતરાયો જણાય છે. અને જીવન રસરૂપ નથી થતું એટલું જ નહિ પરંતુ રસહીન પણ ન થતાં કટુતાથી ભરેલું અનુભવ ગમ્ય થાય છે. અપૂર્ણ પદ્ધતિથી કેવળ અપૂર્ણતાનો જ અનુભવ મળે છે.

પ્રિય આત્મન્ ! શ્રેયસ્‌ના માર્ગમાં પ્રયાણ કરવાનો આપણો હેતુ એ જ છે કે જે પૂર્ણ જીવનનો અનુભવ અનેક પુરુષોએ કર્યો છે અને તેનાં અવર્ણનીય સુખો અનુભવી પુરુષો કહી ગયા છે, અને કહે છે, તે પૂર્ણ જીવનનો અને તેનાં સુખનો આપણે પણ અનુભવ કરી શકીએ તો આપણા માર્ગનાં વિઘ્નો ઉપર જય મેળવી શકીએ. આપણા શ્રેયસના માર્ગમાં વહન કરવાનો હેતુ પૂર્ણ સફળ ત્યારે જ ગણી શકાય કે જ્યારે આપણે આપણા એ ઇચ્છિત ફલનો માર્ગમાં ક્રમે ક્રમે વિશેષ વિશેષ અનુભવ કરતા જઈએ, અને જે પૂર્ણ જીવનની અપૂર્વ ભવ્યતા છે તેની ઝાંખી આપણે જેમ જેમ આગળ વધીએ તેમ તેમ આપણને થતી જાય.

જે જે પુરૂષોએ આ પૂર્ણ જીવનનો અનુભવ કર્યો છે તેમણે પોતાના અનુભવોનું અનેક રીતે વર્ણન કરેલું છે. અનેક પ્રકારના ક્રમથી તેમણે જીવન ગાળ્યું છે. તેમાં પ્રત્યેકને પોતાની પ્રકૃતિઅનુંસાર ફેરફારો જણાયા છે. પરંતુ જે મુખ્ય મુખ્ય તત્ત્વો છે. તેમાં સર્વનો અનુભવ સમાન જણાયો છે. આ મુખ્ય ઉપયોગી તત્ત્વોનો આપણે વિચાર કરીશું અને આપણા જીવનક્રમને તે અનુસાર ગોઠવીશું તો અવશ્ય આપણા લક્ષ્યરૂપ પૂર્ણ જીવનનો અનુભવ કરીશું.

પૂર્ણ જીવન ! હાઃ જે અનંત અપરિમેય તત્ત્વ બ્રહ્માંડોમાં વ્યાપી રહ્યું છે, એટલું જ નહિ પરંતુ બ્રહ્માંડોની પાર અતિ વિસ્તારવાળા પ્રદેશમાં પણ જે વ્યાપી તેની મર્યાદાથી બહાર અનંત પ્રદેશમાં વ્યાપક છે. તે તત્ત્વની સાથે મનુષ્ય પોતાની એકતાનો અનુભવ કરે છે. ત્યારે તે પૂર્ણ જીવનનો અનુભવ કરે છે. તે પૂર્ણ છે. તેની સાથે એકતાવાળો પુરુષ પૂર્ણ છે. તે પૂર્ણતાના અખંડ નવા નવા અનંત પ્રકારના અનુભવો કરે છે અને તેના મહિમામાં સ્થિત રહી કોઈ અવર્ણ્ય આનંદનો અનુભવ કરે છે. એ અનુભવો મુખથી કોઈથી વર્ણી શકાયા નથી. વર્ણી શકાશે નહિ. જે અનંત છે તેને મર્યાદાવાળી વાણી શી રીતે વર્ણી શકે ? જે અનુભૂતિનો જ વિષય છે તેને અનુભવની બહાર કેમ વર્ણાઈ શકે ? માટે જે અનુભવે છે તે

જ જાણે છે, છતાં તેની તેજસ્વિતા અને રમણીયતા, અનુભવી પુરુષોનાં દૃષ્ટાંતરૂપ જીવનઉપરથી છાની રહી શકતી નથી. અને એવું કંઇકિ જોઇને, કંઇક સાંભળીને તેના પ્રતિ આપણું આકર્ષણ થયું છે. તેનો અનુભવ કરવાની જિજ્ઞાસા આપણને પ્રકટી છે. અનુભવીઓના માર્ગે જતાં આપણે પણ તે અનુભવ કરી શકીશું એ નિઃસંશય છે. અપૂર્ણતાને સ્થાને પૂર્ણતાનો દિવ્ય અનુભવ પરિણામે આપણો છે.

જે તત્ત્વો આ અનુભવી પુરુષોએ દર્શાવ્યાં છે. તે તત્ત્વો આપણા જીવનના નિયમરૂપે રાખીશું. શ્રદ્ધાપૂર્વક તેના પાલનની આમાં મુખ્ય અને પ્રથમ અગત્ય છે એ ખાસ સ્મરણમાં રાખવાની વાત છે. તેનાથી આમ શી રીતે બને, કેવી રીતે બને એવા સેંકડો પ્રશ્નો અને શંકાઓ તમારામાં જ્યાં સુધી ઉઠ્યા કરશે ત્યાં સુધી તમને તેમાં સાચો પ્રયત્નનો વેગ પ્રકટશે નહિ અને તમે તેના વાસ્તવ ફળથી દૂર રહેશો. તકરાર અથવા દલીલનો ઘણીવાર કંઈ અંત જ હોતો નથી. એકમાંથી બીજી શંકા, બીજીમાંથી ત્રીજી એમ તેની પરંપરા ઉઠે છે. જગતમાં અવલોકનપૂર્વક તમે જોશો તો એવા કેટલાએ મનુષ્યો તમને જણાશે કે કારણો શોધવામાં, દલીલો કરવામાં અને શંકાશીલપણામાંજ તેમણે પોતાનું જીવન ગુમાવ્યું છે અને એક પણ વસ્તુ શ્રદ્ધા રાખી તેમણે આચારમાં મૂકી જોઈ નથી.

જગતના ઇતિહાસ પ્રતિ આપણે દૃષ્ટિ નાંખીએ છીએ તો આપણને જણાય છે કે કારણોમાટે તર્ક કર્યા કરનાર કોઈએ મહાન્ વિજય મેળવ્યો નથી, પરંતુ શ્રદ્ધાપૂર્વક પ્રયત્નમાં માર્ગ કાપનારને જ વિજયશ્રી વરી છે. શ્રદ્ધાવાન્‌ને અસંભવિત સંભવિત થયેલું અનુભવથી સમજાયું છે, તર્કશીલને સંભવિત પણ અસંભવિત જણાતાં તેની મતિ ભ્રમિત અને સાચા અનુભવથી રહિત રહેલી છે. આપણા શાસ્ત્રકારોએ તેથી જ શાસ્ત્ર અને સત્પુરુષનાં વચનો પૂર્ણ શ્રદ્ધાથી સ્વીકારવાનો જ ઉત્તમ બોધ આપેલો છે.

શ્રદ્ધાના અપૂર્વ બલને પ્રકટવા ન દેનાર અને સંશય ઉત્પન્ન કરનાર આપણા કેટલાક પૂર્વથી બંધાઇ ગયેલા નિશ્ચયો હોય છે. આ ખોટા નિશ્ચયોથી પર જનાર મનુષ્યો જ અસંભવિત વસ્તુઓને સંભવિત જોઈ શક્યા છે અને તેને પ્રત્યક્ષ કરી શક્યા છે. વર્તમાન સમયની અનેક શોધોના શોધકોનાં જીવનનું અવલોકન કરશો તો તમને તેની સંપૂર્ણ ખાતરી થયા વિના રહેશે નહિ જે જે અપૂર્વ શોધ થઇ

છે તે અપૂર્વ અર્થાત્ પૂર્વે સ્થૂલ રૂપમાં હતી જ નહિ છતાં શ્રદ્ધાની દૃષ્ટિથી તેને તેઓ જોઇ શકયા અને પ્રત્યક્ષ કરી શકયા એ તમને સ્પષ્ટ થશે.

તમારી બુદ્ધિ અત્યારે તમને જે સ્વીકારવાનું કહે છે તે બુદ્ધિથી પર જઇને તમે બેસો. ત્યાં તમને અસંભવિતતા જેવું કશુંજ નહિ જણાય. જ્યાં સુધી બુદ્ધિના અથવા મનના પ્રદેશમાં રહીને તમે વિચાર કરશો ત્યાં સુધી તમે તમારા પોતાના અનુભવથી બહારની વાત કદી સ્વીકારી શકશો નહિ. કારણ મન હમેશાં પોતાના અનુભવો જ જાણે છે. અને મનના અનુભવ કેટલા મર્યાદિત છે તે તમે જાણો છો? સ્થૂલ ઇન્દ્રિયના જે જે અનુભવો છે તે જ માત્ર મનના અનુભવો છે. મનુષ્ય આ અનુભવોથી જ દોરાય છે ત્યાં સુધી તેનામાં ઇશ્વરી નિયમથી જ અપૂર્ણતાનું ભાન રહ્યા કરે છે અને અસંતોષની લાગણીને જ તે અનુભવે છે. એ અપૂર્ણતાની—એ અસંતોષની નિવૃત્તિના ઉપાય તરીકે તેના અંતરાત્માનું સ્ફુરણ જાગ્રત્ થાય છે. જે પરમ જ્યોતિ, સમગ્ર જ્ઞાન તથા સામર્થ્યનું પ્રભવસ્થાન છે તે જ્યોતિનો ચમકારો તેની દૃષ્ટિએ પડે છે અને કોઇ મહાન્ કાર્ય, તે સિદ્ધ થવાના સંભવો સાથે તેના આંતર્ પ્રકાશમાં તેની દૃષ્ટિએ પડે છે, અને શ્રદ્ધાપૂર્વક તેને વળગીને પ્રયત્ન કરવાનો વેગ મળતાં તે અપૂર્વ વસ્તુને પ્રત્યક્ષ અનુભવે છે! આવા પુરુષો વસ્તુના બાહ્યરૂપને જોતા નથી પરંતુ અંતરના તત્ત્વને જ જુએ છે. બહારનું સ્વરૂપ ગમે તેવું ઉત્કૃષ્ટ કે નિકૃષ્ટ હોય પરંતુ તેના અંતરમાં કેવું બલ છે તે તેઓ જોઈ શકે છે અને તે બલને બહાર પ્રકટાવી શકે છે.

મહાજ્યોતિના પ્રકાશને ઇચ્છતા પ્રિય બંધુ! આવો પ્રકાશ હજી તમારી દૃષ્ટિએ ન પડતો હોય તો તેથી પણ અસંતોષ ધરવાનું પ્રયોજન નથી. આરંભમાં શ્રદ્ધા ધરો. શ્રદ્ધા ન પ્રકટતી હોય તો પણ આ તત્ત્વોને આચારમાં ઉતારવા પ્રયત્ન કરો. એ પ્રયત્ન શ્રદ્ધાને અવશ્ય પ્રકટાવશે અને તમારા લક્ષ્યની સિદ્ધિના અનુભવના માર્ગમાં તમે વહન કરશો. પરિણામે પૂર્ણત્વના અનુભવથી આહ્લાદિત અંતરેથી તમારા આરંભના કાલને ધન્યવાદ આપશો.

જીવન માત્રના આધારરૂપ વસ્તુ

પરમાત્માએ જગત્ સર્જ્યું અને તેમાં પ્રવેશ કર્યો. શાસ્ત્રો અને સંતપુરુષો કહે છે: હરિ એ જ જગત્ છે. અનુભવીઓ કહે છે: ચરાચર

જગતમાં અણુમાત્ર પણ ચેતનસત્તા વિના ખાલી નથી. તત્ત્વજ્ઞો કહે છે: સમગ્ર બ્રહ્માંડના અધિષ્ઠાનરૂપે અદ્‌ભુત ચૈતન્યતત્ત્વ વિલસી રહ્યું છે. આધુનિક વૈજ્ઞાનિકો કહે છે: સજીવ સૃષ્ટિ જુઓ કે નિર્જીવ સૃષ્ટિનું અવલોકન કરો, સકરણ પદાર્થો લો કે અકરણ પદાર્થો લો, સર્વના પૃષ્ઠ ભાગમાં કોઈ વિલક્ષણ તત્ત્વ રહેલું છે. તેનું કોઇ રીતે પૃથક્કરણ થવું અસંભવિત છે. બળવાન સૂક્ષ્મદર્શક યંત્રથી પણ તે દૃષ્ટિગોચર થતું નથી. છતાં તેની અદ્‌ભુત અને મતિને મુંઝવી નાંખનાર ચેષ્ટાથી તેના અસ્તિત્વની ખાતરી થયા વિના રહેતી નથી. સૃષ્ટ પદાર્થ જુઓ કે અસૃષ્ટ પદાર્થ જુઓ, પાર્થિવ પદાર્થ જુઓ કે જલીય જુઓ, વાયુમય જુઓ કે તેજોમય જુઓ. ગમે તે જુઓ પણ તેના ગર્ભમાં કોઇ તત્ત્વ છે કે જેના પૂર્ણ સ્વરૂપને સમજવાનું કાર્ય અત્યંત કઠિનમાં કઠિન છે.

આ સર્વ વ્યાપક તત્ત્વ, પછી તેને પરમાત્મા કહો, સત્તા કહો તત્ત્વ કહો, ચૈતન્ય કહો, ગમે તે નામ આપો, પરંતુ તે જ સર્વના આધારરૂપ, જીવનના મૂલમાં સ્થિત છે, એટલી આપણને ખાતરી થયા વિના રહેતી નથી. ગર્ભના આરંભક જીવનદ્રવના પણ અંતસ્તમ પ્રદેશમાં તેનો અદ્‌ભુત પ્રભાવ તમને કંઇક સરળતાથી દૃષ્ટિએ આવે તેમ છે. પરંતુ સ્થૂલ ઇન્દ્રિયોને તો તે અગમ્ય છે. ત્યાં પણ તેના અદ્‌ભુત કાર્યદ્વારા જ તમે કંઇક તેની ઝાંખી કરી શકો છો. હાલના વિજ્ઞાનવિદો તેના સ્વરૂપને જાણી શકતા નથી તેનું કારણ એ જ છે. તેઓ કહે છે: તે નજરે જોઇ શકાતું નથી. નાકથી સુંઘી શકાતું નથી કાનથી સાંભળી શકાતું નથી કે સ્પર્શથી અનુભવી શકાતું નથી, તેથી તે શું છે તે અમે જાણતા નથી. ક્યાંથી જાણે ? તેઓએ તેનો શોધ પદાર્થોમાં અને ઇન્દ્રિયદ્વારા જ કરવા પ્રયત્ન કર્યો છે. પરંતુ ત્યાંના અર્થાત્ પશ્ચિમના પણ જે જે તત્ત્વજ્ઞ પુરૂષો થઇ ગયા છે, તેમને પણ આપણા સમર્થ ઋષિમુનિઓ, યોગીઓ, મહાત્માઓની માફક ઇન્દ્રિયાતીત પ્રદેશમાં તે તત્ત્વનો અનુભવ કરવાની દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે. અને તે રીતે જ આ અદ્‌ભુત તત્ત્વનો અનુભવ કરી શક્યા છે.

બ્રહ્માંડભરના સ્થૂલ સૂક્ષ્મ પદાર્થોમાં આ તત્ત્વ અવિચ્છિન્ન રહેલું છે. અંતરમાં રહી તે અનેક રૂપ રૂપાંતરો પ્રકટાવે છે. એટલે આ સમગ્ર નામ રૂપાત્મક ભાસતું જગત્ અથવા સમગ્ર પ્રકૃતિ પ્રદેશ તે તત્ત્વના શરીરરૂપ છે. પરમાત્મસત્તા તેનો આત્મા છે. તમારો કહો કે મારો કહો, પ્રાણિઓનો કહો કે વનસ્પતિનો કહો, સર્વનો આત્મા

એક જ છે. સર્વના જીવનનો આધાર, સર્વનું મૂલ તે પરમાત્મ સત્તા છે, એ મહત્વનું સૂત્ર આપણા જીવનમાં આપણે આપણી દૃષ્ટિ સમીપ અખંડ રાખવાનું છે.

એ પરમાત્મ સત્તા શું છે એવો પ્રશ્ન આપણા અંતરમાં હવે જાગ્રત્ થયા વિના રહેતો નથી. અનેક સાધનોદ્વારા પરમાત્મસત્તાનું નામ આપણે સાંભળ્યું છે, પરંતુ તેના નામવિના વધારે કંઈ પણ આપણે જાણતા નથી એમ આપણને લાગે છે. તે સ્વરૂપની વ્યાખ્યા કરવામાં આવે છે તો તેથી પણ આપણને જોઈએ તેવો સંતોષ થતો નથી. પરમાત્માના સ્વરૂપને સમજાવવા શાસ્ત્રો, પુરાણોના ગ્રંથો ભરપૂર છે. છતાં તેનો મહિમા વર્ણવવાને કોઈ સમર્થ થયું નથી અને થશે નહિ, એ પણ અનેક દ્વારથી આપણે સાંભળ્યું છે. ત્યારે એ અગાધ મહિમાવાન્ તત્ત્વના સ્વરૂપને સમજવા શું કરવું? તેનો તત્ત્વરૂપે અનુભવ કરવો. એ જ પરિણામી આપણો ઉદ્દેશ છે. પૂર્ણ જીવનનો અનુભવ પણ આપણને ત્યારે જ થાય છે. સર્વના મૂલ કારણસ્વરૂપ પરમાત્માના દિવ્યસ્વરૂપનો અનુભવ કરવાથી જ સમગ્ર બ્રહ્માંડના ચમત્કારોની કુંચી આપણા હસ્તગત થાય છે. કારણ જે વિશ્વ ચમત્કૃતિ આપણી દૃષ્ટિએ પડે છે તે સર્વનું મૂલ તે જ છે. અનેક રૂપોને ધારણ કરતાં છતાં સ્વરૂપે અવિક્રિય, અખંડ, એકરસ રહે છે. તે આવું છે કે તેવું એમ કોઈ કહી શક્યું નથી. અનંત રૂપોમાં અનંત ચમત્કારો અનંત કાલથી પ્રકટાવતાં છતાં તેમાં લેશ પણ વિકાર નથી થતો. તે તત્ત્વનું સ્વરૂપ કલ્પનાથી બહાર ન હોય તો શું હોઈ શકે?

તત્ત્વ શોધનાં અનુરાગી બંધુ! ત્યારે એ તત્ત્વનો અનુભવ કેમ થઈ શકે એવી શંકાને પ્રાપ્ત ન થશો. આગળ જ આપણે એ નિર્ણય કર્યો છે કે આવી બાબતમાં શંકા ન ધરતાં શ્રદ્ધાને જ પ્રકટાવવાની અગત્ય છે. શ્રદ્ધાથી આપણે જે સામાન્ય રીતે તે પરમતત્ત્વનું સ્વરૂપ અનુભવીઓએ દર્શાવ્યું છે તેનો આધાર લઈ તેને સંપૂર્ણ સમજવાનાં અનેક સાધનોને આચારમાં મૂકીશું તો અવશ્ય આપણે આપણા લક્ષ્યની સિદ્ધિ કરી શકીશું એ નિર્વિવાદ છે. જગતનો ઇતિહાસ જોઈએ છીએ તો અનેક પ્રકારનાં સાધનોને સિદ્ધ કરી અનેક પુરુષોએ અનેક પ્રકારનાં લક્ષ્યને સિદ્ધ કરેલાં છે એ આપણને સ્પષ્ટ જણાય છે. અને જેમ જેમ આપણે તેનું વધારે વિસ્તારથી અવલોકન કરીએ છીએ

તેમ તેમ આપણને દૃઢ નિશ્ચય પૂર્વક સમજાય છે કે મનુષ્યને કંઈ પણ કાર્ય અશક્ય નથી, પણ મનુષ્ય સર્વ શક્તિમાન્ અર્થાત્ સર્વ કરવા સમર્થ છે.

પરમાત્મ તત્ત્વનું સ્વરૂપ સમજાવતાં આપણાં 'શાસ્ત્રો વગેરે કહે છેઃ તે સત્ છે, ચિદ્ છે. આનંદ છે. આ ત્રણ તેનાં સ્વરૂપ લક્ષણો જણાવે છે. **सत्यं ज्ञानं अनन्तं ब्रह्म** એ શ્રુતિવાક્ય પણ એ જ જણાવે છે કે તે સદ્રુપ છે, જ્ઞાનરૂપ છે અને અનંત છે. પરંતુ એટલા-માત્રથી સામાન્ય મતિમાં તેના સ્વરૂપની લક્ષણા ન થાય તે અર્થે પછી તેને અનેક રીતે સ્પષ્ટ કરવામાં આવે છે. તે સર્વ વ્યાપક છે, સર્વજ્ઞ છે, સર્વ શક્તિમાન્ છે એમ જણાવતાં કંઈક તેનો વિશેષ સ્ફોટ ઓછી સૂક્ષ્મ બુદ્ધિમાં પણ થાય છે. **रसो वै सः** તે રસરૂપ, પ્રેમ રૂપ છે. God is Love. તે જીવનરૂપ છે. God is Life એ વગેરે વચનો પરમાત્માના સ્વરૂપનું આપણી મતિમાં વિશેષ પ્રકારે ભાન કરાવે છે. સર્વ શાસ્ત્રોનો અને સર્વ અનુભવીઓનો સાર આટ-લામાંજ શમાય છે. બાકી અનેક ગ્રંથો, અનેક પ્રકારની તકરારોથી ઇશ્વરના સ્વરૂપનો નિર્ણય કરવા માટે છે; પરંતુ તે માત્ર વાદવિવા-દની ખાતર જ છે. શાસ્ત્રના અને તત્ત્વવિદ્યાના પ્રખર ગ્રંથો તો શું પરંતુ સામાન્ય ગ્રંથો પણ ન જાણનાર ઇશ્વરના સ્વરૂપને જાણવા સમર્થ થયા છે તેથી પૂર્વોક્ત લક્ષણો જ આપણે આપણી વૃત્તિમાં અખંડ રાખીશું તો બસ છે. તે સ્વરૂપને સમજવાનો માર્ગ નિરાળો જ છે. ઉપર જણાવ્યું છે તેમ તર્કથી કે બુદ્ધિથી તેનું જ્ઞાન થતું નથી. તેથી જ **अचिन्त्याः खलु ये भावा न तांस्तर्केण योजयेत्। प्रकृतिभ्यः परं यच्च तदचिन्त्यस्य लक्षणम्** ॥ અર્થાત્ જે મનના વિષયથી બહારની અચિંત્ય વસ્તુ હોય, તેમાં તર્ક લગાડવો નહિ. પ્રકૃતિથી જે પર છે તે અચિંત્ય છે. ગીતા પણ તે આત્માનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં કહે છેઃ **अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते** અર્થાત્ આ આત્મા અવ્યક્ત છે, અચિન્ત્ય છે અને વિકારમાત્રથી રહિત છે.

આ આત્મતત્ત્વ અથવા પરમાત્મ તત્ત્વમાં **एकोऽहं बहुस्याम्** નો સંકલ્પ સ્ફુરતાં આ જગત્ અસ્તિત્વમાં આવ્યું છે એ આપણે શ્રુતિ વચનથી જાણીએ છીએ. સંકલ્પ અથવા મન એ ઇશ્વરની પ્રકૃતિ છે. તે દ્વારા તે સ્થૂલ ભાવને પામે છે. વિશ્વ સમગ્ર એ વિશ્વાંતર્યામીનો

સ્થૂલ સંકલ્પ છે એમ વિશેષ વિચારથી આપણે જોઈ શકીએ છીએ. તમારા અને મારા, સર્વના સંકલ્પદ્વારા એ જ પરમાત્મસત્તા વિશ્વનું સ્થૂલ રૂપ ઘડયા કરે છે. સમગ્ર વિશ્વનું અત્યારે જે સ્વરૂપ રચાયેલું આપણી દૃષ્ટિએ આવે છે, તે પરમાત્માએ જ અસંખ્ય મનદ્વારા પ્રકટાવેલું છે. પરમાત્માને સ્થૂલ રૂપમાં પ્રકટવાનું દ્વાર વિશ્વવ્યાપી મન છે. પરંતુ તે મન તે પોતે નથી. તે તો તેના પૃષ્ઠ ભાગમાં અખંડ એક તત્ત્વરૂપે સદા સ્થિત છે, એ અનુભવી પુરુષો સારી રીતે જાણે છે.

જ્ઞાન અને ક્રિયાશક્તિ (બલ) નું સંયુક્ત સ્વરૂપ તે એ ઈશ્વર જ છે એમ પણ કહી શકાય. બલ અને ક્રિયાનો વેગ એ પ્રત્યેક સૂક્ષ્મ અણુમાં ગર્ભિત થયેલો વિજ્ઞાનવિદો પણ જોઈ શકે છે. પ્રત્યેક અણુ દેખીતા જડ પદાર્થના અંશરૂપ છતાં તેના મધ્યબિન્દુમાં આ બે પ્રકારના અંશથી યુક્ત છે એમ પ્રથક્કરણથી પણ સમજાયું છે. આ પ્રકારનાં ચેતનયુક્ત સૂક્ષ્મતમ પરમાણુસમૂહથી રચાયેલું જગત્ આરંભમાં કેવી સ્થિતિમાં હતું અને તેનો વિકાસ કેવી રીતે થયો એ સંબંધમાં અનેક પ્રકારની કલ્પનાઓ છે. એક શ્રુતિ કહે છે **आत्मन आकाशः संभूतः** આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું. વળી **तत्तेजोऽसृजत** અર્થાત્ પ્રથમ તેણે તેજને સર્જ્યું એમ ભિન્ન ભિન્ન રીતે વિચારો દર્શાવેલા આપણને જણાય છે. પાશ્ચાત્ય બાઈબલ જેવા ગ્રંથો વળી જૂદી જ કલ્પનાઓ કરે છે. એમ જીવનવિકાસના ક્રમસંબંધમાં વિવિધ કલ્પનાઓ છે.

(અપૂર્ણ.)

चु० ज० ओझा.

सांख्य योग.

(૬) સાંખ્યવિચાર–પંચશિખાચાર્ય.

(અનુસંધાન ૪૭ મી સદુપદેશશ્રેણી ના પૃષ્ટ ૫૪ થી)

સાંખ્યવિચારકોમાં આસુરિ પછી પ્રસિદ્ધ પુરુષ પંચશિખાચાર્ય થઈ ગયા છે. પાતંજલયોગસૂત્ર ઉપરના વ્યાસ ભાષ્યમાં નદાન બાવીસ સૂત્રવાકયોનાં અવતરણો આવે છે અને તે પંચશિખાચાર્યનાં છે એવું વાચસ્પતિમિશ્ર, ભાવાગણેશ ઇત્યાદિ ટીકાકારોના અભિપ્રાય પ્રમાણે જણાય છે. તે ઉપરાંત તત્ત્વસમાસ નામના ગ્રંથઉપર પંચશિખાચાર્યનું વિવરણ અથવા વ્યાખ્યા હતી એમ ભાવાગણેશની યોગસૂત્રવૃત્તિઉપરથી સમજાય છે. આ ઉપરાંત મહાભારતના શાંતિપર્વમાં મિથિલાના જનકરાજાના વંશના જનદેવ રાજાને ઉપદેશ આપનાર પંચશિખાચાર્ય હતા એમ સમજાય છે. મહાભારતના પ્રસંગનું અવલોકન કરતાં સમજાય છે કે પંચશિખ જો કે મહર્ષિ કપિલના અનુયાયી હતા તોપણ તેનો બોધ ઘણેભાગે સાંખ્યશાસ્ત્રના કરતાં ઔપનિષદ અધ્યાત્મવાદને મળતો છે. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય આત્માના શિખાસ્થાને રહેલા બ્રહ્મને તે જાણતા હતા તેથી તે મહર્ષિનું નામ પંચશિખ પડયું હતું; વળી તે કપિલમુનિના મતને અનુસરતા હતા તેથી તથા કાપિલા નામની બ્રાહ્મણીએ તેમને ધવડાવી ઉછેરેલા હોવાથી તે કાપિલેય કહેવાતા. તેમના ઉપદેશ ઉપરથી સમજાય છે કે ચાર્વાક અને બૌદ્ધ વિચારોના તે વિરોધી હતા, અને જો કે જગદ્‌વ્યવસ્થા સાંખ્યમતના પચ્ચીસ તત્ત્વને અનુસરતી તેમણે કરી હતી તોપણ સિદ્ધાન્તમાં તેઓ બ્રહ્મવાદી હતા. વળી ચાઇનીઝ બૌદ્ધસંપ્રદાય પ્રમાણે ૬૦૦૦૦ શ્લોકનો મોટો સાંખ્યગ્રંથ ષષ્ઠિતંત્ર નામનો હતો, અને તેના પ્રણેતા પંચશિખાચાર્ય હતા.

આ ષષ્ઠિતંત્રશાસ્ત્ર વાચસ્પતિઆદિ વિચારકો વાર્ષગણ્યનું હતું એમ કહે છે. આ ષષ્ઠિતંત્રમાં શા વિષયો આવેલા હતા તેનો સંગ્રહ

અહિર્બુધ્ન્ય સંહિતા બારમા અધ્યાયમાંથી મળી આવે છે, અને તે સૂચિઉપરથી સમજાય છે કે તે તંત્ર બે વિભાગમાં પડેલું હતું. પ્રથમ વિભાગને પ્રકૃતિમંડલ અને બીજા વિભાગને વિકૃતિમંડલ એવું નામ આપવામાં આવ્યું હતું. નીચેના સાઠ વિષયો તેમાં અનુક્રમે પ્રતિપાદન થયેલા હતા તેથી તેનું નામ ષષ્ટિતંત્ર પડેલું જણાય છેઃ—

	પ્રકૃતિમંડલ (૩૨)		વિકૃતિમંડલ (૨૮)
૧	બ્રહ્મતંત્ર	૧—૫	કૃત્યકાંડ
૨	પુરુષતંત્ર	૬	ભોગકાંડ
૩	શક્તિતંત્ર	૭	વૃત્તકાંડ
૪	નિયતિતંત્ર	૮—૧૨	પંચક્લેશકાંડ
૫	કાલતંત્ર	૧૩—૧૫	ત્રણ પ્રમાણકાંડ (પ્રત્યક્ષ,અનુમાન,શબ્દ)
૬—૭—૮	ત્રિગુણતંત્રો	૧૬	ખ્યાતિકાંડ (જ્ઞાન સ્વરૂપ પ્રકરણ)
૯	અક્ષરતંત્ર	૧૭	ધર્મકાંડ
૧૦	પ્રાણતંત્ર	૧૮	વૈરાગ્યકાંડ
૧૧	કર્તૃતંત્ર	૧૯	ઐશ્વર્યકાંડ
૧૨	સામિતંત્ર	૨૦	ગુણકાંડ
૧૩—૧૭	પાંચ જ્ઞાનતંત્ર	૨૧	લિંગકાંડ
	(જ્ઞાનેન્દ્રિયોને લગતું)	૨૨	દૃષ્ટિકાંડ
૧૮—૨૨	પાંચ ક્રિયાતંત્ર	૨૩	આનુશ્રવિકકાંડ
	(કર્મેન્દ્રિયોને લગતું)	૨૪	દુઃખકાંડ
૨૩—૨૭	પાંચ તન્માત્રાતંત્રો	૨૫	સિદ્ધિકાંડ
૨૮—૩૨	પાંચ મહાભૂતતંત્રો	૨૬	કાષાયકાંડ
		૨૭	સમયકાંડ
		૨૮	મોક્ષકાંડ

મૂલ ગ્રંથ લોપ પામ્યો જણાય છે અને સાંખ્યદર્શનનું વિપુલ સાહિત્ય આ ગ્રંથ સાથે અસ્ત થયું જણાય છે.

ઇશ્વર કૃષ્ણ (ઈ. સ. ૪૫૦).

સાંખ્યસંપ્રદાયની પરંપરા બૌદ્ધધર્મના સમયમાં લગભગ લોપ પામ્યા જેવી હતી તેનો સમુદ્ધાર વિંધ્યવાસી ઇશ્વરકૃષ્ણે સાંખ્યકારિકા-દ્વારા કર્યો જણાય છે. સાંખ્યશાસ્ત્રનું વિશુદ્ધ રૂપ આ પ્રાચીન કારિ-

કામાંથી મળે છે. ઇશ્વરકૃષ્ણ સંબંધી આપણી ઐતિહાસિક માહિતી બીજા બાહ્ય પ્રમાણુથી મળી આવી છે. બૌદ્ધ સાધુ પરમાર્થ ઈ૦ સ૦ ૫૪૬ માં ચીનદેશમાં આ ગ્રંથ લઈ ગયા હતા. ઈ૦ સ૦ ૫૫૭—૫૬૮ દરમીઆન પરમાર્થે આ કારિકા અને તેના ઉપરની ટીકાનું ચીનાઈ ભાષામાં ભાષાન્તર કર્યું હતું, અને તે અદ્યાપિ વિદ્યમાન છે. સાંખ્યકારિકાના કર્તાનું બીજું નામ વિંધ્યવાસી છે. તે બૌદ્ધ વસુબંધુના પહેલાં થઈ ગયા હતા એમ ચાઈનીઝ બૌદ્ધો માને છે. બૌદ્ધોનું એમ માનવું છે કે વિંધ્યવાસીના સિદ્ધાન્તનું વસુબંધુએ (૪૨૦—૫૦૦) ખંડન કર્યું છે. આ ઉપરથી ઇશ્વરકૃષ્ણનો જીવન સમય ચોથા સૈકામાં આવે છે, અને તે ગુપ્ત સમયમાં થયા જણાય છે. જે સમયમાં સંસ્કૃત સાહિત્ય પુનર્જીવનને પામ્યું હતું.

આ સાંખ્યકારિકાઉપર જે ભાષ્ય ઉપલબ્ધ છે તે ગૌડપાદનું ગણાય છે. આ ગૌડપાદ આદ્ય શંકરાચાર્યના પરમગુરુ હતા, અને માંડૂક્યકારિકાના કર્તા ગૌડપાદ જો સાંખ્યકારિકાના ભાષ્યકાર હોય તો તે આઠમા સૈકામાં થયા હોવા તેમજ ચીનાઈ ભાષાન્તરમાં આધાર તરીકે લીધેલી ટીકા જો ગૌડપાદનું જ ભાષ્ય હોય તો ઘણો ખુલાસો થાય. પરંતુ " તકાકસુ " ની (Takakusu) શોધ ઉપરથી એવું અનુમાન થાય છે કે તે આધારભૂત ટીકા ગૌડપાદ કરતાં જૂદી જણાય છે. મી. બેલવલકર જેઓ માથરવૃત્તિ પ્રસિદ્ધ કરનાર છે તેઓ જણાવે છે કે ચાઈનીઝ ભાષાન્તરના આધારભૂત ટીકા તે માથરવૃત્તિ હતી, પરંતુ જ્યાંસુધી માથરવૃત્તિ પ્રસિદ્ધ થઈ નથી ત્યાંસુધી ચોક્કસ નિર્ણયઉપર આવવું અશક્ય છે. અલ્બીરૂની (ઈ૦ સ૦ ૧૦૩૦) જે કારિકાની વિગત આપે છે તે ગૌડપાદનો ઉલ્લેખ કરે છે એટલે અગીઆરમા સૈકામાં ગૌડપાદ સાંખ્યભાષ્યકાર તરીકે પ્રસિદ્ધ હતા એમાં શક નથી.

વળી સાંખ્યકારિકાનું બીજું નામ સાંખ્યસપ્તતિ છે. તે ઉપર શ્રીશંકરાચાર્યની જયમંગલા નામની ટીકા છે એમ દક્ષિણ હિંદુસ્થાનનાં સંસ્કૃત પ્રતોના સૂચિપત્ર+ ઉપરથી જણાય છે. આ ગ્રંથ પ્રસિદ્ધ થાય તો કંઇક વિશેષ પ્રકાશ પડવા સંભવ છે; કારણ કે બ્રહ્મસૂત્ર ભાષ્યમાં શંકરાચાર્ય સાંખ્યદર્શનનું ખંડન કરે છે તેમાં મૂલ સાંખ્ય ભૂમિકા પૂર્વપક્ષની સાંખ્યકારિકાને અવલંબી કરે છે. ગૌડપાદ અને

+ See Catalogue of Senth Misan Sanscrit Mrs. Asiatic Society's Menograph. p. 201.

શંકરાચાર્ય બન્નેએ આ ગ્રંથને સાંખ્યનો પ્રમાણગ્રંથ સ્વીકાર્યો છે તેથી ઇશ્વરકૃષ્ણની સાંખ્યાચાર્યોમાં ઉચ્ચી પ્રતિષ્ઠા તે સમયમાં હશે એ નિર્વિવાદ છે.

(૭) સાંખ્યવિચારક વાચસ્પતિમિશ્ર (ઇ૦ સ૦ ૮૪૦).

ઇશ્વરકૃષ્ણની સાંખ્યકારિકાઉપર ભાષ્યકાર ગૌડપાદાચાર્યના સંબંધમાં વિશેષ વિવેચન વેદાન્તદર્શનમાં આવશે. પરંતુ સાંખ્ય વિચારકોમાં વાચસ્પતિમિશ્રની સ્વતંત્ર ગણના કરવા યોગ્ય છે. તેમની સાંખ્યતત્ત્વકૌમુદી—સાંખ્યકારિકા ઉપરની ટીકા સાંખ્યચંદ્રમાની ખરેખરી કૌમુદી જ છે. વાચસ્પતિમિશ્ર નૃગરાજાના સમયમાં થયા હતા; અને તેઓ મૈથિલ બ્રાહ્મણ હતા. એમની વિદ્વત્તા સર્વદેશી હતી, અને સર્વદર્શનઉપર તેમના લેખો છે. યોગદર્શનના વ્યાસભાષ્યઉપર પણ તેમની ટીકા છે. ન્યાયદર્શનમાં ઉદ્યોતકાર વાર્તિકઉપર તેમની તાત્પર્ય ટીકા છે; તથા ન્યાયસૂચિ નિબંધ નામનો સ્વતંત્ર લેખ પણ છે. બ્રહ્મસૂત્રના શાંકરભાષ્યઉપર તેમની ભામતી નામની પ્રસિદ્ધ ટીકા છે. તેઓ પોતાના વિચારમાં સર્વતંત્ર સ્વતંત્ર હતા; અને પ્રત્યેકશાસ્ત્રના મર્મ તેમને કરામલકવત્ સિદ્ધ હતા.

(૭) સાંખ્યવિચારક વિજ્ઞાનભિક્ષુ (ઇ.સ. ૧૬૫૦)

વાચસ્પતિમિશ્ર પછી સ્વતંત્ર સાંખ્યવિચારક વિજ્ઞાનભિક્ષુ અથવા વિજ્ઞાન યતિ થઇ ગયા છે. સાંખ્યસૂત્ર પ્રવચનભાષ્ય તેમનો સ્વતંત્ર શાસ્ત્રીય ગ્રંથ છે. તે ઉપરાંત સાંખ્યસાર અને યોગસાર નામના નિબંધો ઘણા પ્રસાદવાળા છે. તથા પાતંજલ ભાષ્ય વાર્તિક પણ અપૂર્વ પ્રતિભાવાળું છે. બ્રહ્મસૂત્રઉપર તેમનું વિજ્ઞાનામૃત નામનું અવિભાગ અદ્વૈત સિદ્ધાન્તનું પ્રતિપાદક મોટું ભાષ્ય છે. વિજ્ઞાનભિક્ષુ સર્વશાસ્ત્રોને એક તાત્પર્યગામી માનતા હતા, અને તેથી સર્વશાસ્ત્રના અવલોકનમાં ભૂરિકક્ષા ન્યાય સ્વીકારતા હતા. એટલે કે પ્રત્યેક દર્શન પોતપોતાની મર્યાદામાં અમુક સિદ્ધાન્ત પ્રતિપાદન કરી ચઢીઆતી દૃષ્ટિ ઉઘાડે છે, અને છેવટનું તાત્પર્ય અવિભાગ અદ્વૈતમાં આવે છે તેમ તેમનું મંતવ્ય હતું.

તેમના ગ્રંથોના સારસંગ્રાહક નાગેશ ભટ્ટ ૧૭૧૩ માં થઈ ગયા. તે ઉપરથી તેઓ તે સાલ પહેલાં થઇ ગયા તે નિર્વિવાદ છે. તેમના ત્રણ પ્રસિદ્ધ શિષ્યો હતા. ભાવાગણેશદીક્ષિત, પ્રસાદ માધવ યોગી, અને દિવ્યસિંહ મિશ્ર.

સાંખ્ય દર્શનમાં તેમના વિચારો સ્વતંત્ર ભાવથી ભરેલા છે. કેટલાક અંશમાં વાચસ્પતિમિશ્ર કરતાં તેઓ જૂદા અભિપ્રાય દર્શાવે છે.

વિજ્ઞાનભિક્ષુ પછી સાંખ્યશાસ્ત્રના પ્રસિધ્ધ ચિંતક કોઇ થયા નથી, અને સાંખ્ય દર્શનના વિચારો વેદાન્તદર્શનમાં અંતર્ગત થઈ ગયા છે, અને તે શાસ્ત્રના સંપ્રદાયના અભ્યાસકો નહિવત્ થયા છે.

વેદાન્તશાસ્ત્રના જગદ્વિષયક સિધ્ધાન્તો સાંખ્યઉપર બંધાયેલા છે, મોક્ષના તત્ત્વજ્ઞાનના સાધનભૂત વિચારો યોગઉપર ઘડાયેલા છે; અને બ્રહ્માત્મૈક્યવાદ ઉપનિષદોઉપર રચાયેલો છે.

(૮) સાંખ્યદર્શમાં વાચસ્પતિમિશ્ર અને વિજ્ઞાનભિક્ષુના સ્વતંત્ર વિચારો.

સાંખ્યદર્શનનાં મૂલતત્ત્વ પ્રકૃતિને ત્રિગુણાત્મિકા વર્ણવી છે. જગત્નું મૂલકારણ શુક્લ, લોહિત અને કૃષ્ણ વર્ણવાળી **અજા** છે એવું શ્વેતાશ્વતર ઉપનિષદ્માં તથા પૃથ્વી (અન્ન) જલ અને તેજના ત્રિવૃત્કરણથી એટલે એ ત્રણ દ્રવ્યોના યોગથી જગત્ ઉત્પન્ન થયું છે એ વિચાર છાન્દોગ્ય ઉપનિષદ્માં ગુંથાયેલો છે. આ ઔપનિષદ સિદ્ધાન્તમાંથી પ્રકૃતિની ત્રણ ગુણ વાળી ભાવના ઉત્પન્ન થયેલી સમજાય છે વળી અથર્વવેદમાં:—

પુંડરીકં નવદ્વારં ત્રિભિર્ગુણેભિરાવૃતम्
तस्मिन्यद् यक्षमात्मन्यत्तद्वैब्रह्मविदोविदुः

(अ. ८–४३.)

એ મંત્રમાં આપણા દેહને નવદ્વારવાળા કમલનું રૂપક આપી તે ત્રણ ગુણોવડે, જાણે કમલ કેસરવડે ઢંકાય તેમ ઢંકાયલું વર્ણવ્યું છે; અને તે કમલમાં પૂજન કરવા યોગ્ય કર્ણિકામાં (મનમાં) બેઠેલા આપણા અધ્યક્ષ ચેતનને બ્રહ્મવિદો યક્ષ કહે છે એવું વર્ણવ્યું છે. આ વર્ણનમાં ત્રણ ગુણોની પ્રાથમિક ભાવના શ્રુતિમાં ઉત્પન્ન થયેલી જણાય છે. પરંતુ ત્યાં ગુણ શબ્દ દોરીના—પાશના—અર્થમાં વપરાયો છે. વળી અન્ન, જલ, અને તેજના કૃષ્ણ, શુક્લ અને લોહિત વર્ણની ભાવનાવડે ગુણશબ્દ ધર્મનો વાચક થયો છે, અને જગત્ની ઘટના કરનાર ધાતુના અર્થમાં ત્રિવૃત્કરણમાં તે શબ્દ ગુંથાયો છે. આ દોરીની,

ધર્મની, અને ધાતુની ભાવનામાં ગુંથાએલા ગુણ શબ્દને સાંખ્યમાં પ્રકૃતિના ઘટક તત્ત્વ તરીકે સ્વીકારી તે શબ્દ સાંખ્યશાસ્ત્રનો તાંત્રિક અથવા પારિભાષિક શબ્દ થયો છે. પરંતુ સાંખ્યસટિકાકાર ઇશ્વરકૃષ્ણ, ભાષ્યકાર ગૌડપાદ, અને કૌમુદીકાર વાચસ્પતિ મિશ્રે આ ત્રિગુણનું સ્વરૂપ જેવું જોઇએ તેવું વ્યક્ત કર્યું નથી. તેમની વ્યાખ્યામાં તે શબ્દ ધમવાચક છે, અને મુખ્યત્વે કરીને ચિત્તની શાંત, ઘોર અને મૂઢ અવસ્થા અથવા વૃત્તિનો વાચક તે શબ્દ છે. એટલે કે જે ચિત્તની વૃત્તિ અથવા પરિણામ પ્રકાશક અથવા શાંત તે સત્ત્વગુણવાળો, જે દાહક અથવા ઘોર તે રાજસગુણવાળો, અને જે અંધારાવાળો અથવા મૂઢ તે તમોગુણવાળો એવા અર્થમાં ત્રણ ગુણો સમજવા છે. ભારતમાં પ્રવેશ પામેલી ભગવદ્ગીતામાં પણ આ ત્રણ ગુણો અવસ્થા અથવા ધર્મના વાચક વર્ણવાયા છે. સારાંશ સત્ત્વ રજસ્ અને તમસ્ તે ગુણો છે, ધર્મ છે, વિશેષણ છે એવો વિવેક થયો છે; પરંતુ તે સ્વયં ગુણી છે, ધર્મી છે, વિશેષ્ય છે એ ભાવના વિજ્ઞાનભિક્ષુએ જ સ્વતંત્ર તર્કથી સિદ્ધ કરી છે *એમ મેં પ્રથમ જણાવ્યું છે.

બીજું જ્ઞાનના ઉદયની પ્રક્રિયામાં વાચસ્પતિમિશ્ર અને વિજ્ઞાનભિક્ષુના વિચારમાં ભેદ છે. સાંખ્ય તથા યોગમાં પુરુષ ચિતિશક્તિરૂપ છે એટલે કે તે સ્વયંપ્રકાશ ચેતન છે, અને તે સાથે કૂટસ્થનિત્ય છે એટલે નિર્વિકાર સમસ્થિતિવાળો પદાર્થ છે; અને પ્રકૃતિનું વ્યક્તરૂપ જે ચિત્તસત્ત્વ (પ્રથમ વિકૃતિરૂપ મહત્‌નું વ્યક્તિમયરૂપ જે પ્રત્યેક પુરુષને વળગેલું મોક્ષપર્યંત રહે છે તે) તે દૃશ્યશક્તિરૂપ એટલે કે પુરુષના દર્શનને યોગ્ય પદાર્થ છે, વળી તે જડ છે, અને પરિણામિ નિત્ય છે એટલે કે પ્રવાહરૂપે નિત્ય છે સ્વયં નિર્વિકાર નિત્ય નથી. આ પ્રકારના સ્વભાવથી ભિન્ન ધર્મવાળા પદાર્થો—એક દૃષ્ટિરૂપ, બીજો દૃશ્યરૂપ એક ચેતન બીજો જડ, એક કૂટસ્થનિત્ય અને બીજો પરિણામિનિત્ય, એક સ્વયંજ્ઞાનરૂપ અને બીજો પરપ્રકાશવાળો—શી રીતે સંબંધમાં આવી અભિમાની તરીકે જીવત્વના, અને જગત્ તરીકે વિશ્વના અસ્તિત્વનું ભાન ઉત્પન્ન કરે છે એ જ્ઞાનના ઉદયની પ્રક્રિયાનો પ્રશ્ન છે. ભોગ અને મોક્ષ—એ બે પુરુષાર્થની સિદ્ધિ આ સંબંધવડે થાય છે. એના પૃથક્પણાનું સ્પષ્ટભાન ન હોવાથી પુરુષને સંસારનો ભોગ અને સ્પષ્ટ ભાન થવાથી એટલે કે વિવેકખ્યાતિથી પુરુષનો મોક્ષ આ નિર્ણય

* જુઓ "સાંખ્ય તથા યોગદર્શન"—પ્રકરણ પૃ. ૨૧ છાપેલું.

સાંખ્ય–યોગનો છે. ત્યારે આ પુરુષ–પ્રકૃતિનો યોગ–ભોક્તા અને ભોગ્યનો સંબંધ–કેવા પ્રકારનો છે! વાચસ્પતિમિશ્રનું એમ કહેવું છે કે પુરુષ-સાથે ચિત્તસત્વનો અથવા બુદ્ધિનો સંયોગ સંબંધ નથી; પરંતુ ચિત્ત-સત્વ અથવા બુદ્ધિ પુરુષના આભાસને અથવા છાયાને પોતામાં પ્રતિ-બિંબિત કરી પોતે સ્ફુરણવાળી, ભાનવાળી, ચૈતન્યવાળી અથવા વિજ્ઞાનવાળી થાય છે. પરંતુ આ ખુલાસામાં પુરુષના ભોક્તાપણાનો ખુલાસો થતો નથી. તે વડે તો બહુ થાય તો ચિત્તસત્વ અથવા બુદ્ધિ પોતે ભોક્તાપણાનું અભિમાન કરે પરંતુ પુરુષનું ભોક્તૃત્વ અનુભવાય તે બને નહિ. આ અગવડને ઉકેલવા મથે છે. તે કહે છે કે પુરુષ અને પ્રકૃતિ સંનિધિમાં આવે છે એટલે કે અત્યંત નજીક આવે છે, ત્યારે તે બેનો યોગ્યતાસંબંધ હોવાથી એકમાં ભોક્તૃત્વ પ્રકટ થાય છે, અને બીજામાં ભોગ્યત્વ પ્રકટ થાય છે, જો કે બંને વસ્તુતઃ અલગ રહે છે. આ સંનિધિવડે સમાંતર લીટી જેવી,–વસ્ત્રના બે ઉભા દોરા જેવી–સ્થિતિ થવાથી પુરુષમાં વિશ્વનું ભાન અને સુખ દુઃખનું ભોક્તૃત્વ, અને ચિત્તસત્વને વિશ્વને પોતાના ખોળામાં લઈ સુખદુઃખની સામગ્રી ખડી કરવાનો ધર્મ (ભોગ્યત્વ) પ્રકટ થવાની પ્રક્રિયા અયસ્કાંત મણિ વડે–લોહચુંબકવડે–સમજાવવામાં આવે છે. જેમ લોહચુંબક પોતે સ્થિર રહે, અને અમુક અંતરમાં લોઢાની ટાંકણી આવે કે તેને ખેંચી પોતાની બાજુએ વળગાડે તેમ પ્રકૃતિનો ચિત્તસત્વદ્વારથી આવતો સુખદુઃખરૂપ ભોગ પુરુષને વળગે છે. વિજ્ઞાનભિક્ષુ કહે છે કે સંનિધિવડે યોગ્યતા સંબંધવડે બળાત્કારથી ભોગનો ખુલાસો કરો તો મોક્ષનો ખુલાસો થતો નથી. જો યોગ્યતા સંબંધ હોય તો તે નિત્ય જ હોવો જોઇએ. જ્યાં સુધી લોહચુંબક લોહચુંબક તરીકે હોય અને જ્યાંસુધી લોઢાની ટાંકણી અમુક મર્યાદામાં આવે કે તણાવાની યોગ્યતા હોય તો આ યોગ્યતાનું નિવારણ મર્યાદાનું અતિક્રમણ કર્યા વિના થઈ શકતું નથી. આજે હું અમુક મર્યાદાનું યોગ્યતાજન્ય નિત્યસિદ્ધ આકર્ષણ છે, તેવુંજ પુરુષ અને પ્રકૃતિ (ચિત્તસત્વ)નું નિત્યસાંનિધ્ય હોવાથી ભોગ વિનાની બીજી સ્થિતિ સંભવતી જ નથી, એટલે અખંડ ભોગવાળો પુરુષ રહેવો જોઇએ અને તેમ સ્વીકારીએ તો મુક્તત્વને અથવા કૈવલ્યને અવકાશ જ રહેતો નથી. આથી વિજ્ઞાનભિક્ષુના અભિપ્રાય પ્રમાણે ભાનવાળી દશામાં પુરુષ અને તેના ચિત્તસત્વનો કોઇક સત્ય સંબંધ હોય છે આ સંબંધ અથવા સંયોગનો સ્વીકાર કરવાથી પુરુષને સવિકારપણું પ્રાપ્ત થતું નથી.

વિકારવાળા દ્રવ્યમાં નવા નવા ધર્મો પ્રકટ થાય છે; નિર્વિકાર દ્રવ્યમાં અંતસ્થ ધર્મો બદલાતા નથી. નિર્વિકાર અને સવિકારનો સંબંધ અથવા યોગ થાય ત્યારે નિર્વિકાર વસ્તુ પોતાના સ્વભાવથી ભ્રષ્ટ થતી નથી. જેમ અગ્નિના ધુમાદિ વિકારોથી આકાશ સંબધમાં રહ્યા છતાં મલિનતાવાળું વસ્તુતઃ થતું નથી, તેમ ચિત્તના અનંત વિકારોથી પુરુષની સ્વભાવ નિર્મલતા અને સ્વપ્રકાશના નિવૃત્ત થતી નથી. તોપણ જેમ આકાશ મેલું હોય એમ દેખાય છે તેમ પુરુષ પણ ભોગવાળો–વિકારી હોય નહિ શું–એવો દેખાય છે. આ સંબંધ કંઈ કલ્પિત નથી પરંતુ સત્ય છે અને તે એવા પ્રકારનો છે કે પુરુષની ચિતિશક્તિ ચિત્તસત્વમા પ્રતિભાસ પામે છે, અને ચિત્તસત્વના વૃત્તિરૂપ પરિણામો અથવા વિકારોની છાયા પુરુષમાં પડે છે. આ પરસ્પર છાયાપત્તિવડે પુરુષમાં ભોક્તૃત્વ જાગે છે, અને બુદ્ધિમાં ભાનવાળી સ્થિતિ જાગે છે. આ પરસ્પર ધર્મનો વિનિમય થવો–ચિતિનો બુદ્ધિમાં પ્રકાશ ધર્મ, અને બુદ્ધિનો પુરુષમાં ભોગરૂપ ફલાર્પણ–એનું નામ સંસાર છે. આ સંસારદશામાં પણ જેવી રીતે બુદ્ધિ અથવા ચિત્તસત્વ વિકારી થાય છે તેવો વિકાર પુરુષમાં વસ્તુતઃ થતો નથી કેમકે તે આકાશ જેવો કૂટસ્થ છે, પરંતુ બુધ્ધિથી પૃથક્ તે તત્ત્વ છે એવો વૃત્તિમય અનુભવ જ્યાં સુધી જાગ્યો નથી ત્યાં સુધી પુરુષનું જાણે નિત્ય ભોક્તૃત્વ હોય એવી સમજણ ચાલ્યા કરે છે. પરંતુ ચિત્તની નિરોધ અવસ્થા ઉત્પન્ન થવાથી પુરુષમાં ભોગની છાયાપત્તિ અથવા અર્પણ થતું નથી અને ત્યારે પુરુષની ચિતિશક્તિ સ્વરૂપે પ્રતિષ્ઠિત રહે છે, અને તેને કૈવલ્ય અથવા મોક્ષ કહે છે. એકવાર પણ આવી નિરોધ અવસ્થા ઉત્પન્ન થાય તો વ્યુત્થાન અવસ્થા જે ભોગની નિર્વાહક છે તેની બાધક થાય છે. જેમ આકાશ ધુમવાળું છે એ સામાન્યજ્ઞાન આકાશ નિર્લેપ છે એ શાસ્ત્રીય જ્ઞાનથી બાધિત થાય છે તેમ નિરુધ્ધ ચિત્તનો અનુભવ વ્યુત્થાન ચિત્તના અનુભવનો બાધક બને છે. તત્વજ્ઞાનના સિધ્ધાન્તમાં ભિક્ષુનો અભિપ્રાય વધારે ઝીણવટ વાળો અને યુક્તિપુરઃસર સમજાય છે.

ત્રીજું વિજ્ઞાનભિક્ષુ આપણી જ્ઞાનેન્દ્રિયોને સ્વતંત્ર વિજ્ઞાનની ઉત્પત્તિ કરવાની શક્તિ છે એવું જણવે છે. ચક્ષુરાદિ ઇન્દ્રિયો સ્વતઃ રૂપાદિ પદાર્થોને વ્યક્ત કરે છે, અને તેની અભિવ્યક્તિમાં અથવા સાક્ષાત્કારમાં અંતઃકરણ એટલે મનના ઉપકારની તેને જરૂર નથી. ઇન્દ્રિયો આ પ્રમાણે સવિશેષ અથવા સવિકલ્પ પ્રત્યક્ષ જ્ઞાન આપે છે; અને

મન સંશય, વિકલ્પ, રાગ, દ્વેષ ઇત્યાદિ ભાવો અને ક્લેશોનું આલંબન સ્થાન છે, અને બુધ્ધિ તે સ્વતંત્ર વિજ્ઞાનની ઉત્પત્તિનું સાધન અને આશ્રય છે.

વાચસ્પતિમિશ્ર કહે છે કે ચક્ષુરાદિ ઇન્દ્રિયો પોતે જે ઇન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન કરે છે તે ઝાંખુ અથવા અસ્પષ્ટ અથવા નિર્વિકલ્પ હોય છે. તે ઐન્દ્રિયક જ્ઞાનનું પૃથક્કરણ, સંયોગીકરણ, એકીકરણ કરવાનું સામર્થ્ય મનનું છે, અને તે વિકલ્પવૃત્તિઓને બાજુ ઉપર મૂકી સંકલ્પવૃત્તિઓને એક બાજુ ઉપર લાવી બુધ્ધિને પદાર્થ નિર્ણય કરવાનું સોંપે છે. એટલે કે વ્યક્તિનું તથા જાતિનું ભાન મન કરે છે. ઇન્દ્રિયો વ્યક્તિ તથા જાતિને સ્પષ્ટ કરતી નથી; પરંતુ તે ઝાંખી આકૃતિઓ મન-આગળ રજુ કરે છે.

વાચસ્પતિમિશ્રના અભિપ્રાય પ્રમાણે ચક્ષુરાદિ ઇન્દ્રિયો મનદ્વારા જ બુધ્ધિવડે વિજ્ઞાનની ઉત્પત્તિ કરે છે; જ્યારે વિજ્ઞાનભિક્ષુના અભિપ્રાય પ્રમાણે ચક્ષુરાદિ ઇન્દ્રિયો સ્વતંત્ર રીતે બુધ્ધિની સહાયથી રૂપાદિ પ્રત્યક્ષને ઉત્પન્ન કરે છે.

ચોથું તન્માત્રાના ઉદય સંબંધમાં વાચસ્પતિમિશ્ર અને વિજ્ઞાન-ભિક્ષુમાં મતભેદ છે, વાચસ્પતિમિશ્રના અભિપ્રાય પ્રમાણે પ્રકૃતિના પ્રથમ વિકાર મહત્માંથી અહંકારદ્રવ્ય પ્રકટે છે. અને અહંકારમાંથી તેના તમોમય ભાગમાંથી શબ્દાદિ તન્માત્રાઓ જાગે છે. વ્યાસ ભગવાન્ અને વિજ્ઞાનભિક્ષુના અભિપ્રાયપ્રમાણે મહત્ અથવા બુદ્ધિતત્ત્વના આવરણમંડલમાં જ અહંકાર અને તન્માત્રાઓનું દ્રવ્ય પૃથક્ પડે છે; જેમ દુધના પ્રથમ દધિરૂપ વિકાર કાળે જ છાશ અને માંખણના અંશો પૃથક્ પડે છે; માત્ર વલોવવાની ક્રિયાથી તે બે વિભાગ વ્યક્ત થાય છે તેમ મહત્રુપ દધિમાં અહંકારરૂપ માંખણ અને તન્માત્રારૂપ છાશ અંતસ્થ વિભાગવાળી થાય છે. પરંતુ તૈજસ્ અહંકાર જે રજઃ પ્રધાન છે તેના મંથનવડે વૈકારિક અને ભૂતાદિ એવી બે શાખા માંખણ અને છાશના જેવી છૂટી પડી જાય છે. સારાંશ દધિમાં જેમ માંખણ અને છાશ એ બેનું વ્યક્તાવ્યક્તપણું, ભેદાભેદપણું હોય છે, તેમ મહત્માં અભિમાન અને જડતા—અહંકાર અને શબ્દાદિ તન્માત્રા અને એ બેનું સંમિશ્રણ હોય છે. તૈજસ્ અહંકારના ઉદય પછી એક બાજુએ વ્યક્તિનું પૃથક્ હુંપણાનું અભિમાન અને બીજી બાજુએ વિશ્વના ઘટક શબ્દાદિ તન્માત્રાઓમાં તે પણાનું—દૃશ્યપણાનું ભાન થઇ જાય

છે. અને જ્યાં સુધી આ હુંપણાના અભિમાનના અંશો, અને તે પણાના તન્માત્રાના અંશો એક મહત્‌ના ખંડના આશ્રયમાં રહે છે. ત્યાં સુધી એક દેહપણાનું—એક સંઘાતનું ભાન રહે છે. જેમ વલોવેલા દહીંમાં માખણ છાસ સાથે એક આશ્રયવાળું રહે તેમ સંઘાતનું—કાર્યકર નું એક અભિમાન રહે છે. જો તન્માત્રાના અંશો એક દેહ આશ્રયથી પૃથક પડી સમષ્ટિના દેહના આશ્રયમાં જાય તે તદ્દન જડ શબ્દાદિ વિષયો અને પંચભૂતના વિકારો ગણાય. જેમ ઉપયોગ પુરતી છાશમાં માંખણ રાખી બાકીની છાશ અન્યના ઉપયોગમાં આપીએ, અને તે કેવળ છાશ કહેવાય તેમ દેહથી પૃથક્ પડેલા પદાર્થો કહેવાય છે. જો કે ઉત્પત્તિ ક્રમમાં તે દૃશ્યપદાર્થોનાં તત્ત્વો આપણી સાથે સગાઈ સંબંધ અસ્મિતાદ્વારા હોય છે

બાહ્ય જગતનાં શબ્દાદિ તન્માત્રાઓ અને તેના સ્થૂલ વિકારરૂપ પૃથિવ્યાદિ મહાભૂતો અને તેનાં કાર્યો ઘટાદિ—એ સર્વ મહત્‌ના અંડમાંથી ઉત્પન્ન થાય છે. એ વિજ્ઞાનભિક્ષુની સૃષ્ટિપ્રક્રિયાનો સ્વીકાર કરવા વડે ચિત્તસત્વ (બુદ્ધિ અથવા મહત્) યોગદ્વારા ભૂતવિકારોના સામાન્ય અને વિશેષોને પ્રત્યક્ષ કરી શકે. કારણ કે તેનો બુદ્ધિસાથે સગોત્ર સંબંધ છે. જો કેવલ અહંકાર અથવા અસ્મિતાના જ પરિણામરૂપે તન્માત્રાઓ હોય તો તેના સામાન્ય અને વિશેષોનું યોગજન્ય પ્રત્યક્ષ માત્ર અહંકારની ભૂમિકામાં જ આવી અટકે, અને તે અહં મર્યાદિત હોવાથી અમર્યાદિત વિશ્વના પદાર્થોનું યોગ જ ધર્મજન્ય પ્રત્યક્ષ સામાન્યપ્રત્યક્ષ ક્યાં કદી ચઢીઆતું હોઈ શકે નહિ. વિજ્ઞાનભિક્ષુ પતંજલિના યોગસૂત્ર અને વ્યાસભાષ્યના આધારે જણાવે છે કે મનુષ્યનું ચિત્ત સત્ત્વ મહત્તત્ત્વરૂપ હોવાથી સ્વયં અમર્યાદિત શક્તિવાળું છે, અને તે અહંકાર દ્રવ્યના ખંડવડે ખંડિત અંડ જેવું છે, પરંતુ બ્રહ્માંડના અંડ કટાહસાથે તે અભિમાનિના પિંડાંડનો સંબંધ છે. સામાન્ય નિયમથી તો તે પિંડાંડમાં જ વિહાર કરી શકે છે. અને તેની સઘળી જ્ઞાન અને ક્રિયાશક્તિઓ ક્લેશ, કર્મ અને વિપાકને લીધે નિયંત્રિત થઈ મર્યાદિત થયેલી હોય છે. પરંતુ તેનો હિરણ્યગર્ભ અથવા સૂત્રાત્મા અથવા મહત્તત્ત્વનો અભિમાની સાથેનો સંબંધ નિઃશેષ તુટેલો હોતો નથી. આપણા દેહ મર્યાદાથી બહાર રહેલા વિશ્વના ભૌતિક પદાર્થોનાં પાંચરૂપો હોય છેઃ—(૧) સ્થૂલરૂપ (૨) સ્વરૂપ, (૩) સૂક્ષ્મરૂપ, (૪) અન્વયી રૂપ, અને (૫) પુરુષના અર્થભૂત ત્રિગુણાત્મકરૂપ,

ઉદાહરણ તરીકે એક સામાન્ય દેખાતો ઘટ વિશ્વનો એક સ્થૂલરૂપવાળો પ્રથમ ભૂમિકાનો પદાર્થ છે. તે સ્થૂલ પદાર્થનું પૃથિવીદ્રવ્ય એ સ્વરૂપ છે અને તેથી તેમાં ગંધપ્રધાન અને બીજા ચાર ગુણો ગૌણ રહેલા છે. તે પૃથિવીનો ખંડ જે ગંધતન્માત્રામાંથી પ્રકટ થયો છે તેમાં આશ્રિત છે. તે ગંધતન્માત્રાનું દ્રવ્ય પૃથિવીખંડનુ અંતર્ગત રૂપ છે. અને તેથી સૂક્ષ્મ ઘટનું તે સૂક્ષ્મરૂપ છે. તે તન્માત્રાના ભીતર પ્રદેશમાં રહેલું દ્રવ્ય તે ત્રિગુણાત્મક ચેતન, ક્રિયા અને સ્થિતિને કાલક્રમવડે પ્રકટ કરનારું હોય છે અને તેનું નામ અન્વયી રૂપ કહે છે અને તે ઘટનું ચોથું રૂપ છે. આ ચોથારૂપથી પણ પર પાંચમુંરૂપ તે ઘટના દ્રવ્યનું હોય છે અને તે અમુક પુરુષને અમુક પ્રકારના ભોગ ઉત્પન્ન કરે તેવી યોગ્યતાના સંસ્કારવાળુ હોય છે. આવી યોગ્યતાવાળા દ્રવ્યને અર્થ-વત્ત્વ કહે છે. વિશ્વનો ઘટરૂપ પદાર્થ કોઈપણ પુરુષના અનુભવનો અને ભોગ સાક્ષાત્કારના વિષયરૂપ હોય છે. તે અર્થ ક્રિયા કરવાના સામર્થ્ય-વિનાનું પદાર્થનું સત્ત્વ સ્વીકારાતું નથી. કોઈપણ અનુભવ કરનારના સંબંધવિનાનું પદાર્થનું સત્ત્વ સાંખ્યશાસ્ત્રમાં સ્વીકાર્યું જ નથી. આ જગત્ પુરુષના અત્યંતાભાવ વાળું હોય એ સંભવતું જ નથી કારણ કે કોઇના પણ ભોગ્ય અથવા દૃશ્યપણામાં જે ન આવે તેનું સત્વ શી રીતે સાબીત થાય, સારાંશ અનુભવ કરનારના અસ્તિત્વ ઉપર જ પદાર્થના સત્વનું અવલંબન છે અને તેથી સત્વનો અર્થ અર્થક્રિયાકારિત્વ એટલે કે કોઇના પણ ભોગના સાધનરૂપ હોવાપણું એવું માન-વામાં આવે છે.

આ પ્રમાણે એક સામાન્ય ઘટ સ્થૂલ આકૃતિવાળો, મૃત્તિકાના સ્વરૂપ ગંધ તન્માત્રામાં રમતો, સ્થિતિ આદિ ધર્મને જણાવતો અને અમુક પુરુષને દૃશ્ય થઇ તેની અર્થ ક્રિયાને સાધતો પ્રકૃતિ પ્રદેશમાં હોય છે. પુરુષને આ ઘટ જેવો પદાર્થ જ્ઞાતાજ્ઞાત દશામાં હોય છે, જ્યારે બુદ્ધિવૃત્તિથી વેષ્ટિત થાય ત્યારે જ્ઞાત થાય; બુદ્ધિના વેષ્ટનથી દૂર થાય ત્યારે અજ્ઞાત થાય; એક અંશમાં જ્ઞાત હોય અને બીજા ઘણા અંશોમાં અજ્ઞાત હોવાથી તે જ્ઞાતાજ્ઞાત ગણાય છે. લૌકિક પ્રત્યક્ષ, અને વિજ્ઞાનનાં સાધનોવાળા પ્રત્યક્ષ વડે આપણે ઘટનું સ્થૂલરૂપ, તેનું સ્વરૂપ, અને બહુ થાય તો સૂક્ષ્મરૂપ જાણી શકીએ છીએ. પરંતુ તેની ત્રિગુણના તારતમ્યવાળી ચોથી અવસ્થા, અને કયા કયા પુરૂષના ભોગસંબંધ વાળી તેની યોગ્યતા છે તેનું ભાન લૌકિક ઇન્દ્રિયપ્રત્યક્ષથી કે શાસ્ત્રીય

મનોમય પ્રત્યક્ષથી થઇ શકતું જ નથી, અને તેનું સાધન તે તે વિષયો સંપ્રજ્ઞાત યોગ જ છે. તે સંપ્રજ્ઞાત યોગ—ધારણા ધ્યાન અને સમાધિનો એક વિષયક પ્રયોગ જેનું પારિભાષિક નામ સંયમ છે તે તે પદાર્થનાં ગુણોનો અન્વય અને અર્થવત્વ કેવા પ્રકારનો છે. તેનું સત્યજ્ઞાન પ્રકટ કરે છે. આથી તન્માત્રાઓ એકલા અહંકારમાંથી જ પ્રકટ થતી નથી. પરંતુ મૂલ મહત્‌માં તે ભૂતાદિનો વિચ્છેદ આવરણ દ્રવમાં થયેલો તરવરતો હોય છે. અને તે વસ્તુ સ્થિતિને લીધે જ યોગ જ ધર્મ ભૂતાદિના વિકારોનો પુરુષના ભોગના સંસ્કાર પર્યંત સાક્ષાત્કાર કરાવી શકે છે.

(૯) યોગ યોગનું પ્રાચીનત્વ અને તેનું સર્વમાન્યત્વ—યોગનું વેદત્રયીમાં તથા બૌદ્ધ તથા જૈન દર્શનમાં સ્થાન.

તત્ત્વદર્શનના ઉપાય તરીકે યોગને વેદકાલથી પ્રતિષ્ઠા મળી છે. જે પ્રમાણવડે વસ્તુનું સત્યસ્વરૂપ સમજાય છે તે પ્રમાણોના નિરૂપણમાં પ્રત્યક્ષ, અનુમાન, અને આગમ—એ ત્રણેને શિવના ત્રિનેત્રની ઉપમા આપવામાં આવે છે. તેમાં પ્રત્યક્ષ—લૌકિક અને અલૌકિક અથવા લોકોત્તર એમ બે પ્રકારનું છે. લૌકિક પ્રત્યક્ષ આપણી પંચજ્ઞાનેન્દ્રિયો અને મનવડે થાય છે, ત્યારે અલૌકિક પ્રત્યક્ષના સાધન તરીકે પ્રાચીનો યોગને માને છે; અને તે યોગ જ ધર્મવડે સંસ્કૃત થયેલું મન અથવા બુદ્ધિ પદાર્થોના ઘણા વિષયોને પ્રકટ કરે છે. **युज्** ધાતુ જેમાંથી યોગ શબ્દની નિષ્પત્તિ થઈ છે તેનો પાણિનિના સમયથી બે પ્રકારનો અર્થ સિદ્ધ થયો છે (૨) **युजियोगे** એટલે કે "સંબંધ" ના અર્થમાં અને **युज् समाधौ** એટલે કે એકાગ્રતા અથવા નિરોધના અર્થમાં આરણ્યક અને ઉપનિષદોમાં તો સવિસ્તર યોગવિધિ આવે છે, અને અથર્વવેદનાં નિદાન અગીઆર ઉપનિષદો તો યોગ +પ્રધાન છે.

બ્રાહ્મણધર્મના પ્રાચીન ગ્રંથોમાં યોગનું વિધાન છે એટલું જ નહિ, પરંતુ બૌદ્ધદર્શન અને જૈન દર્શનમાં યોગપધ્ધતિનો સ્વીકાર છે. બૌધ્ધધર્મના પ્રાચીન સતીપત્થાન (સત્ય પ્રસ્થાન) સૂત્રમાં યોગની પ્રક્રિયા છે. મહાત્મા ગૌતમબુધ્ધની "બોધિ" યોગનું જ ફૂલ છે, અને તેમનો સઘળો આચારધર્મ યોગને અવલંબી ઘડાયો છે.

+ જુઓ પ્રકરણ વેદકાલીન તત્ત્વદર્શનની રૂપરેખા. ૧૫.

જૈનોના પ્રાચીન વિચારકોએ યમ નિયમાદિ સાધનોઉપર ઘણો ભાર મૂક્યો છે, અને હેમચંદ્રાચાર્યે તો જૈનદર્શનને અનુસરતું સ્વતંત્ર યોગ-શાસ્ત્ર પણ રચ્યું છે.

બ્રાહ્મણોના પૌરાણિક અને તંત્ર ધર્મમાં પણ યોગનો સ્વીકાર છે. નૈયાયિકો અને કણાદ મતના અનુસરનારાઓ પણ પાશુપત યોગનો સ્વીકાર કરે છે. સારાંશ બ્રાહ્મણોનાં શ્રુતિ, સ્મૃતિ, ઇતિહાસ, પુરાણો, આગમો અને તંત્રોમાં યોગનો સ્વીકાર છે. એટલું જ નહિ પણ બૌધ્ધોની સર્વ શાખાઓમાં અને જૈન મતના સર્વ વિભાગોમાં યોગને ઇષ્ટ માન્યો છે. વિષયનો અથવા દેવતાનો ભેદ ગમે તેટલો હોય તો પણ યોગ પધ્ધતિનો સ્વીકાર સર્વને છે.

(૧૦) યોગનું મૂલશાસન કરનાર દ્વૈતાનુસારી હિરણ્યગર્ભ અને અદ્વૈતાનુસારી મહેશ્વર—અનુશાસન કરનાર દ્વૈતાનુ-સારી પતંજલિ અને અદ્વૈતાનુસારી યાજ્ઞવલ્ક્ય

યોગ એ અલૌકિક અનુભવનો ઉપાય છે તે સર્વસંમત છે તો પણ તે શી રીતે તેવો અનુભવ ઉત્પન્ન કરી શકે છે તે બાબત તાત્વિક-ચિંતન શાસ્ત્રીય પધ્ધતિથી કરવાનું માન ભગવાન્ પતંજલિને છે.

પતંજલિ પોતાના યોગસૂત્રને અનુશાસન એવું નામ આપે છે તેથી તેઓ આ શાસ્ત્રના નવીન કર્તા ન હતા પણ વ્યવસ્થાપક અથવા ઉધ્ધારક હતા એમાં સંશય નથી. પતંજલિ પૂર્વે યોગનું શાસન કોણે કરેલું તે બાબત શોધ કરતાં જણાય છે કે જેવી રીતે કપિલ-મુનિને સાંખ્યદર્શનના આદ્યદ્રષ્ટા માનવામાં આવે છે, તેવી રીતે હિરણ્યગર્ભને (આદ્ય જગત્ સૃષ્ટા પુરુષને) યોગના આદ્યદ્રષ્ટા માનવા-માં આવે છે. યાજ્ઞવલ્ક્યમુનિ કહે છે કે;—

हिरण्यगर्भो योगस्य वक्तानान्यः पुरातनः ॥

આ હિરણ્યગર્ભ અને કપિલનો સભેદ વસ્તુરૂપે છે. એવું પ્રતિ-પાદન કપિલ મહર્ષિના પ્રકરણમાં આપણે કર્યું છે. વળી હિરણ્યગર્ભ તે બ્રહ્માંડના અધ્યક્ષ આદિત્ય અથવા વિવસ્વાન્ અને તેમણે મન્વાદિ પ્રજાપતિને રાજયોગ બતાવ્યો. એવી સંપ્રદાયનું વર્ણન આપણે ભગવદ્ગીતામાં જોઈએ છીએ. આ યોગ સંપ્રદાય જ્યારે જ્યારે લોપ થાય, ત્યારે ત્યારે આદિ પુરુષદ્વારા કોઈ દૈવી વ્યક્તિ તે પ્રાપ્ત કરી તેનો સમુ-દ્ધાર કરે છે. તેવો શાસ્ત્રીય સમુદ્ધાર વેદના અદ્વૈતમતને અનુસરતો

યોગીશ્વર યાજ્ઞવલ્ક્યે કર્યો જણાય છે. અને સાંખ્યના દ્વૈતમતને અનુસરતો ભગવાન્ પતંજલિએ કર્યો જણાય છે.

વળી કવિભાસનાં નાટકો ઉપલબ્ધ થયાં છે તેમાંના એક નાટકનાં પાત્રના અવતરણ ઉપરથી સમજાય છે કે હાલના પ્રસિદ્ધ પાતંજલ યોગ શાસ્ત્ર કયાં જૂદો માહેશ્વરયોગશાસ્ત્ર નામનો ગ્રંથ આ મૂલ માહેશ્વરયોગશાસ્ત્ર અથવા પાશુપતયોગ તંત્રમાં આઠ કાંડ હતાં એમ **अहिर्बुध्न्य संहिताना** બારમા અધ્યાયમાંથી જણાય છે. તેમાં અનુક્રમે આઠ વિષયો ચર્ચાયેલા હતા :—

(૧) પતિકાંડ, (૨) પશુકાંડ, (૩) પાશકાંડ. (૪) શુદ્ધચર્યાકાંડ, (૫) મિશ્રચર્યાકાંડ. (૬) દેવકાંડ, (૭) દીક્ષાકાંડ. (૮) સાયુજ્યકાંડ, ગ્રંથ હતો. આ યોગ શાસ્ત્ર હજાંયે ઉપલબ્ધ નથી. પરંતુ કાશ્મીરીઓના ત્રિકદર્શને એટલે જીવ, જગત્ અને ઈશ્વરના અંતર્ગત અભેદ ઉપર રચાયેલા પ્રત્યભિજ્ઞાશાસ્ત્રના આધાર શિવસૂત્ર ઉપર છે. આ શિવસૂત્રો તે માહેશ્વરસૂત્રો હશે કે કેમ તે નિર્ણય કરવો કઠિન છે. પરંતુ એટલું તો ખાત્રી છે કે તેમાંની એક પ્રણાલિકા હિરણ્યગર્ભના મતને અનુસરતી એટલે સાંખ્ય દ્વૈતમતને અનુસરતી હતી. અને બીજી પ્રણાલિકા શ્રુતિના એટલે નિગમના અને તંત્ર એટલે આગમના અદ્વૈતમત ઉપર ઘડાયેલી માહેશ્વર સંપ્રદાયની હતી. માહેશ્વરોના માર્ગમાંથી પાશુપત દર્શનની શાખા કંઈક દ્વૈત છાયાવાળી નિકળી તેમણે પાશુપતયોગનું વિધાન કર્યું છે. માહેશ્વર યોગ સંપ્રદાય સાંખ્યદ્વૈત પહેલાંનો છે. કારણ કે સાંખ્યશાસ્ત્ર ઉપર ઘડાયેલા પતંજલિના યોગસૂત્રમાં પ્રથમ પાદમાં—**ईश्वर प्रणिधानाद्वा** થી આરંભી **तत्प्रतिषेधार्थमेकतत्त्वाभ्यासः**—૨૩ થી ૩૨નું સૂત્રદશકનું એક સ્વતંત્ર પ્રકરણ પ્રવિષ્ટ થયેલું જણાય છે. વળી ૩૩ મા સૂત્રમાં મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા નામની ચાર ભાવના સુખી, દુઃખી પુણ્યવાન અને અપુણ્યવાન પ્રાણીમાં પણ ચિત્તની સ્થિતિ બંધાય છે.. તેમાં બુદ્ધના અભિપ્રમના ભાવના યોગને સ્થાન આપ્યું જણાય છે. વળી ૩૪મા પ્રાણના રેચક પૂરક અને કુંભક પ્રયોગવડે પણ ચિત્તની સ્થિતિ બંધાય છે. તેમાં યોગના હઠમાર્ગને સ્થાન આપ્યું છે; વળી ૩૫–૩૬ મા સૂત્રમાં નાસિકાના અગ્રમાં, જિવ્હાના અગ્રમાં, તાલુમાં, જિવ્હા મધ્યમાં, અને જીવ્હા મૂલમાં ધારણા સિધ્ધ કરવાથી અનુક્રમે દિવ્ય ગંધ, દિવ્ય રસ, દિવ્ય રૂપ,

દિવ્ય સ્પર્શ, અને દિવ્ય શબ્દનું ભાન થઈ શકે છે, અને તેવડે ચિત્તની સ્થિતિ બંધાય છે તથા હૃદયકમલઆગળ મનની તથા અભિમાનની ધારણા સિધ્ધ કરવાથી "વિશોકા જ્યોતિષ્મતી" શોકરહિત શાન્ત મનનું તથા શુધ્ધ અહંપણાનું ભાન થાય છે—એમ જણાવી સાંખ્યના સૂક્ષ્મ તત્ત્વોને ધ્યાનના વિષયરૂપે સ્વીકાર્યા છે; તથા ૩૭માં સુત્રમાં વીતરાગ પુરુષના ધ્યાનવડે પણ ચિત્તની સ્થિતિ બંધાય છે એ સુત્રવડે બુદ્ધ, અર્હત્ વિગેરે પરમતના સિદ્ધ પુરુષોને પણ યોગના વિષયરૂપે સ્વીકાર્યા છે; અને ૩૮ મા સુત્રમાં સ્વપ્નજ્ઞાનને અને નિદ્રાજ્ઞાનને આલંબનરૂપે લઇ ધારણ કરવાથી પણ ચિત્તની સ્થિતિ બંધાય છે એમ કહી અવ્યકત અથવા અવ્યાકૃતને પણ યોગના વિષયરૂપ ગણાવ્યું છે, તથા ૩૯ મા સુત્રમાં યથાભિમત વસ્તુની ધારણાવડે ચિત્તની સ્થિતિ થાય છે એમ કહી ગમે તે દેશ, કાલ અને વસ્તુને યોગના વિષયરૂપે વર્ણવ્યા છે અને છેવટે ૪૦ મા સુત્રમાં તે યોગવડે ચિત્તની અપ્રકંપ-સ્થિતિ જો ઘડાય તો નાનામાં નાના પરમાણુ અને મોટામાં મોટા સુર્યાદિ પદાર્થોમાં તેને મોહ રહેતો નથી અને પરમ વશીકાર નામનો વૈરાગ્ય સિદ્ધ થાય છે—આ પ્રકારના ધારાબંધ પ્રતિપાદનથી પતંજલિએ પોતાના યોગદર્શનને સર્વદેશ, સર્વકાલ, અને સર્વનિમિત્તોમાં અવ્યભિચારી શાસ્ત્રરૂપે જણાવ્યું છે.

(૧૧) યોગસુત્રકાર પતંજલિ તેજ વ્યાકરણ મહાભાષ્યકાર કે અન્ય વ્યક્તિ ?

આ યોગ સૂત્રકાર પતંજલિ, વ્યાકરણભાષ્યકાર પતંજલિ અને આયુર્વેદના ચરકસંહિતાના સંસ્કાર આપનાર પતંજલિ—એ ત્રણ એક જ વ્યક્તિ હતી કે ભિન્ન વ્યક્તિઓ એ વિવાદનો વિષય છે.

આપણા દેશના સંસ્કૃત પંડિતોનું મંતવ્ય સંપ્રદાયાનુસાર એવું છે કે તે ત્રણ શાસ્ત્રના પ્રણેતા એક જ પતંજલિ હતા. અગીઆરમા સૈકામાં થયેલા ધારાનગરીના ભોજરાજ અને ચરક સંહિતાના ટીકાકાર ચક્રપાણિદત્ત પાછલા સંપ્રદાયને અનુસાર એવું જણાવે છે કે એકજ પતંજલિએ શરીર, મન અને વાણીની નિર્મલતા પ્રજામાં સિધ્ધ કરાવવા આયુર્વેદ, યોગસુત્ર, અને વ્યાકરણ મહાભાષ્ય રચ્યાં હતાં. રામભદ્રદીક્ષિત જેઓ અરાઢમા સૈકામાં થયા તે પાતંજલ ચરિતમાં વ્યાકરણ મહાભાષ્યકાર અને યોગસુત્રકાર પતંજલિ એક જ હતા એમ વર્ણવે છે.

યોગ સૂત્રકાર પતંજલિ સંબંધમાં "વેબર" નું મંતવ્ય એવું છે કે શતપથ બ્રાહ્મણનાં બૃહદારણ્યકના યાજ્ઞવલ્ક્યકાંડમાં ભદ્રદેશ (રબ્બી અને ચીનાબ નદીના વચલો મુલક જેની રાજધાની શાકલ હતી) ના "પાતંજલ કાવ્ય" નો ઉલ્લેખ છે તે જ આ પતંજલિ કપિલ મતાનુસારી યોગ સૂત્રકાર છે, કાત્યાયન વાર્તિકકાર પતંજલિ શબ્દની વ્યુત્પત્તિ કરતાં જણાવે છે કે જેને અર્ઘ્યની અંજલિઓ અપાય છે તે પતંજલિ (**पतन्त्यञ्जलयः यस्मै सः पतञ्जलिः**) આ સર્વ વિચારોમાં નામસાદશ્ય શિવાય બીજું કંઈ પણ પ્રમાણ નથી.

પરંતુ યોગસૂત્રકાર સાંખ્યના અનુયાયી છતાં શબ્દને સ્ફોટાત્મક માને છે અને તે અંશમાં વ્યાકરણશાસ્ત્રના મહાભાષ્યકારના મતસાથે એકમત ધરાવે છે.

વળી ઉપલબ્ધ યોગસૂત્રકાર પતંજલિના ગ્રંથનો આરંભ **अथ योगानुशासनम्**—એ સૂત્રથી થાય છે. અને તે **अथ शब्दानुशासनम्**—એ વ્યાકરણ મહાભાષ્યના આરંભ સાથે મળતું આવે છે.

આ વગરે કારણોથી યોગસૂત્રકાર અને વ્યાકરણભાષ્યકાર પતંજલિ એક જ વ્યક્તિ હતી એમ માનવામાં બળવાન્ વિરોધી કારણો જ્યાંસુધી ન મળે ત્યાંસુધી સાંપ્રદાયિક મંતવ્ય સ્વીકારવામાં વાંધો નથી.

(૧૨) લોપ પામેલું યોગનું સાહિત્ય વાર્ષગણ્ય યોગશાસ્ત્ર વ્યુત્પાદયિતા.

વળી આલ્બીરૂની "કીતાબે પાતંજલ" એ નામના ગ્રંથનો ઉલ્લેખ કરે છે. અને તેની મતલબ ઉપરથી સમજાય છે કે યોગસૂત્ર કરતાં તે ગ્રંથ કોઈ જૂદા પ્રકારનો હતો. તેમાં રસાયણાદિનો ઉલ્લેખ આવે છે. શ્રીશંકરાચાર્યે પોતાના બ્રહ્મસૂત્રભાષ્યમાં યોગદર્શનના ખંડનના સૂત્ર ભાષ્યમાં—**योग शास्त्रेऽपि " अथ तत्त्वदर्शन-अभ्युपायो योग " इति सम्यग्दर्शनाभ्युपायत्वेन योगोंऽगीक्रियते ॥**—યોગશાસ્ત્રમાં પણ "હવે તત્ત્વદર્શનને મેળવવાનો ઉપાય તે યોગ છે." એ સૂત્રવડે સમ્યગ્દર્શનના ઉપાય તરીકે યોગનો સ્વીકાર કર્યો છે એ પ્રકારનું લખે છે. તેમાં અવતરણમાં લીધેલું સૂત્ર ઉપલબ્ધ યોગસૂત્રમાં નથી. પ્રસિદ્ધ યોગસૂત્ર **अथ योगानुशासनम्**—એવી રીતે આરંભ પામે છે. જ્યારે શંકરાચાર્યના સમયમાં સ્વીકારાયેલા યોગશાસ્ત્રનો આરંભ **अथ तत्त्वदर्शनाभ्युपायो योगः**—એ સૂત્રથી થતો હતો તે નિર્વિવાદ છે. ભામતીકાર વાચસ્પતિમિશ્ર બ્રહ્મસૂત્રના

ઉપરના અવતરણુ ઉપર પ્રત્યક્ષ પ્રકાશ નાંખતા નથી, પરંતુ સમાન વિચાર દર્શાવવા કહે છે કેઃ—

“ अतएव योगशास्त्रं व्युत्पादयिताह स्म भगवान् वार्षगण्यः—गुणानां परमं रूपं न दृष्टिपथमृच्छति, यत्तु दृष्टिपथप्राप्तं तन्मायैवसुतुच्छकम् ”—

એ પ્રકારે યોગશાસ્ત્રના વ્યુત્પાદક તરીકે વાર્ષગણ્યનું નામ આપે છે; અને આ જ અવતરણુ યોગસૂત્ર ૪. ૧૩–ઉપરના વ્યાસ ભાષ્યમાં આવે છે તે ઉપરની તે જ વાચસ્પતિમિશ્રની ટીકાઉપરથી જણુાય છે કે આ અવતરણુ ષષ્ઠીતંત્રશાસ્ત્રનું છે એટલે કે વાચસ્પતિમિશ્રના અભિપ્રાય પ્રમાણે ષષ્ઠીતંત્રના કર્તા વાર્ષગણ્ય હતા, અને તે તંત્ર કેવલ સાંખ્યનું ન હતું, પરંતુ સાંખ્ય–યોગનું હતું; અને તે વાર્ષગણ્યનું તંત્ર અથવા શાસ્ત્ર યોગપ્રધાન અનુશાસન હતું. કદાચ આ વાર્ષગણ્યનું ષષ્ઠીતંત્ર અનુશાસન તે જ યોગશાસ્ત્ર તરીકે શંકરાચાર્યને અભિપ્રેત છે કે બીજું તે જ્યાં સુધી શંકરભાષ્યનું **अथ सम्यग्दर्शनाभ्युपायो योगः**—એ અવતરણનું મૂલ શોધી શકાય નહિ ત્યાં સુધી નિર્ણય થઈ શકે નહિ. પરંતુ એટલું તો ચોક્કસ છે. કે હાલના ઉપલબ્ધ યોગસૂત્રથી ભિન્ન યોગશાસ્ત્ર હતું, પછી તે મહેશ્વરનું કે વાર્ષગણ્યનું કે પતંજલિનું તેનો નિર્ણય વિશેષ શોધ ઉપર મુલતવી રાખવો યોગ્ય છે.

પતંજલિના યોગના અનુશાસન પૂર્વેનું હિરણ્યગર્ભનું યોગ શાસન **अहिर्बुध्न्य संहिता**ના બારમા અધ્યાય પ્રમાણે બે વિભાગ અથવા સંહિતામાં પડતું હતું. તે સંહિતાઃ—(૧) નિરોધ યોગ સંહિતા, (૨) ક્રિયાયોગ સંહિતા એવા નામવાળી હતી. તેમાં નીચે પ્રમાણે વિષયો ચર્ચેલા હતા.

નિરોધયોગ. (૧૨)	કર્મયોગ. (૪)
૧ અંગ તંત્ર	૧ બાહ્ય કર્મનું અનુષ્ઠાન
૨ દોષ તંત્ર	૨ આંતર કર્મનું અનુષ્ઠાન
૩ ઉપસર્ગ તંત્ર	૩ બાહ્ય ક્રિયા યોગ
૪ અધિષ્ઠાનતંત્ર	૪ આંતર ક્રિયા યોગ
૫ આધાર તંત્ર	નોટ. તપ, સ્વાધ્યાય અને ઇશ્વર પ્ર-

૬ અહિસ્તત્વ તંત્ર
૭ રિક્તયોગતંત્ર
૮ પૂર્ણયોગ તંત્ર
૯—૧૦—૧૧ ત્રણ સિદ્ધિતંત્ર
(કાય, વાણી અને મનને લગતી સિદ્ધિઓ હશે)
૧૨ મોક્ષ તંત્ર

વિધાન એ ત્રણ ક્રિયાયોગના અંગો પતંજલિ કહે છે. આનું મૂલ આ સંહિતામાં હશે એમ અનુમાન થાય છે.

એકંદર સોળ અધ્યાયમાં સોળ વિષયોનુ નિરૂપણ તેમાં હતું. આ મૂલ યોગશાસ્ત્રનો લોપ થયો જણાય છે.

(૧૩) બ્રહ્મવાદી યોગિઓ

સાંખ્ય સિદ્ધાન્ત ઉપર યોગનો કલમી આંબો પ્રથમ કોણે ઉગાડયો ? પતંજલિના પૂર્વે પણ સાંખ્ય પ્રક્રિયામાં યોગતત્વ ગુંથનારા મુનિઓ થઇ ગયા હતા એમ મહાભારતઉપરથી સમજાય છે. તે યોગિજનોની પરંપરા નીચે મુજબ જણાય છે.

૧ જૈગીષવ્ય, ૨ અસિત દેવલ, ૩ પરાશર. ૪ વાર્ષગણ્ય, ૫ ભૃગુ, ૬ શુક્ર, ૭ ગૌતમ, ૮ આર્ષ્ટિસેન, ૯ ગર્ગ, ૧૦ નારદ, ૧૧ પુલસ્ત્ય, ૧૨ સનત્કુમાર, ૧૩, શુક, અને ૧૪ કાશ્યપ. આ સર્વ મુનિયોના વિચારો જે ઇતિહાસ, પુરાણોમાં મળે છે તે બધા સેશ્વર-સાંખ્યના જણાય છે, અને કેટલાક તો બ્રહ્મવાદ તરફ વધારે ઢળતા છે.

(અપૂર્ણ)

નર્મદાશંકર દેવશંકર મહેતા.

राजयोग.

(અનુસંધાન ૪૭ મી શ્રેણીના પૃષ્ઠ ૭૪ થી.)

યોગીજનોના અનુભવ પ્રમાણે મેરુ દંડમાં બે પ્રકારના મજ્જા તંતુના પ્રવાહ વહે છે. ઇડા, પિંગલા અને મરૂ દંડમાં થઇને વહેતી સુષુમ્ણા કે જે પોલી પ્રણાલી (Canal) જેવી છે. આ પોલી પ્રણાલી અથવા સુષુમ્ણાના નીચેના છેડે કુંડલિનીનું કમળ રહેલું છે એમ યોગીઓ કહે છે. આ કમળ ત્રિકોણાકૃતી છે અને તેમાં યોગીઓના કહેવા પ્રમાણે કુંડલિની શક્તિ ગુંચળું વળીને પડેલી છે; જ્યારે આ કુંડલિની શક્તિ જાગે છે ત્યારે તે પૂર્વોક્ત પોલી પ્રણાલીમાં થઇને પોતાનો માર્ગ ઉર્ધ્વ પ્રદેશપ્રતિ શોધે છે, અથવા તે તેમાં થઇને પોતાનો માર્ગ ઉર્ધ્વ પ્રદેશમાં લે છે. જેમ જેમ આ શક્તિ ક્રમશઃ ઉંચે અને ઉંચે ચઢતી જાય છે તેમ તેમ મનને આવૃત્ત કરીને રહેલાં અજ્ઞાનાવરણનાં પડ એક પછી એક ઉકેલવા માંડે છે અને યોગીને અથવા યોગાભ્યાસીને અપૂર્વ દર્શન શક્તિ પ્રાપ્ત થાય છે, તથા તેનામાં આશ્ચર્યકારક બીજી શક્તિઓ પ્રકટે છે. અને જ્યારે તે મૂર્ધામાં પહોંચે છે ત્યારે તો તે યોગી શરીર અને મનથી છુટો પડે છે. અર્થાત્ તે પોતાને શરીર અને મનથી ન્યારો અનુભવે છે. આત્મા ત્યારે શરીર અને મનના બંધનમાંથી છુટીને સ્વતંત્ર થાય છે, મુક્ત થાય છે.

આ પૃષ્ઠદંડની રચના ઘણી આશ્ચર્યકારક અને વિચિત્ર છે. જો આપણે અંગ્રેજી (8) આકડાને લેઇએ અને તેવા આકડાઓને એક ઉપર એક મૂકીએ તો આ પૃષ્ઠ રજ્જુ રચાય છે. અર્થાત્ તે પૃષ્ઠ રજ્જુ (Spinal chord) આવા ટુકડાઓથી રચાયેલો છે. તેના ત્રણ ભાગ છે. એક ડાબો, બીજો જમણો અને ત્રીજો કે જ્યાં આકડાના બે વિભાગ એક બીજા સાથે સંધાય છે, જોડાય છે તે મધ્યનો ભાગ. આમાંથી ડાબો ભાગ તે ઈડા છે, જમણો ભાગ તે પિંગળા છે, અને તે બે જ્યાં સંધાયલા છે તે મધ્ય ભાગ તે સુષુમ્ણા છે. આ સુષુમ્ણા પૃષ્ઠ દંડના મધ્ય ભાગમાં થઇને ઉપર જાય છે.

આ પ્રણાલી (canal) નીચેના છેડેથી બંધ થયેલી હોય છે. જે ઠેકાણે તે બંધ થયેલી છે તે ઠેકાણે ત્રિકોણાકૃતી ચક્ર હોય છે. આ પ્રણાલી અથવા સુષુમ્ણા નાડીના ઉપરના મૂર્ધા પર્યંતના માર્ગમાં બીજાં પણ ચક્રો હોય છે, જેને હાલના શારીરવિદ્યાભિજ્ઞો અથવા વિજ્ઞાનશાસ્ત્રીઓ સૂક્ષ્મ નાડીઓના વ્યૂહ કહે છે, અને યોગીજનો તેમને ચક્ર અથવા કમલ શબ્દથી ઓળખે ઓળખાવે છે.

આ યોગવિદ્યાના અનુભવ યોગીઓ કહે છે કે સુષુમ્ણાના છેક નીચેના ભાગમાં મૂલાધાર ચક્ર રહેલું છે અને છેક ઉપરના ભાગમાં સહસ્રદલ રહેલું છે. આ સહસ્રદલ પદ્મ મસ્તિષ્કમાં આવેલું છે.

ઉપર જણાવ્યા ગયા તે પ્રમાણે આપણા શરીરમાં મજ્જાતંતુના બે પ્રકારના પ્રવાહ વહે છે. એક સંવેદનાત્મક (sensory) અને બીજો ગત્યાત્મક (motor) આ બેમાંથી એકની ગતિ મધ્યબિંદુ-પ્રતિ હોય છે, અને બીજાની મધ્યબિંદુથી ઉલટી દિશામાં હોય છે. એક વેદનાઓ અથવા લાગણીઓને મગજપ્રતિ લેઇ જાય છે અને બીજો મગજમાંથી શરીરપ્રતિ લેઇ જાય છે. ગતી, વેદના અથવા આંદોલનમાત્રનો મગજસાથે સંબંધ હોય છે.

પૃષ્ટ રજ્જુનો અંત મસ્તિષ્કમાં કંદાકૃતિ જેવા અવયવમાં આવે છે. આ અવયવ જેને આપણે મગજ કહીએ છીએ અથવા જેને મગજ કહેવામાં આવે છે તેની સાથે સંધાએલો નથી પણ તે મસ્તિ-ષ્કમાં રહેલા એક જાતના રસમાં તરતો રહે છે. આ અવયવ શરી-રમાં ઘણોજ ઉપયોગી છે અને તેથી સર્વત્ર ઇશ્વરે તેનું રક્ષણ કર-વાની આ પ્રમાણે વ્યવસ્થા કરી છે. કારણ કે મગજઉપર કોઈ ઘા લાગે તો તેની અસર આ અવયવ ઉપર થવા પામતી નથી.

સુષુમ્ણાના માર્ગમાં રહેલાં ચક્રોમાં ત્રણ ચક્ર મુખ્ય છે. મૂલા-ધાર કે જે છેક તળેના છેડે રહેલું છે તે; સહસ્રદલ કે જે છેક ઉપ-રના ભાગમાં રહેલુ મસ્તિષ્કમાં રહેલું છે તે; અને મણિપૂરક ચક્ર કે જે નાભિની પાછળના ભાગમાં રહેલું છે.

આ વિશ્વમાં વિજળી વગેરે અનેક પ્રકારની શક્તિઓ રહેલી છે, આ વિદ્યુત્ અથવા વિજળી શું છે તે કોઈ જાણતું નથી, પણ માત્ર તેના સંબંધમાં એટલું જ વિદ્વાનો અથવા શોધકો જાણે છે, કે એક પ્રકારની ગતિ છે. વિદ્યુત્ જેવી બીજી ગતીઓ પણ આ સૃષ્ટિમાં રહેલી છે. પરંતુ આ જૂદા જૂદા પ્રકારની ગતીઓમાં શું અંતર અથવા

ફેર છે ? ધારો, કે આ મેજ ગતીવાળું છે, એનો અર્થ, કે જે દ્વયણુ-કનું તે મેજ બનેલું છે તે દ્વયણુકો જૂદી જૂદી દિશામાં ગતી કરી રહ્યા છે, અથવા ગતીવાળા છે. જો આ અણુઓને એક જ દિશામાં ગતી કરતા કરવામાં આવે તો તે ગતી વિજળીની છે, એમ સમજવું. વિજળીની ગતી એક સીધી દિશામાં હોય છે. આ સ્થળે આપણે એક વાર્તા લક્ષમાં લેવા જેવી છેઃ તે એ, કે જે મધ્યબિંદુ શ્વાસપ્રશ્વાસની ક્રિયા કરનાર વ્યૂહને નિયમમાં રાખે છે તેનામાં મજ્જાતંતુના પ્રવાહને પણ નિયમમાં રાખવાનું બળ રહેલું છે.

હવે આપણે એ વાર્તાનો વિચાર કરીશું અથવા એ વાર્તાને સ્પષ્ટ કરીશું, કે પ્રાણાયામની ક્રિયાની શામાટે જરૂર છે?

ત્યાં સઉથી પ્રથમ તો એ થાય છે, કે નિયમિત અને તાલબધ્ધ (Rpythmical) શ્વાસપ્રશ્વાસની ક્રિયાથી શરીરની અંદર રહેલાં અણુઓ (દ્વયણુક)ની એક સરખી એક દિશાપ્રતીની ગતી થાય છે. મજ્જા-તન્તુના પ્રવાહો વિદ્યુત્ જેવી શક્તિવાળા થાય છે, અથવા તેમાં તે પ્રકારની ગતી અથવા શક્તિ પ્રકટે છે; અને જ્યારે આખા શરીરમાં વહેતી ગતીઓ તાલબધ્ધ એકસરખી રીતે વહેતી થાય છે ત્યારે તે મન અથવા ઈચ્છાશક્તિની અદ્ભુત બળવાળી કાર્ય કરવાની શક્તિ-તુલ્ય થાય છે. યોગાભ્યાસીમાં અથવા યોગીમાં આથી અદ્ભુત બળ પ્રકટે છે. તેની ઇચ્છાશક્તિ અપૂર્વ બળવાળી થાય છે. તેથી આખા શરીરમાં તાલબધ્ધ ક્રિયા થાય છે, અને શ્વાસપ્રશ્વાસ લેવા મૂકવાનું કાર્ય કરનાર મધ્યબિંદુદ્વારા આખા શરીરમાં રહેલા બીજાં મધ્ય-બિંદુઓ ઉપર સ્વામિત્વ સ્થપાય છે, પ્રાણાયામનો આશય મૂલાધા-રમાં રહેલી કુંડલિની શક્તિને જાગ્રત્ કરવાનો છે.

આપણે જે જે કંઈ જોઇએ છીએ, જેની જેની કલ્પના કરીએ છીએ, અથવા જેને જેને આપણે સ્વપ્નાવસ્થામાં જોઇએ છીએ, તે સર્વને આપણે આકાશમાં જોઇએ છીએ. આ આકાશ તે સામાન્ય આકાશ છે, કે જેને મહાકાશ કહેવામાં આવે છે. પરંતુ યોગી જ્યારે બીજા મનુષ્યના વિચાર જાણી લે છે, અથવા તો સ્થૂલ ઇંદ્રિયોથી ન જણાતા પદાર્થોને તે જુએ છે ત્યારે તે આ મહાકાશમાં તેને જોતો નથી, પણ જે આકાશમાં તેને જુએ છે, અથવા તેનો અનુભવ કરે છે, તેને ચિત્તાકાશ કહેવામાં આવે છે. જ્યારે જોવાની કોઈ વસ્તુ રહેતી નથી, પણ માત્ર અનુભવ જ કરવાનો રહે છે, અને જ્યારે

આત્મા સ્વપ્રકાશવડે સ્વાત્મામાં અથવા પોતાનામાં જ પ્રકાશે છે, ત્યારે તે અનુભવ ચિદાકાશમાં થાય છે. જ્યારે કુંડલિની જાગ્રત્ થાય છે, અને તે સુષુમ્ણાના માર્ગમાં પ્રવેશે છે અથવા ગતિવાળી થાય છે ત્યારે જે જે દર્શન, વેદન કે અનુભવ થાય છે, ચિત્તાકાશમાં થાય છે. પરંતુ જ્યારે તે સહસ્રદલપદ્મપર્યંત પહોંચે છે ત્યારે જે અનુભવ થાય છે તે ચિદાકાશમાં થાય છે.

શરીરના તમામ વેદનો અને ગતીઓ મજ્જાતંતુ મારફતે મગજમાં પહોંચાડવામાં આવે છે. વેદનાત્મક અને ગત્યાત્મકની જે પ્રણાલીને યોગીઓ ઇડા અને પિંગલા કહે છે તે પૃષ્ઠદંડમાં રહેલી છે. અંદરથી બહાર અને બહારથી અંદર, અથવા મધ્યબિંદુમાંથી બહાર અને બહારથી મધ્યબિંદુપ્રતિ જતા પ્રવાહો આ બે મુખ્ય નાડીઓદ્વારા જ ગતીઆગતી કરે છે.

પરંતુ એમ પણ બને છે, કે આ બે નાડીઓની સાહાય્યવિના પણ મન. ગતિને અથવા વેદનને પ્રેરી શકે છે. યોગીજનો આ પ્રમાણે કરી શકે છે, અને તે કહે છે, કે જો તમે આ પ્રમાણે કરી શકો છો તો તમે સ્થૂલ શરીરના બંધનમાંથી છૂટી જાઓ છો.

પરંતુ પ્રશ્ન એ થાય છે, કે તે પ્રમાણે શી રીતે કરવું ? યોગીજનો ઉત્તર આપે છે કે જો તમે આ પ્રવાહને સુષુમ્ણાના માર્ગે પ્રેરી શકો છો, તો તમે આ કાર્ય કરી શકો છો. પછી વિવિધ પ્રકારનાં જ્ઞાન મેળવવામાટે સ્થૂલ શરીરની જરૂર રહેતી નથી. અને આટલા માટે જ સુષુમ્ણાના માર્ગને સિધ્ધ કરવાની જરૂર યોગીઓ જણાવે છે.

યોગી શિવાયના ઇતર મનુષ્યોમાં આ સુષુમ્ણાનો માર્ગ બંધ હોય છે; આ સુષુમ્ણાનું દ્વાર ઇતર મનુષ્યોમાં નીચેના ભાગમાંથી બંધ થએલું હોય છે, અને તેથી તે માર્ગમાં કોઈ પણ પ્રકારની ક્રિયા થતી નથી, પરંતુ યોગના અભ્યાસીઓ અભ્યાસવડે આ માર્ગને ખુલ્લો કરી શકે છે, અને તે ઇચ્છાનુકૂલ કાર્ય કરી શકે છે. જ્યારે કોઈ પણ વેદનને તેના મધ્યબિંદુમાં લેઇ જવામાં આવે છે ત્યારે તેનો પ્રતીક્રિયા (reaction) થાય છે, અને જે મધ્યબિંદુઓ સ્વાભાવિક રીતે પોતાની મેળે કામ કરે છે તેમના સંબંધમાં એમ બને છે કે તે પ્રતીધ્વનીની પાછળ તરતજ ગતિ થાય છે. જે વેદનાભિજ્ઞ (Conscious) મધ્યબિંદુઓ છે તેમાં પ્રથમ વેદન થાય છે, અને પછીથી ગતિ ઉત્પન્ન થાય છે, વેદન એ બહારથી થતી ક્રિયા અથવા ગતિના પ્રતી-

ક્રિયારૂપે થતી ક્રિયા છે, ત્યારે આ ઠેકાણે આપણને એ શંકા થાય છે, કે સ્વપ્નાવસ્થામાં આપણને વેદન (Perception) શી રીતે થાય છે ? કારણ કે તે વખતે બહારથી તો કોઈ ક્રિયા થતી નથી.

વેદનાત્મક ગતિના સંસ્કારો કોઈ ઠેકાણે પડેલા રહે છે, દષ્ટાંત તરીકે જોઇએ તો ધારો કે આપણે કોઈ શહેર સ્વપ્નામાં જોઇએ છીએ, તો તે શહેર જણાય છે તેનું કારણ એ છે, કે જ્યારે જાગ્રત્ અવસ્થામાં આપણે તે શહેર જોયું હોય છે ત્યારે તે બહારના જોએલા શહેરનું જે વેદન આપણને થયું હોય છે તે વેદનની પ્રતિક્રિયારૂપે આ વેદન આપણને સ્વપ્નમાં થાય છે, અર્થાત્ મગજના દ્વયણુકમાં મધ્યબિંદુપ્રતી ગતિ કરતા મજ્જાતંતુવડે એક પ્રકારની ગતિ ઉત્પન્ન થાય છે, કે જે મજ્જાતંતુ બહારના શહેરવડે ગતિવાળા થાય છે. અને એક વખત આ પ્રમાણે થયા પછી ઘણા લાંબા સમય પછી પણ આપણે આ શહેરને યાદ કરી શકીએ છીએ, આ સ્મરણશક્તિનો વ્યતિકર છે, પરંતુ મગજમાં કયા કારણોથી અથવા શાથી તેવા જ પ્રકારનાં આંદોલનો પ્રકટે છે, એ પ્રશ્ન છે.

એટલું તો નક્કીજ છે, કે આ આંદોલનો કંઈ નવિન પ્રકટતાં નથી. તે પ્રકારનાં આંદોલનો પ્રકટાવનાર વેદનાત્મક સંસ્કારોનો કોઈ પણ ઠેકાણે સચય થએલો હોવો જોઇએ. અને આ સંસ્કારો કોઈ કારણથી જાગ્રત્ થતાં આપણને સ્વપ્નાવસ્થાનાં વેદન (Perception) થાય છે, જે સ્થાનમાં આ વેદનો અથવા વેદનાત્મક સંસ્કારો, કે અનુભવાત્મક સંસ્કારો સ્થિતી કરી રહે છે. જ્યાં તેમનો સંચય થએલો રહે છે તેને મૂલાધાર કહેવામાં આવે છે, અને ક્રિયાની ગુંચળું વળીને પડેલી શકિતને કુંડલિની કહેવામાં આવે છે. વળી ક્રિયાત્મક શક્તિ અથવા ગતિ પણ આ મૂલાધારમાં જ એકત્ર થઇને રહે છે. જો આ સંચિત અથવા એકત્રિત થઈ રહેલી શકિતને જાગ્રત્ કરવામાં આવે, તથા તેને અતંદ્રિત (activ) કરવામાં આવે અને તેની ગતિ સુષુમ્ણાના માર્ગમાં તે માર્ગમાં આવેલાં વિવિધ ચક્રોદ્વારા ભાનપૂર્વક કરવામાં આવે તો તેથી એક પ્રકારની અદ્દભુત પ્રતિક્રિયા ઉત્પન્ન થાય છે, જ્યારે શકિતનો ઘણો સૂક્ષ્મ અંશ મજ્જાતંતુદ્વારા ગતિ કરે છે અને તે વિવિધ ચક્રોમાંથી પ્રતીક્રિયાને ઉત્પન્ન કરે છે ત્યારે તેનાથી જે વેદન થાય છે તે કાં તો સ્વપ્ન હોય છે અથવા તો કલ્પનાત્મક હોય છે, પરંતુ સંયમવડે મોટાપ્રમાણમાં એકત્રિત કરેલી શક્તિના પ્રવાહને જ્યારે સુષુમ્ણાના

માર્ગે વહેવરાવવામાં આવે છે અને જ્યારે તે વિવિધ ચક્રોને સ્પર્શ કરે છે ત્યારે જે પ્રતિક્રિયા થાય છે તે બહુ જ બળવાન હોય છે. આ વખતે જે વેદન અથવા અનુભવ થાય છે તે અતીંદ્રિય અને અદ્ભુત હોય છે. અને આ પ્રવાહ વહેતો વહેતો જ્યારે મૂર્ધામાં પહોંચે છે અથવા તેને જ્યારે મૂર્ધ પ્રદેશમાં પહોંચાડવામાં આવે છે ત્યારે મસ્તિષ્કમાં રહેલા તમામ અવયવમાં પ્રકાશ થાય છે, અદ્ભુત શક્તિઓ પ્રકટે છે, અને આત્માનો સાક્ષાત્કાર થાય છે. જ્યારે કુંડલિની જાગ્રત્ થાય છે અને સુષુમ્ણાના માર્ગમાં આવેલાં ચક્રોમાં થઈને જ્યારે તેમાં રહેલી શક્તિગતી કરે છે ત્યારે મનનાં આવરણરૂપી પડળ ઉપર પડળ ઉઘડી જાય છે અને આ આખા વિશ્વના કારણનું જ્ઞાન થવાથી સમસ્ત વિશ્વનું જ્ઞાન થાય છે. આ પ્રમાણે થતાં આ વિશ્વના કારણરૂપ જે વેદન અને ક્રિયારૂપ શક્તિ છે તેનું જ્ઞાન થાય છે અને તે પ્રમાણે થતાં કાર્યરૂપ આખા વિશ્વનું જ્ઞાન થાય છે, કારણનું જ્ઞાન થતાં કાર્યનું જ્ઞાન થાય એ સ્વાભાવિક જ છે.

આ પ્રમાણે કુંડલિની શક્તિ જાગ્રત્ થતાં દૈવી જ્ઞાન થાય છે, નિરાવરણ દૃષ્ટિ પ્રકટે છે, આત્માનો સાક્ષાત્કાર થાય છે તથા સ્થૂલ સૂક્ષ્મ ઇંદ્રિયોથી જે જ્ઞાન થાય છે તેનાથી ઉંચા પ્રકારનું જ્ઞાન પ્રકટે છે.

આ કુંડલિની શક્તિ પ્રાણાયામવડે જાગ્રત્ થાય છે. તો પણ તે બીજા માર્ગોવડે પણ નથી જાગ્રત્ થતી એમ નહિ. ઇશ્વરની પ્રેમથી ભક્તિ કરવાથી પણ તે જાગ્રત્ થાય છે! યોગીજનો અથવા મહાપુરુષોનો કૃપાપ્રસાદ પ્રાપ્ત થતાં પણ તે જાગ્રત્ થાય છે; એકાંત તત્ત્વ વિચારવડે પણ તે જાગ્રત્ થઇ શકે છે.

જ્યાં જ્યાં ઉપર જણાવી તેવી અદ્ભુત શક્તિઓ જોવામાં આવે ત્યાં ત્યાં જાણવું, કે આ શક્તિ જાગ્રત્ થઈ છે, અને સુષુમ્ણાનો માર્ગ ખુલ્લો થયો છે. શાંત ચિત્તે એકાગ્રતાથી ઇશ્વરની પ્રાર્થના કરવાથી પણ આ શક્તિ જાગ્રત્ થાય છે અને સુષુમ્ણાનો માર્ગ ખુલ્લો થાય છે.

સઉથી પ્રથમ ફેફસાંની ગતિને શી રીતે વશ વર્તાવવી એ જાણવાની જરૂર છે. શરીરના અંદરના પ્રદેશમાં જે જે સૂક્ષ્મ ગતિ અથવા ક્રિયા થાય છે તે આપણે જાણવાની જરૂર છે. આપણા મનની દૃષ્ટિ બાહ્ય પ્રદેશમાં જ રમતી રહે છે, જેથી આપણા અંતરમાં

શું ચાલે છે તેનું આપણને ભાન નથી. અને જો આપણને આ વાર્તાનું ભાન નથી તો પછી આપણે તેને વશ તો શી રીતે વર્તાવી શકીએ ? આપણા શરીરમાં વહેતા જ્ઞાનતંતુના પ્રવાહ આપણને જીવન, તથા બળ આપે છે પણ આપણે તેને જાણતા નથી. યોગીઓ શરીરની અંદર ચાલતી તમામ ક્રિયાઓ જોઈ શકે છે તથા તેને વશ વર્તાવી શકે છે.

યોગાભ્યાસીઓ ફેફસાંની ગતીને પ્રથમ વશ કરે છે અથવા તેના ઉપર પોતાનું સ્વામીત્વ પ્રાણાયામવડે સ્થાપે છે. અને જ્યારે આ અવયવ ઉપર અંકુશ આવે છે ત્યારે બીજા સૂક્ષ્મ અવયવોઉપર પણ અંકુશ પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે કરવાને અર્થાત્ આ પ્રમાણેનું સ્વામીત્વ મેળવવામાટે પ્રાણાયામની આવશ્યક્તા પ્રાપ્ત થાય છે. પ્રાણાયામના સંબંધમાં ઘણું ઘણું જાણવાં જેવું છે, જે અત્ર સ્વલ્પમાં આપણે જણાવીશું.

સીધા ટટાર બેસો, શરીર તદ્દન સીધું જ રહેવું જોઈએ, જો આપણે સીધા ટટાર બેસતા નથી તો પૃષ્ઠદંડ સીધો ન રહેવાથી ધારેલું કાર્ય થઈ શકતું નથી, જો આપણે સીધા ટટાર બેઠા વિના પ્રાણાયામ કરીએ છીએ તો આપણને અનેક પ્રકારની હાનિ થવાનો સંભવ છે. તેથી આગળ જણાવ્યા પ્રમાણે પ્રાણાયામ કરનારે આસનને પ્રથમ સ્થિર કરવાની જરૂર છે. જે અર્ધો કલાક પણ પોતાના આસનને સ્થિર ન રાખી શક્તા હોય તે પ્રાણાયામના અધિકારી નથી. તેમણે પ્રાણાયામ કરવાના છોડી દઈને પ્રથમ આસન સ્થિર કરવાની જરૂર છે. આસન સ્થિર કર્યા વિના અથવા સીધા ટટાર બેઠા વિના જે પ્રાણાયામ કરવા જાય છે તે અનેક રોગના ભોગ થઈ પડે છે, જે રોગ પછી દવાથી મટી શકતા નથી. છાતી. છાતી, ગળું, અને માથું, એ શરીરના ત્રણે ભાગ એક સીધી લીટીમાં સીધા હોવા જોઇએ. આ ત્રણે ભાગમાં માનો કે એક લાકડી પાછળથી ઘાલી હોય. તો તે કેવા સીધા ટટાર રહે તે પ્રમાણે તે સીધા ટટાર રહેવા જોઇએ. આ પ્રમાણે કરવું કંઇ કઠિન નથી, પણ અભ્યાસથી તે પ્રમાણે થઈ શકે છે.

આ પ્રમાણે આસનને સ્થિર કરવાનો અભ્યાસ પાડ્યા પછી શ્વાસ-પ્રશ્વાસને એકસરખી રીતે લેવા મૂકવાની ક્રિયા કરવી જોઇએ. આજે આપણે જે શ્વાસપશ્વાસ લેઇએ મૂકીએ છીએ તે નિયમિત નથી

પણ અનિયમિત હોય છે. તેથી નિયમિત શ્વાસ લેતાં મૂકતાં શીખવાની સહુથી પ્રથમ જરૂર છે. આ પ્રમાણે શી રીતે થઈ શકે?

આ પ્રમાણે શ્વાસપ્રશ્વાસની ક્રિયાને નિયમિત કરવામાટે પ્રથમ અમુક સંખ્યા ગણીને પ્રાણને અંદર લેવો જોઇએ, તથા અમુક સંખ્યા અર્થાત્ તેટલી જ સંખ્યા ગણીને તેને બહાર કાઢવો જોઈએ. આ પ્રમાણે કેટલેક વખત કરવાથી શ્વાસપ્રશ્વાસ નિયમિત રીતે લેઈ મૂકી શકાય છે. એકસરખી રીતે શ્વાસ લેવો અને એક સરખી રીતે મૂકવો જોઈએ. લેવામાં જેમ ઉતાવળ ન થવી જોઈએ તેમ મૂકવામાં પણ ઉતાવળ ન થવી જોઇએ. શ્વાસ લેતી વખતે જો દશ ગણીએ તો મૂકતી વખતે પણ દશ ગણીને તેને તેટલા વખતમાં મૂકવો જોઇએ.

આ ક્રિયા પ્રાણાયામની આરંભક ક્રિયા છે, તો પણ તે ઘણી ઉપયોગી છે, અને ઘણો લાભ કરનાર છે. આ સાદી જણાતી ક્રિયા થોડા દિવસ કરવાથી ઉત્તમ પ્રકારની વિશ્રાંતી મળે છે, તથા અપૂર્વ શાંતિ, બળ વગેરેનું ભાન થાય છે. આપણને નિદ્રામાં જેટલી વિશ્રાંતી મળે છે તેના કરતાં પણ અધિક વિશ્રાંતિ આ ક્રિયાથી મળે છે.

પ્રાણાયામ કરનારના મુખ ઉપર સહુથી પ્રથમ અસર જણાય છે, તેની આકૃતિ તેજસ્વી થાય છે, સુંદર થાય છે, અને વિચારો પ્રશાંત થવાથી મુખઉપર પણ શાંતિની છાયા પ્રસરે છે. સ્વર પણ મધુર થાય છે. યોગનો અભ્યાસ કરનારનો સ્વર હંમેશાં સુમધુર હોય છે. તેનાં નેત્ર પણ ચપલતારહિત અને તેજસ્વી બને છે. તેના મુખ ઉપર પ્રસન્નતા છવાએલી જણાય છે.

થોડા જ વખતનો નિયમિત અભ્યાસ થતાં આ આદિ ચિહ્નો પ્રકટે છે.

થોડા દિવસ ઉપર પ્રમાણે માત્ર શ્વાસપ્રશ્વાસ લેવા મૂકવાની ક્રિયા કરવાથી પ્રાણાયામ કરવાની યોગ્યતા આવે છે. જેમનાથી પ્રાણાયામ ન થઇ શકે, અથવા જેમને પ્રાણાયામ કરવાની અનુકુલતા ન આવી શકે તે ઉપર જણાવી તે માત્ર શ્વાસપ્રશ્વાસ લેવા મૂકવાની ક્રિયા નિયમિતપણે રોજ કરે છે, તોપણ તેને ઘણો લાભ થાય છે. હવે કુંડલિનીને જાગ્રત કરનાર ભસ્ત્રિકા નામના પ્રાણાયામને અથવા ક્રિયાને જણાવીએ છીએ, જે પ્રત્યેક સાધકે પ્રાણાયામ કરતા પૂર્વે અવશ્ય નિત્ય કર્તવ્ય છે.

પ્રથમ ઇડા અર્થાત્ ડાબા નાકદ્વારા પવનને ભરો, તે વખતે

જમણું નાક બંધ રાખો. જોરથી પ્રાણને ભરો; એવી રીતે તે પ્રાણને ભરો, કે તેનો ધક્કો કુંડલિની જ્યાં રહી છે ત્યાં વાગે. પૂરેપૂરો પ્રાણ ભરાઈ રહે, કે તરત તેને જમણા નાક દ્વારે ખાલી કરી નાખો. જેમ જોરથી અને જલદીથી પ્રાણ ભરો તેજ પ્રમાણે તેને જોરથી ખાલી કરો. ખાલી કરતી વખતે ડાબા નાકને બંધ કરી દેવું. જ્યાં જમણા નાકથી વાયુ ખાલી થઇ રહ્યો, કે તરત જરા પણ અવકાશ વચમાં જવા દીધા વિના ડાબે નાકથી પુનઃ તે જ પ્રમાણે જોરથી વાયુને ભરો, અને તેજ પ્રમાણે તરતજ ખાલી કરો. આ પ્રમાણે થાકી જવાય, પણ બહુ ન થાકી જવાય ત્યાં સુધી કર્યા કરો. પછીથી આઠ દશ કે પંદર વીસ વખત જેટલા વખત આ ક્રિયા કરવાની હોય તેટલા વખત એક જ નાકથી કર્યા કરો. અને નક્કી કરેલી સંખ્યા થઇ રહે, કે ડાબે નાકેથી તેજ પ્રમાણે પ્રાણવાયુને ભરીને પછી તેને બહાર નહિ કાઢી નાખતાં જમણું નાક બંધ રાખીને અંદર જ રહી શકે ત્યાં સુધી રાખો. જે વખતે આ પ્રાણવાયુ તમે અંદર રાખો તેટલા વખતમાં મનવડે પ્રણવ (ૐ) નો ઉચ્ચાર શાંતિથી કર્યા કરો. આ વખતે તમને સમજાશે, કે તમારી વૃત્તિ ઉંડી ઉતરી ગઈ હોય એમ જણાશે, અને અપૂર્વ આનંદ તથા શાંતીનું ભાન થશે. પછી જેટલો વખત સુખપૂર્વક અંદર વાયુ રોકાઈ શકે તેટલો વખત રોકીને તેને ધીમે ધીમે જમણા નાકદ્વારા બહાર કાઢી નાખો. પછીથી પહેલાં જેમ ડાબે નાકેથી શ્વાસ લેઇને જમણા નાકેથી મૂકતા હતા તે પ્રમાણે હવે જમણા નાકેથી શ્વાસ વેગથી લેઇને ડાબે નાકેથી મૂકતા જાઓ. જલદીથી લેવો અને જલદીથી મૂકવો. આ પ્રમાણે જેટલા વખત પહેલી વખતે શ્વાસ લીધો મૂક્યો હતો તેટલા વખત આ વખતે પણ લેવો મૂકવો, અને તેટલી સંખ્યા થઈ રહેતાં જમણે નાકેથી શ્વાસ લેઇને છેવટે તેને અંદર પૂરીને પ્રણવનો તે જેટલો વખત અંદર રહી શકે તેટલો વખત જપ કરવો. આ પછીથી પ્રાણાયામ કરવા.

આ ક્રિયાને ભસ્રિકા કહે છે, કારણ કે તે વખતે જોરથી શ્વાસ પ્રશ્વાસ લેતાં મૂકતાં ધમણ જેવો અવાજ થાય છે. આ ક્રિયાના ઘણા ઘણા લાભો છે, જેમાંથી થોડા અત્ર જણાવીએ છીએ. આ ભસ્રિકાથી જઠર પ્રદિપ્ત થાય છે, રુધિરની ગતી વધવાથી ઘણા રોગો નીર્મૂળ થાય છે, શરીરમાં બળ પ્રકટે છે, આરોગ્ય આયુષ્યની વૃધ્ધિ થાય છે, મગજ સ્વચ્છ થાય છે, કોઈ કારણવશાત્ ગ્લાનિ, શોક અપ્રસન્નતા

વગેરે પ્રકટયાં હોય છે તો તે દૂર થાય છે, અને પ્રસન્નતા પ્રકટે છે. નેત્ર તેજસ્વી થાય છે, અને આ શિવાય કુંડલિનીનું ઉત્થાન થવાથી આગળ જણાવી ગયા તે અને તે વિનાના બીજા અનેક લાભો પણ થાય છે. ભસ્ત્રિકાનો મહિમા ઘણો મોટો છે. મનને પણ તે મૂર્ચ્છિત કરીને તેની ચપળતાને ઓછી કરી તેને સ્થિર કરે છે.

આ ભસ્ત્રિકા કરતી વખતે વાયુનો ધક્કો કુંડલીની જે પ્રદેશમાં રહી છે તે પ્રદેશપર્યંત પહોંચે છે, એ પ્રમાણે વેગથી વાયુ પૂરવો તથા તેથી કુંડલિની જાગ્રત્ થાય છે, એ પ્રમાણે ભાવના કરવી. મૂળાધારપર્યંત વાયુનો વેગ કે વાયુનો ધક્કો પહોંચે તે પ્રમાણે વેગથી વાયુને પૂરવો. તો પણ શરીરની શક્તિના પ્રમાણનો વિચાર કરીને વેગ રાખવો. બહુ વેગથી વાયુ પૂરવામાં આવે છે તો ચકરી આવી જાય છે. તો તે પ્રમાણે ન થાય તેની સંભાળ રાખવી. મનને મૂર્ચ્છિત કરનાર આ એક અમોઘ અને બળવાન્ સાધન છે. આ ભસ્ત્રિકા કરતી વખતે સુષુમ્ણાનું મુખ ખુલ્લું થાય છે, એ પ્રમાણે ભાવના રાખવી તથા વૃત્તિને પવન સાથે તેના મુખ આગળ લેઇ જવી.

હવે પ્રાણાયામ કેવી રીતે કરવા તેનું સ્વરૂપ સ્વલ્પમાં આપણે જણાવીએ છીએ. પ્રથમ ડાબા નાકથી ધીમે ધીમે પ્રાણવાયુને પૂરવો. પૂરતી વખતે જમણું નાક બંધ રાખવું, તથા પૂરતી વખતે ડાબા હાથે પ્રમાણનું માપ રાખવું. પૂરતી વખતે એક બે ત્રણ એમ સંખ્યા ગણવી એક સેકન્ડે એક સંખ્યા ગણવી. ગમે તો ઘડીઆળ આરંભમાં પાસે રાખવી, અને એક સેકન્ડનો ટંકારો થાય એટલે એક સંખ્યા ગણવી. ધારો કે આપણે ચાર ગણીને ચાર સેકન્ડનો પૂરક કરીએ છીએ. ચાર થઈ રહેતાં ડાબું નાક બંધ કરી દેવું. પછી બાર ગણાય ત્યાંસુધી અર્થાત્ બાર સેકન્ડ સુધી તે વાયુને અંદર પૂરી રાખવો. આ ક્રિયાને કુંભક કહે છે. પ્રાણવાયુને અંદર પૂરી રાખવાની ક્રિયાને પૂરક કહે છે, અને જેટલો સમય તેને અંદર રાખવામાં આવે તેને કુંભક કહે છે. આરંભમાં એક બે ત્રણ એમ સંખ્યા ગણવી; પણ પછીથી પ્રણવનો જ ઉચ્ચાર કરવો. અંગુઠો આંગળીના વેઢા ઉપર મૂકવો અને પ્રણવનો ઉચ્ચાર કરવો. આ પ્રમાણે બાર વખત પ્રણવનો ઉચ્ચાર શાંતિથી થઈ રહે ત્યાં સુધી પ્રાણને અંદર પૂરી રાખવો અર્થાત્ કુંભક કરી રાખવો, તે પછીથી જમણું નાક ખુલ્લું કરી તે દ્વારે આઠ સંખ્યા ગણીને ધીમેધીમે તેને બહાર કાઢી નાખવો. લેવા મૂકવામાં જરાપણ ઉતાવળ ન કરવી, જો મૂકતી વખતે અકળામણ થાય તો પૂરતી વખતે ચાર સેકન્ડનો સમય

લીધો હતો તે ઓછો કરીને ત્રણનો કે બે સેકન્ડનો સમય કરવો અને જો વધારે વખત અંદર કુંભક રાખી શકાય તો પૂરક પાંચ, છ, આઠ, દશ સેકન્ડથી પૂરવો. અને તેથી ત્રણ ગણીવાર કુંભક કરી રાખવો, અને બમણા વખતમાં રેચક કરવો, પ્રાણને બહાર કાઢી નાખવાની ક્રિયાને રેચક કહે છે. રોજ નિયમિત પ્રાણાયામ કરવા. સાંજ સવાર નિયમિત કરવા જોઇએ. અને તે પ્રમાણે કરવામાં આવે છે તો તેમાં આગળ વધાય છે. ઉતાવળ કરવી નહિ, પણ ધીમેધીમે આગળ વધવું. ઉતાવળ કરનાર પાછળ પડે છે, અથવા કોઇ રોગના ભોગ થાય છે.

પૂરક વખતે પ્રાણવાયુ કુંડલિનીના પ્રદેશપર્યંત પહોંચે છે, અને તેને જાગ્રત્ કરીને સુષુમ્ણાના માર્ગને ખુલ્લો કરે છે, એ પ્રમાણે ભાવના કરવી તથા વૃત્તિને તે પ્રદેશમાં સ્થિર કરવી. મનને તે સ્થળે એકાગ્ર કરવું. મૂલાધાર કે જે ત્રિકોણાકૃતી છે તેની મધ્યમાં વૃત્તિને સ્થિર કરવી, અથવા સ્થાપવી.

જે અભ્યાસકો આહાર વિહારના નિયમોને પાળતા નથી તે આગળ વધી શકતા નથી. યોગાભ્યાસ કરવાનો પ્રધાન આશય પણ હોવો જોઇએ. જે મનુષ્યો એમ ધારે છે કે આપણે આપણા વ્યવહા-હારના બીજા કામો પણ કરીએ અને યોગ પણ સાધીએ તે યોગને સાધી શકતા નથી. યોગ સાધકને વ્યવહાર ગૌણ કરવો જ પડે છે. આ સંબંધમાં આપણે આગળ વિસ્તારથી ચર્ચા કરી ગયા છીએ તે ધ્યાન પૂર્વક વાંચવી અને તેનું પાલન કરવું.

જેમની કુંડલીનીનું ઉત્થાન થાય છે. તેમને પછી જ્ઞાન મેળવવાની માટે કોઈની પાસે જવાની કે કોઇ પુસ્તક વાંચવાની જરૂર પડતી નથી ને જ્ઞાનનું પુસ્તક તેના આગળ ખુલ્લું થાય છે. અને તે જેની જરૂર હોય તે પોતાની મેળે પુસ્તકના આધારવિના જાણી શકે છે. જે કુંડ-લિનીનું ઉત્થાન કરીને સુષુમ્ણાનો માર્ગ ખુલ્લો કરે છે. તેના સુખનો અને જ્ઞાનનો પાર નથી.

જે સાધક સુષુમ્ણાનો માર્ગ ખુલ્લો કરીને આગળ વધતો જાય છે. તે આ સ્થૂલ સૂક્ષ્મ ઇંદ્રિયોના પ્રદેશથી પર જાય છે. અને આ ઇંદ્રિ-યોથી જે જ્ઞાન તેને નથી થતું તે જ્ઞાન તેને થાય છે; દૈવી જ્ઞાનનો તેના અંતરમાં પ્રકાશ થાય છે. તેની દૈવી ઇંદ્રિયો ઉઘડે છે. જ્યાં તર્ક શક્તિ પણ પરહેંચી શકતી નથી એવા પ્રદેશમાં તેની સ્થિતિ થાય છે, આ સુષુમ્ણાના માર્ગે ચઢવું, એ યોગીનો પરમ આશય હોય છે.

આ સુષુમ્ણાના મુખ આગળ સઉથી પ્રથમ મૂળાધાર ચક્ર રહેલું છે. એમાંથી ઉપર સ્વાધિષ્ઠાન ચક્ર રહેલું છે. તેના ઉપર મણિપૂરક ચક્ર છે તેના ઉપર અનાહતચક્ર અને તેના ઉપર વિશુદ્ધચક્ર રહેલું છે. તેના ઉપર આજ્ઞાચક્ર છે જે છેલ્લું છે, આ આજ્ઞાચક્ર મગજનો સહસ્રદલ મધ્યમાં રહેલું છે, સાધકે આ છએ ચક્રનો વેધ કરી સહસ્રદલ મધ્યમાં જઇને કરવાનું છે.

અનુભવ યોગીજનો કહે છે, કે મનુષ્યના શરીરમાં જે જે શકિત રહેલી છે તે તે સર્વમાં ' ઓજસ્ ' નામની શક્તિ સઉથી વધારે બળવાન્ છે. આ શક્તિ મગજમાં રહે છે. એમ તેઓ કહે છે. જેનામાં આ શક્તિ વિશેષ હોય છે તે મનુષ્ય વધારે બુદ્ધિમાન વધારે પ્રતિભાવાન્ તથા વધારે આધ્યાત્મિક શક્તિવાળો હોય છે. ઘણાએ વિદ્વાન મનુષ્યો બહુ સાર સારા વિચારો જણાવે છે: પરંતુ તેની અસર શ્રોતાઓ-ઉપર જેવી જોઇએ તેવી થતી નથી, પરંતુ જેનામાં આ દૈવી શક્તિ રહેલી હોય છે તે સાદા શબ્દો બોલે છે, તો પણ તેની શ્રોતાઉપર ચમત્કારિક અસર થાય છે. દરેક મનુષ્યમાં આ શકિત ઓછાવત્તા પ્રમાણમાં હોય છે જ. મનુષ્યના શરીરમાં જે જે શકિતઓ કામ કરે છે તે સર્વનો પરિણામ આ શકિતમાં જ આવે છે. યોગીજનો કહે છે, કે મનુષ્યમાં જે શક્તિ જનનેન્દ્રિયદ્વારા પ્રકટ થાય છે, અથવા અનુભવાય છે તેનો બ્રહ્મચર્યવડે નિરોધ કરતાં તે ઓજસમાં પરિણામને પામે છે. તે પોતાની આ અદ્‌ભુત શકિતનો સંભોગદ્વારા વિનાશ ન કરતાં તેને તે ઓજસમાં જ પરિણામ પમાડે છે, બ્રહ્મચર્યનું પાલન કરનાર પવિત્ર સ્ત્રી પુરુષો જ આ શક્તિનું રૂપાંતર ઓજસમાં કરીને તેને મગજમાં ભરી શકે છે. આપણા શાસ્ત્રમાં બ્રહ્મચર્યને શામાટે આટલી બધી મહત્તા આપવામાં આવી છે, તેનું કારણ આ યોગશાસ્ત્રમાં આપણને સ્પષ્ટ થાય છે, જીવન, બળ, ઐશ્વર્ય, સુખ, આનંદ વગેરે જે કહો તે આ ઓજસ જ છે. જેનામાં તે વિશેષ પ્રમાણમાં છે તે વિશેષ પ્રમાણમાં આ સર્વનો અનુભવ કરે છે, જે મનુષ્યો આ પ્રમાણે બ્રહ્મચર્યને પાળી શકતાં નથી તે શરીર, મન અને આત્માથી નિર્બળ થઈને વિનાશને જ પામે છે. જે જે મહાત્માઓ, મહાપુરુષો અથવા યોગીઓ, કે સિદ્ધ પુરુષો થઇ ગયા છે તેમનામાં આ ઓજસ વિશેષ પ્રમાણમાં હતું એ નક્કી સમજવું. બ્રહ્મચર્યવ્રતનો મહિમા અપાર છે. યોગાભ્યાસીએ વિરક્ત અને એકાકી રહેવાની આટલા માટે જ જરૂર છે. આ વ્રતવિના જે

યોગના અભ્યાસ કરવા જાય છે તે તેમાં આગળ વધી શકતા નથી, એટલુંજ નહિ પણ તે રોગના ભોગ થાય છે, અને પ્રસંગે ગાંડા પણ થઈ જાય છે. યોગાભ્યાસ અને બ્રહ્મચર્યનો ભંગ એ બે વિરોધી વસ્તુઓ છે. જ્યાં એક હોય છે ત્યાં બીજી વસ્તુ હોતી નથી. યોગાભ્યાસીએ બ્રહ્મચર્યનું પાલન કરવાની અનિવાર્ય અગત્ય છે, પછી તે બ્રહ્મચારી હો, ગૃહસ્થ હો, વની હો, કે સંન્યાસી હો, આટલા માટે જ બ્રહ્મચર્યનું પાલન કરવાની નિયમવ્રતમાં યોગશાસ્ત્રકારોએ અગત્ય જણાવી છે. બ્રહ્મચર્યના બીજા લાભોનું સ્વરૂપ આપણે આગળ સ્પષ્ટ કર્યું છે.

(અપૂર્ણ.)

પંડિત જગન્નાથ પ્રભાશંકર.

॥ ॐ श्री ॥

कीर्तनो.

परमात्मामाति प्रणमन.

પદ. ૧ (શુભ સમયે નૃહરિનાથ. એ લય.)

સચ્ચિતિ સુખઘન, સકલાર્થ સિદ્ધિઘન, પરમાત્મન્ ! જય જય.
અનુગ્રહ સિંચન કરી કરો ગુરુવર ! શીઘ્ર શમન, ભવ ભય.
નિતાન્ત દુરિત ધ્વાન્તનિવારક આપ જ જ્વલંત જ્યોતિ,
પ્રશાન્ત તૈજસ ભાળી આપનું, વૃત્તિ આપમાં મ્હોતી; સિદ્ધિ ઘન૦
અખંડ દુઃખદલનકોદંડધૃત[1] પ્રચંડ તવ શક્તિ,
શુદ્ધ સાત્વિકી સુખમયી દે જે, અહૈતુકી નિજ ભક્તિ: સિદ્ધિ ઘન૦
સભય હૃદય અભયપ્રદ અનહદ, પુણ્યદ, મહદ્ હિતૈષિ !
સાધકઉર સાક્ષાત્ હજો એ અકલિત નિગૂઢવેષિ ! સિદ્ધિ૦
નૃહરિનાથ ! પ્રણિપાત સ્વિકારી, કૃપાપાત પ્રભુ ! કરજો.
સકલ કરણસંઘાત ચરણમાં, વાળી પૃથક્તા હરજો. સિદ્ધિ૦

जीवत्वना उपाधिने निवृत्त करी निजात्मदर्शन करवा अधिकारीने प्रबोध.

પદ ૨. (આળસ છોડીને હવે કમરને, એ લય.)

જગને વિસારી હવે, હૃદયમાં આવી રે,
આવીને અવિદ્યાને ઝાટકી રે, શાણા બંધુ !
ટાળો જીવત્વ વેષ નાટકી (૨)
દશ્ય સત્ય જાણી ઘુમશો, તેમાં તો કાપશે રે,
કવેળાએ યમદૂતો ખાટકી રે; શાણા૦
દાનેશ્વરી મટી શાને, ભીખ માંગો ભટકી રે,
લઇને હાથમાંહિ વાટકી રે; શાણા૦

---

૧ નિરંતર દુઃખનો નાશ કરનારા બાણને ધારણ કરી રાખનાર.

સ્વરૂપ ઓળખવાને, આવી અંતસ્તલમાંહિ,
ચૈતન્યમૂર્તિ જો જો ત્રાટકી રે; શાણુ૦
પ્રખર બ્રહ્મત્વભાને, નિજાત્મા અનુભવો રે,
અખંડ બ્રહ્મજ્ઞાનમાં ટકી રે; શાણુ૦

શ્રા જ૦ દેવી૦

आन्तरकरणोनी आभिमुखतायुक्त श्री इष्टने प्रार्थना.

પદ ૩. (રે પાઓ જીવનવારિ, એ લય.)

રે આવો હૃદ્દવિહારિ રે,
વિલોકું ધારી ધારી રે; આવો૦
આપતણું રસસ્મરણ કરી કરી,
મનને કર્યું સંસ્કારી રે; આવો૦
આપને જ્ઞેય ને ધ્યેય પ્રમાણ્યા,
બુધ્ધિએ નિશ્ચય ધારી રે; આવો૦
આપતણું રસચિંતન સાધી,
ચિત્ત કર્યું અવિકારી રે; આવો૦
આપવિષે મેં અહંમમ સ્થાપ્યું,
પૃથક્ અહંતા નિવારી રે; આવો૦
નરહરિ ! કરુણા કરી દર્શાવો,
અદ્ભુત પ્રીતિ તમારી રે; આવો૦

પ્રમીલાબહેન.

सर्वमां आत्मानुभव करनार धन्य जीवित छे.

પદ. ૪ (સત્ય જ્ઞાનની કુંચી, એ લય.)

સૌના મૂલ કારણરૂપ આત્મા જેનાથી ઓળખાતો,
તેણે જીત્યું છે જગ આ, જીવ્યો સાચો તે ગણાતો.
નિજાત્મઅર્થે કમર કસીને, જેણે સાધ્યો યોગ જો,
ક્ષણિક સુખોનો ક્ષણમાં આપ્યો, સમૂલ ઉરથી ભોગ જો,
વિષય થકી ન કદી લલચાતો, સિધ્ધિને પણ મારી લાતો,
પરિણામી પદને તે ચહાતો; કારણરૂપ૦
જગત્-વાદ્યના તારો છેડી, વગાડે સ્વરૂપ-સુરજો,
કરે જગદ્ વ્યવહાર તથાપિ, રંગે ન તેથી ઉર જો,

મધુરાં ગીતો ગાતો ગાતો, અંતરમાં નિજ રૂપને ધ્યાતો,
ફરે બધે નિર્ભય મદમાતો; કારણરૂપ૦
વિશ્વવેધશાલામાં દુર્બિન જ્ઞાનનું રાખી હાથ જો,
સઉના અન્તર્ગત નિજ રૂપને, જોતો જે દિનરાત જો,
તેને ભેદ ન કશો ભળાતો, ભ્રમમાં તે ન કદી અટવાતો,
જાણે, શુધ્ધ સ્વરૂપ છે આ તો; કારણરૂપ૦
વિષયી જીવતો હોય પરન્તુ, મૃતરૂપ તેહ મનાય જો,
નિજાત્મમાંહિ શમ્યો તે જીવ્યો, અનુભવી જન એમ ગાયજો,
અમરપદે જઈ તે સોહાતો, સ્વરૂપાનન્દે રહે હરખાતો,
ધન્ય ધન્ય તે નર કહેવાતો; કારણરૂપ૦

શ્રી૦ જ૦ દેવી૦

શીઘ્ર આત્મોન્નતિને અનુભવતા સાધકના ઉદ્‌ગાર.

પદ. ૫ (હા હું છું બ્રહ્મ જીવ નથી એ, એ લય.)
વેગથી મારો ઉન્નતિરથ તો આગળ આગળ જાય છે,
ક્યાંહિ ન એ અચકાય છે, સારથી મુજ ગુરુરાય છે.
દૈહિક કષ્ટના પાષાણો માર્ગમાં, કદીક કદીક અથડાય છે,
પણ તે નિવારી નંખાય છે, રથ તેથી જરી ન ખળાય છે; વેગથી૦
આલસ્યાદિ પ્રતિબંધોથી, મારા રથની આડે ન અવાય છે,
એકમાં વિઘ્ન ભળાય છે, ત્યાં બીજો માર્ગ શોધાય છે; વેગથી૦
આંતર ઉપાધિની આંધિમાં મારો, રથ ન કદી ગુંચવાય છે.
દષ્ટ માર્ગો જો સીડાય છે, અદષ્ટ માર્ગ તો સ્હાય છે; વેગથી૦
અન્યને લાગે, ચાલ્યો ચાલ્યો રથ આ, હમણાં ખાડામાં ફસાય છે,
પણ ત્યાં તો ઝટ ફંટાય છે, નિર્વિઘ્ન માર્ગે વહાય છે; વેગથી૦
અન્યની દષ્ટિમાં જ્યાં મહા હાનિને, કંઇ કંઈ અપાય દેખાય છે,
ત્યાં મને લાભ પમાય છે, કાં જે ગુરુની સહાય છે; વેગથી૦
સર્વસ્વભોગે આગળ જવું એ મુજ, નિશ્ચય જરી ન લોપાય છે,
સઉ કંઈ તદર્થ છોડાય છે, કટુ, ગણી મિષ્ટ પીવાય છે; વેગથી૦
ક્ષણિક કદી પાછો પડતો જણાતાં, ગુરુની હાકલ સંભળાય છે,
આગળ પુનઃ વધાય છે, ગુરુથી ઉત્સાહ અપાય છે; વેગથી૦
ગન્તવ્ય દેશે આ પહોંચ્યો—આ પહોંચ્યો, એમ પ્રતિક્ષણ થાય છે,
નિત્ય નિશ્ચિંત રહેવાય છે, ગુરુગુણ ગવાઇ જવાય છે; વેગથી૦

अन्तःकरणना अधिकारनी वृद्धि करवा गुरुप्रति विज्ञप्ति.

પદ. ૬ (કરો નિત્ય પ્રભુ હિત મારૂં. એ લય.)

યાચું છું અધિકાર વધારો, ગુરુદેવ ! કૃપા કરી મારો,
પ્રતિકૂલ પ્રારબ્ધ વિદારો, પ્રતિબંધક દુરિત નિવારો.
રાત્રિ દિવસ જન ઉચ્ચ સુખાર્થે, વલખાં મારે છે અપાર,
પણ ક્યાંથી પામે સુખ, કરે ના, શ્રેષ્ઠ જો નિજ અધિકાર; યાચું૦
સિંહણનું દુગ્ધ સુવર્ણપાત્રે, ઠરતું, પ્રભુ ! આપ બોધ–
તેમ ઠરે દિવ્ય અંતરે જેના, શમીયા છે કામ ને ક્રોધ; યાચું૦
અનુગ્રહ દૃષ્ટિથી આપ પ્રભુએ, દીધું સર્વોત્તમ સર્વ,
વિણ અધિકારે ઉવેખ્યું મેં લાવી, જ્ઞાનનો મિથ્યા ગર્વ; યાચું૦
ઉત્તમ બળ કદી પ્રાપ્ત કરે પણ નિકૃષ્ટ જો હોય ઉર,
લાભને બદલે અલાભને પામે, પામ્યાતા જેમ અસુર; યાચું૦
કર્મ ભક્તિને સધાવીને વાસ્તવ, કરજો અધિકારી શ્રેષ્ઠ,
ઉદય થતાં તત્વજ્ઞાનનો જેથી, જાય આ જીવપદ નેષ્ટ; યાચું૦
નરહરિ ! આપ સ્વરૂપને અનુભવું, કરજો એવો અધિકાર,
આપ શરણ ગ્રહ્યું સાર્થક થઇને, થાય બેડો મારો પાર; યાચું૦

શ્રી જ૦ દેવી.

इष्टथी अखंड संलग्नता मेळवती वृत्तिना उद्गार.

પદ. ૭ (પ્રભુ પ્યાર કરી, સરિતા હું છું, એ લય.)

અખંડ અભેદ મારો પ્રભુથી અહા !
પ્રભુનાં નાનાવિધ રૂપોમાં, લહું હું મારી વ્યાપ્તિ,
પ્રભુના ગુણધર્મોની મુજમાં, જોઇ રહું સંપ્રાપ્તિ; પ્રભુથી૦
પ્રભુ સુવર્ણ બને તો તેના સુષ્ઠુ* વર્ણરૂપ થઉં હું,
પ્રભુના રૂપથી સદૈવ મારો, અભેદ અનુભવી રહું હું; પ્રભુથી૦
પાણીદાર મૌક્તિક તત્ત્વનું, તેનું છું હું પાણી,
મુજ અનુભવ ગ્રહેવાને જનનું, ચિત્ત થતું પાણી પાણી; પ્રભુથી૦
ચકમકસમ ચૈતન્ય, હું તેનો, અંશરૂપ છું તણખો.
પ્રભુ નર્તનનું રૂપ ધરે તો, થઉં હું તેનો ઠણકો; પ્રભુથી૦

---

* સુંદર.

થયું ચિતિએ અબ્ધિરૂપ ને ગર્જના હું છું તેની,
બને ચિતિ જો ચન્દ્ર, બનું હું, ચન્દ્રિકા તેની મઝેની; પ્રભુથી૦
ગુલાબપુષ્પસમો મુજ વહાલો, તેની સુવાસના હું,
પ્રભુના અંશરૂપે સર્વત્ર જ, વ્યાપું જ્યાં એ, ત્યાં હું; પ્રભુથી૦
પ્રભુ બને મહા મધુર કોકિલ, તેનું સ્વરરૂપ ધારૂં,
વિશ્વઆમ્રવૃક્ષે રહીને કદી, વસંતમાં ટહુકારૂં; પ્રભુથી૦
આ વિધિ વિશ્વ સકલમાં પ્રભુથી, અભેદ પામી મ્હાલું,
પ્રભુમયતા અનુભવતાં સહજે, ત્યજી દઉં હુંપણું ઠાલું; પ્રભુથી૦

શ્રી જ૦ દેવી.

मनतुं सर्व कांई विश्वसनीय नथी.

પદ ૮. (બાપુ પૈસાનો જોઈ ચળકાટ, એ લય.)

પ્રબલ અંકુશ મનની આસપાસ, રાખતાં થાકશો મા,
કોઇ મનનો કદાપિ વિશ્વાસ, ભૂલથી રાખશો મા.
ક્ષણપૂર્વ ડાહ્યું જણાતું મન, ગાંડું તરત બની જાય છે,
ધિક્કારતું જે હોય તેને, માત્ર પળ પછી ચ્હાય છે;
જન્માંતરે પણ જે ન ગ્રહેવા, સહજ નિશ્ચયી થાય છે,
તે અન્ય ઘટિકામાંહિ પાછું એ જ લેવા ધાય છે;
એનો જોઇ ક્ષણિક પ્રકાશ, મૂલ્યને આંકશો મા; કોઈ મનનો૦
હતું શાંત, સહજ નિમિત્તથી, તે ક્રોધને વશ થઈ જતું,
વળી અન્ય ક્ષણમાં તે જ પાછું, ક્રોધને ધિક્કારતું;
જે પ્રભાતે નિર્ભય હતું તે બપોરે ભયભીત થતું,
જે આજ જૂદું કે'તું તે વળી કાલ જૂદું ચાલતું;
અજબ જાણો એના મોહપાશ, એ સત્યરૂપે ઝાંખશો મા; કોઈ મનનો૦
જ્યાં લગી પ્રસંગ નથી મળ્યો, ત્યાં લગી જૂદી જાતનું,
જ્યાં મળ્યો સહજ પ્રસંગ ત્યાં એ થાય બીજી ભાતનું;
એની સુચેષ્ટા ને સુનિશ્ચયથી ન ભોળાઇ જશો,
જે ક્ષણ પછી વિપરીત થાયે, તેહનો વિશ્વાસ શો ?
એના ઉપરના અંકુશને ખાસ, દૂર જરી નાંખશો મા; કોઇ મનનો૦

अन्तरात्मामां स्थिति कराववा सूचिनी अभ्यर्थनात्मक उक्ति.

પદ ૯. (રમતી હરિમાં વૃત્તિ સદાય, એ લય.)

ઉરના દ્વાર ઉઘાડો આજ, ઓ હૃદમહેલનિવાસિ !
ફરી ફરી થાકી થાકી આવી પ્રવાસિ,
નિજ મન્દિર–આંગણીયે એક દાસી; ઉરનાં૦
અનન્ત અવતારો ધરી, કર્યા અનન્ત પ્રવાસ,
પણ પ્રવાસના અન્તનો, લહ્યો નહિ આભાસ,
સાચું ઘર શોધ્યું ના મેં, બહારનાં શોધ્યાં,
જ્યાં ત્યાં વ્યર્થ મથુરા, પ્રયાગ, કાશી; ઉરનાં૦
ભરતીના મોજા સમી, મધ્યબિન્દુથી નાથ !
દૂર અને દૂર હું ગઈ, ગ્રહ્યો ન કોઇએ હાથ,
વાસ્તવ સુખ કેરી છાયા, ક્યાંહીએ ન ભાળી,
ભ્રમી ભ્રમી તાપ સહી હું અતિશય ત્રાસી; ઉરનાં૦
ગુરુના અનુગ્રહમાત્રથી, આવ્યું આ ક્ષણ ભાન,
ગુરુપ્રેરિત સત્તાવડે, આવી છું આ સ્થાન,
ઉઘાડો ઉઘાડો દ્વારો, સદ્ય ઉઘાડો,
સંગ્રહી લો મને દહી જનિ મૃતિ ફાંસી; ઉરનાં૦

પ્રમીલા બહેન.

ध्येयना वास्तव ध्यानथी थती साधकनी दशा.

પદ. ૧૦ (ચિતિતત્ત્વમાં ચિત્ત મારૂં રમે છે, એ લય,)

પ્રભુની પ્રભુતા, ગુરુની ગુરુતા,
નિહાળી ગઈ આજ મારી લઘુતા; પ્રભુની૦
બધું જે થતું તે કરે ઈશસત્તા,
પછી કોથી ને ક્યાં રહી આવી બત્તા; પ્રભુની૦
ગુરુની મહત્તા જણાતાં જણાતાં,
સ્વયંમાં મહદ્‌ભાવ કંઈ આવી જાતા; પ્રભુની૦
ગુરુના બૃહદ્‌રૂપનું ધ્યાન થાતાં,
બૃહદ્‌ભાવ ખ્યાલા ઉરે તો સુહાતા; પ્રભુની૦
પ્રભુને લહી વિશ્વકેરા વિલાસી,
સહજમાં શમી મારી અંતર–ઉદાસી; પ્રભુની૦

ગુરુના પરમ જ્ઞાનથી ચિત્ત જોડયે,
સ્વભાવે કરી તે અવિદ્યા વિછોડે; પ્રભુની૦
મહાનંદરૂપે લહું હું પ્રભુ જ્યાં,
છૂટી જાય તત્કાલ ક્લેશાદિકો ત્યાં; પ્રભુની૦
નથી અન્ય, જ્યાં સઉ પ્રભુની જ માયા,
બીજાની પછી ત્યાં દીસે કેમ છાયા; પ્રભુ૦
ગુરુની કૃપાથી હું અલ્પજ્ઞ પ્રાણી,
અભેદ સ્વરૂપે રમું મોજ માણી; પ્રભુની૦

શ્રી જ૦ દેવી.

श्री सद्‌गुरूनिर्दिष्ट ध्येयमां वृत्तिने वारंवार संलग्न राखवा प्रबोध.

પદ. ૧૧ (સકેલી વૃત્તિને વીરા બ્હારથી રે, એ લય)

સદ્‌ગુરુએ દીધેલા એક લક્ષ્યમાં રે, વીરા ! વૃત્તિ રમાડો.
હરઘડી વૃત્તિ, લાવીને લક્ષ્ય સમક્ષમાં રે ! ત્યાં તદ્‌રૂપતા પમાડો.
વૃત્તિ રમાડો, વીરા ! મનને રમાડો, વીરા ! મતિને રમાડો, વીરા ! બુદ્ધિ રમાડો.

પુનઃ પુનઃ ચિન્તવજો ઉરમાં, લક્ષ્યતણું માહાત્મ્ય,
નવીન નવીન રસસહ, અન્તર્મુખ. થઇને શોધો નિજાત્મરે: વીરા૦
ભલે અન્ય ચિન્તન ઉઠે પણ, લજો પ્રયત્ને ન લેશ,
પુનઃ પુનઃ એના એ યત્ને, કરજો ભીતર પ્રવેશ રે; વીરા૦
લક્ષ્યવિષે હોય પરમ પ્રેમ તો, જરૂર શોધન થાય,
એકાગ્રતા ન આજ થતી તે, તે ક્ષણ તરત સધાય રે: વીરા૦
સેવો એવો સંગ વધારે, લક્ષ્યે જે અનુરાગ,
કરજો એવા નિશ્ચય, સાધે, દશ્ય વિષે જે વિરાગ રે; વીરા૦
વારંવાર વળી લક્ષ્યપ્રતિ, સાધે વૃત્તિ નિરોધ,
તો જ જાણવો, જાગ્યો ઉરમાં, સાચો ગુરુનો પ્રબોધ રે; વીરા૦
ક્ષણ ક્ષણ મળતાં પણ વૃત્તિલય, સાધો સાધક વીર,
કોઇ અણધારી ક્ષણમાં લક્ષ્યે, થાશો સહજે સ્થિર રે, વીરા૦

ध्यानमां स्थायी दर्शन देवा इष्टप्रति प्रार्थना.

પદ. ૧૨ (ઇષ્ટ સમર્થ શિરે લહે તેને એ લય.)

ઉતાવળા થાઓ કાં આ તો મન્દિર આપનું પ્રાણાધાર છે,
આપને ભાવતાં ભોજન, ગૃહ વળી, સેવામાં સઉ તૈયાર છે,
તનડાં આ તોડયાં, ને વ્યવહાર છોડયા ને ઉર મન જોડયાં રે...
(ત્યારે) કષ્ટે વળી, આવ્યા મળી; ઉતાવળા૦
આપ સામીપ્યના સુખનાં વર્ણન, શાસ્ત્રમાં તો કંઇ અપાર છે,
તે ન હજી દીધાં, પૂર્ણ નથી કીધાં, વિચરો કાં સીધા રે...
સ્તુતિ આટલી, રહો સાંભળી; ઉતાવળા૦
જાણ્યું જે નાથ તો સામગ્રી નહિ પણ ભાવનાને જોનાર છે,
પ્રેમને પરખીને હૃદયથી હરખી, કરી તમ સરખી રે...
જન્મે નીકળી, ભાતે ભલી; ઉતાવળા૦
જાણ્યું વળી પ્રભુ ભકતાધીન ને અંતરના તો ઉદાર છે,
સ્વીકારી મહેમાની, થોડું ઘણું માની, થઇને મહા દાની રે...
રહેજો ફળી, લઇ અંજલિ: ઉતાવળા૦
કંઇક અધિક કાળ રોકાશો તો પ્રભુ! આપને કો ટોકનાર છે?
જવું હોય સત્વર, તો માગ્યું ગુરુવર! આપો નિરંતર રે...
સ્વરૂપે ભળી, રહું ઝળહળી: ઉતાવળા૦

શ્રી જ૦ દેવી૦

भक्ताधीन प्रभुने प्रसन्न करनार भक्तहृदयनुं वैलक्षण्य.

પદ ૧૩ (મોહે પનઘટપે નન્દલાલ છેડ ગયો રી, એ લય.)

પેલું ભકતહૃદય પ્રભુહૃદય હરી ગયું રી,
હરી ગયું રી, પ્રભુ વરી ગયું રી; પેલું૦
ન જાણ્યું કેઇ પળે, ન જાણ્યું કવી કળે,
ભકતપૃથક્ભાન પ્રભુમાંહિ સરી ગયું રી; પેલું૦
છાનુ માનું આવી પાસે, પ્રભુને બાંધ્યા પાશે,
પ્રભુપર એ મંત્ર જેવું શુંએ કરી ગયું રી; પેલું૦
નહિ સમજાયું જરી, પ્રભુપાસ ફરી ને ફરી
આવી આવી લઈ શું ગયું, શું ચરણે ધરી ગયું રી; પેલું૦

જુઓ, જુઓ, થાલ્યું જાયે, વૃત્તિઅંત એ તો થાયે,
અલિંનું પોતાનું પાછળનું વિસરી ગયું રી; પેલું૦
પ્રભુનો હાથ ર્હાઇ, પ્રભુ હ્નૌકામાંહિ,
બેસી ભવસિન્ધુ પાર, એ તો ઉતરી ગયું રી; પેલું૦

चैतन्यतारकप्रति अभेदानुभवार्थे स्तुतिरूप उक्ति.

પદ. ૧૪ (હું તો શ્રેય મુજ સાધું, એ લય.)

ઝબક ઝબક ઝબકી લે ગગનમાં ઓ ચિત્સ્વરૂપ તારા !
ચિત્સ્વરૂપ તારા ! દશે દિશ કર તું ઝબકારા;
ગગનમાં ચિત્સ્વરૂપ તારા !
મેં દીઠા યોગી–જ્ઞાનિનભમાં, તુજ ચમકારા,
મારા નભે આત્મન્! કાં રાખે, હજી અંધારાં; ગગનમાં૦
તારા પ્રકાશે સિદ્ધ સિદ્ધિ અનુભવનારા,
તુજ અનુભવે કંઈ રંક પણ મહા ઋદ્ધિ રળનારા; ગગનમાં૦
તુજ દર્શનાર્થે મનમતિ આતુર અતિ મારાં,
મુજ નભસ્થમાં પ્રકટાવ તેજસ તારલા ! તારાં; ગગનમાં૦
ઝબકાવ એવાં તેજ જે જીવત્વ હણનારાં,
સહજે શમાવે મુજ કુટિલ સંસ્કારની ધારા; ગગનમાં૦
ત્રાટક કરી રહું શુદ્ધમાં, ચુકી દૃષ્ટિપલકારા,
કરૂં યત્ન પણ આવ્યા ન હજી દર્શનતણા વારા; ગગનમાં૦
દર્શાવ હાવે ચિહ્ન તુજ ઉદય સૂચવનારાં,
જેથી પ્રફુલ્લિત બનું, ઓ વ્યોમે વિહરનારા ! ગગનમાં૦
દે સ્પષ્ટ દર્શન અંતે જીવન ધન્ય કરનારાં,
તુજ જીવનમય મુજ જીવન થાતાં, છૂટે ભવભારા; ગગનમાં૦

શ્રી જ૦ દેવી૦

प्रयत्ननिष्ठ साधकनी इष्टानुग्रहदृष्टि निमित्त विनति

પદ. ૧૫ (દિલ મારૂં મારે નહિ, એ લય.)

કૃપા વૃષ્ટિ વર્ષાવજો, ધારા રેલાવજો, ખેતર ખેડેલું તૈયાર છે.
યત્ન સાર્થક કરાવજો, ફળને લણાવજો, વર્ષાની માત્ર હવે વાર છે.
આંતર ભૂમિ મેં સાધી સાધન સ્વચ્છ રાખી છે અતિ,
સાવધ રહી પરિશ્રમ કર્યો, આલસ્ય સેવ્યું જરી નથી;

વેઠયાં ક્ષુધા ને તૃષાદિ ના તાપ તાઢથી પણ ડરી,
વિક્ષેપ આવ્યા જે કાંઈ તે ટાળીયા હિમત ધરી;
હવે આપ સહાએ આપજો, પાક નીપજાવજો, નહિ તો ખરાબી થનાર છે; યત્ન૦

ધરણી તપી ચોપાસથી, જોઇ રહ્યો છું હરઘડી,
બીજક બળી જાશે બધાં, પડશે ન વર્ષાની ઝડી;
પુરુષાર્થ મેં કીધો અનુ—ગ્રહ આપનો જ્યારે થશે,
અતિ સ્વલ્પમાંથી અનલ્પ પામી વૃત્તિ મારી વિરામશે;
ન હાવે તરસાવજો, કરુણા દર્શાવજો, જાણ્યું છે પ્રભુ તો ઉદાર છે; યત્ન૦

———:o:——— **પ્રમીલા બહેન.**

अमृततत्त्वने अनुसरवा उपदेश.

પદ. ૧૬ (હો જી મારો ઉંડી હવે બુડી. એ લય.)
હો જી લીજે શોધી અમૃતકૂપો,
પ્રવેશી ભાઇ ! નાભિમાંહિ; હો જી૦
સંયમથી ત્યાં જઈ ખુંપો; પ્રવેશી૦
અમૃતકૂપો નહિ મળે, જન કે જંગલમાંહ્ય,
મહાબલપ્રદ નથી વસ્તુ કો, અખિલ વિશ્વમાં ભાઇ,
સઉમાં જીવનની ઉણપો; પ્રવેશી૦
અસત્ત્વનું મન્થન કર્યે, નીકળશે નહિ સત્ત્વ,
મૃતમય જડસંઘાતથી, મળશે ન અમૃતતત્ત્વ,
વિષ ગ્રહો, તે જો અતિ કુંપો; પ્રવેશી૦
દમન કરી મન પ્રાણનું, ઠરજો નાભિમાંહ્ય,
અગાધ અમૃતવાપિકા, ડરતાં ત્યાં જ જણાય,
સાચી વાત, ન એ ગપો; પ્રવેશી૦
આરાધી શિવતત્ત્વને, મેળવજો અમૃત,
પીતાં રહેશે કોઈના, અણુઓ તમમાં મૃત,
(જે) રંકોને કરે મહા નૃપો; પ્રવેશી૦
અમૃત આત્માને લહી, બનજો અમૃતરૂપ,
જીવનબિન્દુ મટી બનો, જીવન સિન્ધુસ્વરૂપ,
વેષ મૃતક મૂકી કકુપો; પ્રવેશી૦

શ્રી જ૦ દવી.

अनुग्रहद्दष्टिनिमित्त श्रीइष्टने याचना.

पद २७.

મિલાવજો, ભાવની ભરેલી એક દૃષ્ટિ,
માનીશ પ્રભુ ! એને હું અમૃતની વૃષ્ટિ; મિલાવજો૦
મારા અણુઅણુમાં જેથી પ્રેમ જાગે,
આપવિના વૃત્તિ બીજે ન અનુરાગે,
લાગે લુખી આ સકલ સૃષ્ટિ:
મિલાવજો, ભાવની ભરેલી એવી દૃષ્ટિ.
આપ સ્વરૂપ થાવા મન તત્પરતા ધારે,
સર્વ ભોગ આપીને યત્નને સ્વિકારે,
થાય ભલે પ્રાણુની વિસૃષ્ટિ:* મિલાવજો૦
સર્વ સારરૂપે હું આપને જ જાણું,
સ્વાનુભવે નિશ્ચય કરીને પ્રમાણું:
આપને જ વ્યષ્ટિ ને સમષ્ટિ: મિલાવજો૦

सर्वात्मभावरूप प्रेमयज्ञनुं स्वरूप.

પદ ૧૮ (આલિંગી નાથ આજે, એ લય.)

પ્રેમયજ્ઞે સર્વસ્વ જેનું હોમાય છે,
જેનું હોમાય છે તે ધન્ય કહેવાય છે; પ્રેમ૦
લોભ પરિત્યાગી, કીર્તિને કરી આઘી,
સ્વાર્થની એ યજ્ઞે, આહૂતિઓ અપાય છે; પ્રેમ૦
મિથ્યા અહંતાનાં, મર્યાદિતતાનાં,—
હૂતદ્રવ્ય જેમાં અનર્ગળ ડલવાય છે; પ્રેમ૦
પરને પોતાની, સમાન ગણુવાની—
દીક્ષા આ પ્રેમયજ્ઞમાંહિ લેવાય છે; પ્રેમ૦
સ્વાર્થને વિલાવે, સર્વાર્થભાવ લાવે,
પરાર્થ કેરા મંત્રો આ યજ્ઞમાં ભણુાય છે; પ્રેમ૦
શુદ્ધ સ્વરૂપ સમજે, ને પ્રેમયજ્ઞ જે યજે,
પરમાત્મા તે પર પ્રસન્ન થઈ જાય છે; પ્રેમ૦

---

* ત્યાગ.

પ્રભુ પ્રેમ જાગે;—જેમાં એ પ્રેમ યાગે,—
ભળે તે તો પ્રેમયજ્ઞનારાયણ થાય છે: પ્રેમ૦

શ્રી. જ૦ દવી.

प्रयत्नशील साधक ज यथार्थ फल मेळवे छे.

પદ ૧૯. (જખમનાં દરદો જખમી જાણે રે, એ લય.)

શુદ્ધ કર્તવ્યતણા અનુરાગી રે, કર્તવ્યે મહાલે,
આયુ નિજ, વાતો તણા તડાકી રે વાતોમાં ગાળે
પ્રયત્નશૂરા સાધક યત્ને, કુદતા ફાળે ફાળે,
નિજ કર્તવ્યતણા કાયર તો, જ્યાં ત્યાં છેડો વાળે રે,
દુઃખ દુઃખ દુઃખ ભાળે: શુદ્ધ૦
યત્નવાનને અશક્ય છે નહિ, કશુંએ કોઈ કાળે,
યત્નહીણા બીજું તોડે જ્યાં, એક પરાણે ઝાળે રે,
શૂન્ય જ સરવાળે: શુદ્ધ૦
યત્નનિષ્ઠ ફળને અનુભવતા, દરેક ડાળે ડાળે,
યત્નવિનાના હાથમાંહિ આવ્યું આંબળું ના ભાળે રે,
ઉન્મુખ થઇ ચાલે: શુદ્ધ૦
પ્રયત્નશાલી લોહમાંથી, પણ સુવર્ણઢાળકી ઢાળે,
પ્રમાદી પામે કદી સ્વર્ણ તો, જઈ ઉકરડે ઘાલે રે,
રે' ભિખારી હાલે: શુદ્ધ૦
ક્રિયાવિનાના વાણીશૂરા, સજીવન જીવન બાળે,
પ્રાણભર્યા જન, પ્રયત્નસાધક, પ્રભુને પ્રકટ નિહાળે રે,
અંતર અજવાળે: શુદ્ધ૦

श्री इष्टनी केवल कृपा इच्छनार अधिकारीनी याचना.

પદ. ૨૦ (રે અમો અબળાને માયા વહાલી, એ લય.)

રે મારા પ્રાણ ! ચહું છું પ્રીતિ તારી,
પ્રાણ ! ચહું છું પ્રીતિ તારી રે, તારી રે,
તારી, પ્રીતિ તારી,—રે મારા૦
ગજપર ચઢાવો કે રજમાં રોળાવો રે,
તેની પરવા તો મેં ન ધારી રે, ધારી રે,
ધારી, મેં ન ધારી;—રે મારા૦

ભોગી બનાવો કે રોગી બનાવો રે,
તે પર જાતી ના દૃષ્ટિ મારી રે, મારી રે,
મારી, દૃષ્ટિ મારી;—રે મારા૦
તુજને સર્વસ્વ મારૂં, લઈને મુજ પ્રાણુ ઓવારૂં,
ચેટક પ્રીતિનું લાગ્યું ભારી રે, ભારી રે,
ભારી, લાગ્યું ભારી;—રે મારા૦
પ્રેમનો કટાક્ષ તારો, મારા દિલને હરનારો,
અહં મમ ભાન દે નિવારીરે, નિવારી રે,
નિવારી દે નિવારી;—રે મારા૦
તારી પ્રીતિની પાસે, સઉ કાંઈ તુચ્છ ભાસે,
એ પ્રીતિથી દે મને હારી રે, હારી રે,
હારી, મને હારી;—રે મારા૦
બીજા શું જાણી શકશે, અગ્નણ્યા શું માણી શકશે.
અહૈતુકી[1] પ્રીતિ સૌથી ન્યારી રે, ન્યારી રે,
ન્યારી સૌથી ન્યારી;—રે મારા૦

સુજ્ઞ ચેતવણી.

પદ. ૨૧ (ન્યારા ન્યારા ઉભરાણા, એ લય.)

ચેત ચેત આ શાણા! વાયાં વિલક્ષણ વહાણાં,
તેમાં જો પ્રભુ ન ભજાણા, તો અભય તું વિચરીશ નહિ; ચેત૦
માયિક મોહાદિ વેરી, તુજ માર્ગે વિઘ્નો વેરી,
તારૂં નાવ લેશે ઘેરી, કદી પાર તું ઉતરીશ નહિ; ચેત૦
જગનાં વિધવિધ કામો, કરી કરે તું વ્યર્થ ઉધામો.
તદપિ આવતાં પરિણામો, તું કશું સંઘરીશ નહિ; ચેત૦
જ્યાં લગી મન તુજ સ્વામી, ત્યાં લગી ન શકીશ કંઈ પામી,
રે'શે ઝાળ નિત્ય જ સ્હામી, તું તાપથી ઉગરીશ નહિ; ચેત૦
તું બાહ્ય શત્રુ છો મારે, પણ તુજ મન માથે તારે,
તો જાણુ દુ:ખથી લગારે, તું કદી ઉદ્ધરીશ નહિ; ચેત૦
મન વશ કર્યું ન જરીએ, તેને અખંડ અનુસરીએ,
તો કહું તને ફરી ફરી એ, કે તું જય વરીશ નહિ; ચેત૦

---

1 કોઇ નિમિત્ત વિનાની, નિ:સ્વાર્થ.

શાશ્વત સુખ ચહે મજાનું, ને પરમોન્નતિ વરવાનું,
તો મન સ્વાધીન કરવાનું, તું જરી વિસરીશ નહિ; ચેત૦

स्वरुपभानना उद्गार.

પદ ૨૨ (પ્રભુને કાજે તું કરજે વૃત્તિ દિવાની, એ લય.)

મારૂં અંતર કરી રહેતું સોહમ્–લલકારા,
સોહમ્ લલકારા, જેનાં સામર્થ્ય ન્યારાં; મારૂં૦
હંસલો મારો પરમહંસથી, બની રહ્યો એકતાર,
પોતામાં પરમાત્મા ન્યાળી, કરી રહ્યો આત્મવિહાર;—
સોહમ્ કેરી અજપ ધુનિમાં, અન્ય અહમ્ અળપાય,
અંતરમાંહિ અખંડિત તરતું, સોહમ્ તત્વ લહાય;—
ઇતર શી રીતે શ્રવણે આવે, ઉર જ્યાં સોહમ્–ગાન,
સોહમ્ ભાન સદોદિત રહેતાં, ક્યાંથી અન્યનું ભાન;—
સોહમ્જ્ઞાન થતાં અણુઅણુએ, ઉઠે પરમ આનન્દ,
છતાંય અન્તઃકરણ રહેતું અવિકારી અસ્પન્દ;—
અગમ્ય સોહમ્ ઊર્મિ ઉઠતાં, સઘળું એકાકાર,
એ ક્ષણના અનુભવની કથની, કોણ કથી શકનાર;—

શ્રી૦ જ. દેવી.

आत्माश्रयी थवा उपदेश.

પદ. ૨૩ (મારા હૃદયાના વાસી વ્હેલા આવો, એ લય.)

શીદ ચેતે ચિન્તાની ચિતામાં, છે હાથમાંહિ ચિન્તામણિ,
ભાઇ દાસાનુદાસ હવે થા મા, ખરૂં તો તું છે ધણીનો ધણી.
તું જાણે સત્તા છે બીજી, સર્વજ્ઞ સર્વશક્ત,
પણ વસ્તુત: તે સત્તા નથી, તારાથી અતિરિક્ત; ખરૂં૦
તું જાણે તારાથી જૂદો, છે તુજ દુઃખહરનાર,
પણ સાચું કહું તું જ જગતમાં, તારો તારણહાર; ખરૂં૦
તું જાણે પરના સામર્થ્યે, થઇશ તું બલવાન્,
પણ ખરી રીતે તું છે તારૂં, સામર્થ્યાધિષ્ઠાન; ખરૂં૦
તુજને અપ્રાપ્ત મેળવવાને, અન્યાશ્રિત તું થાય;
પણ સ્વાશ્રયી થયા વિણ સાચે, તું નહિ કશું કમાય; ખરૂં૦

બાલકમાં બોલવા ચાલવાની છે શક્તિ ગુપ્ત
તદ્વત્ તુજ હિતકારક સઘળી, શક્તિ તુજમાં સુપ્ત; ખરે૦
તારાથી નથી અન્ય કોઇ પણ સમર્થ કે પરિપૂર્ણ;
તારામાં ધાર્યું કરવાની, સત્તા છે સંપૂર્ણ; ખરે૦
ચિન્તા અને પરાશ્રય છોડી, શોધ તું સ્વરૂપ આજ,
'સર્વ સ્વામિ છું' એવું અનુભવ–શિખરે ચઢીને ગાજ; ખરે૦

મુદ્રામાં વૃત્તિને એકાગ્ર કરનાર સાધકનાં વચન.

પદ. ૨૪ (બ્રહ્માંડભરમાં સભર છું, એ લય.)

ઉંચે ઉંચે નભમંડલે, ભાવનાતણી સહાયે,
વિચરું છું સહસ્રદલમાંહ્યે.
નિશ્ચેષ્ટ થાતાં મનમતિ, કંઈ નૂતન દેખાયે,
અહા ! એ સહસ્રદલમાંહ્યે.
અત્યંત નીરવતા અપરિમિત શાન્તિ રેલાયે,
આનન્દ કોઈ અવનવો ત્યાં સહજ ઉભરાયે; અહા !૦
એ પદ્મમધ્યની કલિકામાં દૃષ્ટિ ખેંચાયે,
ત્યાં શું અપૂર્વ રચ્યું વિલસી, તે તો ન કહેવાયે; અહા !૦
માધુર્યસમ અદૃશ્ય પણ અનુભવથી લહેવાયે,
એ સ્વરૂપ છે કે જીવન છે તે કથ્યું કેમ જાયે; અહા !૦
દૃષ્ટા થવા તદ્રૂપ સહસા ત્યાં આકર્ષાયે,
એકતા અનુભવ ગાનને પછી કોણે કહો ગાયે ! અહા !૦

પ્રમીલા બહેન.

શ્રી ઇષ્ટના અપરિમિત સામર્થ્યનું ભાન કરતી વૃત્તિના બુદ્ધિમતિ વચનો.

પદ ૨૫. (જો જો સખિઓ રહ્યો પેલો, એ લય.)

જો તો સખિ ! ઓ પેલો આવે, વહાલો જે સારા વિશ્વને નચાવે.
નાચ્યા જેનાથી જ્ઞાની, નાચ્યા જેનાથી મુનિ,
હાં રે એ તો ધ્યાનિતણા ધ્યાનને છોડાવે; વહાલો૦
વિષયીને પામરસરીખાને પણ એ તો:
હાં રે લટકામાં સહજે લપટાવે; વહાલો૦

રૂપ રૂપનો એ અંબાર કંદરામાંથી,
હરિ આવી દર્શન શાં દૈવી કરાવે; વહાલો૦
એના પગલે તો ઐશ્વર્યો રેલાયે,
હાં રે એ તો દષ્ટિથી અમૃત ફેલાવે; વહાલો૦
એની વાણીનું કોણ જાદુ જાણી શકે,
હાં રે એ તો સાનમાં રહસ્ય સમજાવે; વહાલો૦
ચાલ સખિ! ચાલ, એના ચરણોમાં લેટવા,
હાં રે આપણ સઉએ અભિન્ન થઇએ હાવે; વહાલો૦

શ્રી જ૦ દેવી૦

પરબ્રહ્મમાં મતિની ગલિતાવસ્થા.

પદ ૨૬ (દરબારી કાનડો.)

નિગલિત થતી મતિ પરબ્રહ્મે.
પરમ અનુભવ અનુભવતી, અનુભવાતીતમાં વિરમે; નિગ૦
જેણે વાસ્તવ પદને અનુભવ્યું, તેને અવાસ્તવ શું ગમે,
ઉત્કૃષ્ટથી પણ પાર ગઇ તે, નિકૃષ્ટે કાં જ રમે; નિગ૦
પ્રકટ થતું આ સકલ અંતમાં, જે અપ્રકટમાંહિ શમે,
તેહ અપ્રકટે સ્વયં ભળતી, મતિ પ્રકટે ક્યાંથી ભ્રમે; નિગ૦
તે અળપાયું, તું અળપાયું, હું પણ જતું અનુક્રમે,
અભેદનું પણ ભાન જતું જ્યાં, ત્યાં કોને કોણ નમે; નિગ૦
વિવેકવિદ્ બની તત્ત્વનિશ્ચયે, ચઢી જે સ્વરૂપસદ્મે,
આજ એ જ મતિ પરમાનન્દે, પ્રવેશતી સ્થિતિ ચરમે;[1] નિગ૦

---

૧ ઉચ્ચમાં ઉચ્ચ અંતિમ દશા.

श्रीभामिनीभूषण

प्रथमालंकार.

તૈયાર છે.

કિંમત રૂ. ૨-૦-૦.

વ્યવસ્થાપક. મહુડાપોળ. વડોદરા.

विज्ञाननी रसिक वार्ताओ.

લે૦ શ્રીયુત છોટાલાલ જીવનલાલ

તૈયાર છે.

વ્યવસ્થાપક. મહુડાપોળ. વડોદરા.